ૐ

॥ ओं नमो भगवते वासुदेवाय ॥

॥ श्री कृष्ण परमात्मानीः ॥

પ્રેમ લક્ષણા ભક્તિ સાર.

દોહન કરી સંગ્રહ કરેલી પ્રસિદ્ધ કર્તા.

સર્વ વૈષ્ણવ ભક્તજનો તથા સકળ સદ્‌ગ્રંથોના દાસનો સેવક.

ભોગીદાસ ગોવરધનદાસ તલાટી—નડીઆદ.

દોહા ભાષા હિંદુસ્તાની.

જડ હું બુદ્ધિ ગરક્માંન અતિ, સિખત સુનત યહ ગ્રંથ,
સમુઝિ પડે સિદ્ધાંત વહ, લહે ભક્તિ હરિ પંથ;
સ્વારથ પરમારથ બને, પાવે સબકો પ્યાર,
નિજ મન નિત્ય રંજન કરે, થોરે મેં ઘનસાર;
પર ઉપકાર સું હરિ પ્રિયે, તાતેં યહ શ્રમ કીન,
પ્રભુ પ્રસંન તજ લખ સુગમ, સુખ હુંઇ દુઃખ અઘ ક્ષીન.

દયારામ.

નડીઆદ—થી "ગુજરાત" પત્ર પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ.
ફુલચંદ બાપુજીએ છાપ્યું.

સંવત ૧૯૬૬ વર્ષે શ્રાવણ વદ. ૮ શ્રીકૃષ્ણ જયંતી.

મુલ્ય રૂ. ૦—૮—૦

ૐ

॥ ओं नमो भगवते वासुदेवाय: ॥

॥ श्री कृष्ण परमात्मानीः ॥

પ્રેમ લક્ષણા ભક્તિ સાર.

દોહન કરી સંગ્રહ કરેલી પ્રસિદ્ધ કર્તા.

સર્વ વૈષ્ણવ ભક્તજનો તથા સકળ સદ્ગૃહસ્થોના દાસનો સેવક.

ભોગીદાસ ગોવરધંનદાસ તલાટી—નડીઆદ.

દોહા સોરઠા હિંદુસ્તાની.

જડ હુ બુદ્ધિ બડમાંન બનિ, સિખત સુનત યહ ગ્રંથ,
સમુઝિ પઢે સિદ્ધાંત વહ, લહે ભક્તિ હરિ પંથ,
સ્વારથ પરમારથ બને, પાવે સબકો પ્યાર,
નિજ મન નિત્ય રંજન કરે, થોરે મેં ઘનસાર,
પર ઉપકાર સુ હરિ પ્રિયે, તાતેં યહ ગ્રંથ કીન,
પ્રભુ પ્રસંન તબ સબ સુગમ, સુખ હુંઇ દુઃખ અવ હીન.

દયારાંમ.

નડીઆદ—ધી "ગુજરાત" પત્ર પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ.
ફુલચંદ બાપુજીએ છાપ્યું.

સંવત ૧૯૬૬ વર્ષે શ્રાવણ વદ. ૮ શ્રીકૃષ્ણ જયંતી.

મુલ્ય રૂ. ૦—૮—૦

Registered under Act xxv of 1867

અર્પણ પત્રિકા.

સદા રાજ્યમાંન રાજેશ્રી ઑનરેબલ સરદાર રાવ બહાદુર દેસાઇજી. પુરૂષોતમદાસ વિહારીદાસ ઉર્ફે દયાસાહેબ તથા સરદાર બહાદુર ગોપાળદાસ વિહારીદાસ ઉર્ફે નાંના સાહેબ.

મુ. નડિયાદ.

વિનંતી કે આપ (મરહુમ શ્રેષ્ઠ ભાઇ હરિદાસ ઉર્ફે રાવસાહેબ તથા મગળદાસ ઉર્ફે આંના સાહેબ તથા બેહેચરદાસ ઉર્ફે માનસાહેબ) પાંચ બંધુ સરદારોની પાંચ પાંડવ માફક ધર્મ, નીતિ, સમવૃત્તિ, સદાચરણ અને રાજ્ય પ્રકરણી કાર્યની કુશળતા સાથે શ્રી વિષ્ણુ સંપ્રદાયના આચાર્ય શ્રીમદ્ વલ્લભ કુળમાં ગુરૂ શ્રી ગોકુળ ચંદ્રમાજીની ગાદીના આચાર્ય પ્રત્યે સહકુટુંબ સહિત પ્રેમ ભક્તિ ભાવ વિગરે મહાન ગુણો આપના પ્રસિદ્ધ છે.


હું અલ્પ બુદ્ધિના સેવકના શ્રીકૃષ્ણ પરમાત્માની સંગ્રહ કરેલી પ્રેમ લક્ષણા ભક્તિ સારનો લઘુ ગ્રંથ અર્પણ કરૂ છું તે અંગીકાર કરશો.

દોહરો.

ગુણનિધિ આ ગુજરાતમાં, (મરહુમ) ભાઉ સાહેબ વિખ્યાત છે;
તેમના પચ્ચ પૂત્ર પાંડવ સમ કાંચે, ઉત્તરોત્તર પ્રખ્યાત છે.

હું છું આપનો સેવક
ભોગીદાસ ગોવરધનદાસ તલાટી.

॥ श्री कृष्ण परमात्माः ॥



कळियुगमां भवतारन श्री कृष्ण परमात्मानी भक्ति करवाने श्री विष्णु संप्रदायना आचार्य श्रीमद् वल्लभ देवायन्मः छप्पानी राह.

श्रीमद् वल्लभ गूरुदत भजन सागर गुन आगर,
कवित नोंख निर्दोष नाथ सेवामें नटवर नागर.
श्रीविठ्ठलेसस्तुत सुहृद श्री गोवरधन धर ध्याइये ॥
श्री गीरिधर जुसरससील श्रीगोविंदजु साथहि ॥
श्रीबालकृष्नजी जसवीर धीर श्रीगोकुल नाथहि ॥
श्रीरघुनाथजी महाराज श्रीजदुनाथजी हिभजी ॥
श्रीघनश्यामजी महाप्रभु अनुरानी सुविनति ॥
ए सात प्रगटाविभु भजन जगतारन तस [illegible] ॥

चरनकमळना दासना निवासनो [illegible]
मे. गीदास गोवरधन. [illegible]

॥ श्री कृष्णायनमः ॥

प्रसादी करवा भेठ

श्री विष्णु स्वामिमतानु वर्त्यखंड भूमंडलाचार्य्यवर्य्य
श्री महाप्रभु श्रीमद् वल्लभाचार्य जगद्गुरुतनुज
श्री गोपीनाथाचार्य्य प्रभु चरण श्री गोस्वामीवर्य्य
श्री विठ्ठलाचार्य जगद्गुरु प्रभु चरण श्री रघुनाथाचार्य
वंशावतंस श्री मत्प्रभु गोविन्दाचार्य्य प्रभु चरण तनुज
श्रीमद् देवकीनन्दनाचार्य महाराज श्री कृष्ण चरण.

छप्पानी राह.

श्रीमद् वल्लभजुके वंसमे गुन निधि श्री देवकीनन्दजी अति ॥
उदधि सदा अक्षोभ सहज सुंदर मतिभाषी ॥
गुरुवर्तन गिरिराज भलपन सबजग साखी ॥
श्री कृष्णजीकी भक्तिभयो वेलादृढताके ॥
जगत तजमताप नामितनरवर पदजाके ॥
निर्व्यलीक आसय उद्धार भजन पुंज्यगिरिधरनरति
श्रीमद् वल्लभजुके वंशमे गुन निधि. श्री देवकीनन्दजी अति.

हुं, छुं.

आपना सेवकोना दासनो दास सेवक भोगीदास गोवरधनदास
तलाटी. मु. नडीयाद.

સુચીપત્ર.

આ પુસ્તકમાં શુદ્ધિ અશુદ્ધિ વિષે પ્રેસમાંથી પ્રફ આવેલા તે સુધારવા મેં મારી બનતી મહેનત કરી સુધારેલાં પણ પ્રેસમાં છેલું છપાતી વખતે કાનો, માત્રા, બેમાત્રા, અનુસ્વાર, રસ્વઉ, ડીગેઉ, રસ્વઇ, દીર્ગઇ તથા કોઇપણ બીજો અક્ષર ભાગ્યાથી ભુલ થઇ હોય તે ભુલ સુધારીને વાંચવા સર્વે સુજ્ઞ સદ્‌ગૃહસ્થોને મારી વિનંતી છે.

દોહરો. લી. લે. પ્ર.

વાંચી ખંતે મન ધરો, ભકત આધિન છે ગોપાલ;
વિનવી કહું પ્રેમથી, ત્રવાડી કનૈયાલાલ.



પ્રસ્તાવના.

ૐ

॥ प्रथ्वि उवाच ॥

॥ न भूम्या पर्वताभारं, नैव्यभारं विहनस्यते ।

॥ विष्णु भक्ति विहनस्य, तस्यभारं सदामम ॥

પૃથ્વિ કહેછે-મારા ઉપરના પર્વતોનો ભાર ખમી શકુ છું તે ભાર લાગતો નથી પણ જે મનુષ્ય વિષ્ણુ ભગવાંનની ભક્તિ કરતું નથી તેનો ભાર મને હમેશાં લાગે છે.

નરસૈ મેહેતાયે કહ્યું છે કે. રાગ પ્રભાત.

નંદનાનંદશું નેહ જેને નહીં, તેરે આનંદ ખર શ્વાન તોલે;
ભૂતળભારકરવાનેએ અવતર્યા, પ્રેતનીપેરે સંસાર ડોલે. નંદના.
દ્રષ્ટિ થકી રુઠો ભોગ એના ગયો, રોગ પડો તેના મૂળ માથે,
જીવતાજનતે રાજમનેજેસરજ્યા, પ્રીત નહિ જેને કૃષ્ણસાથે.
કિર્તિ શ્રીકૃષ્ણની જીભથીનવ ભણી, તેને મુખે દેવરાયતાણું,
ભણેનરસૈયો જેણે કરિને જાણ્યા નહી, તેહનું મુખ મરડે સદાય રાણું.

આપણા પ્રાચીન મહાત્મા ઋષિઓએ જ્ઞાન મેળવવા શાસ્ત્રોના અનેક ગ્રંથો રચેલા છે તેમાં વેદવ્યાસ મુનિયે

કળિયુગમાં શ્રીકૃષ્ણ પરમાત્માના ચરિત્રોનો ભકિત રહસ્ય ગ્રંથ શ્રીમદ્ ભાગવત રચેલું છે અને શ્રીકૃષ્ણ પરમાત્માએ અર્જુનને જ્ઞાન રૂપી અમૃત પાન કરાવેલી શ્રીમદ્ ભગવત ગીતા મ્હાભારત ગ્રંથમાં વિસ્તારેલી તે ટીકાઓ સાથે પ્રસિદ્ધ છે તેમાંના જ્ઞાનનું પાન કેટલાએક મુમુક્ષુઓ અને જ્ઞાનીઓ એકાંત સ્થળોમાં કરે છે. ગૃહસ્થાશ્રમીઆએ કેવી રીતે વર્તવાથી મોક્ષ ગતિ પામે તે વિષે શ્રીમદ્ ભાગવતના અગીઆરમા સ્કંધમાં વિસ્તાર પુર્વક બતાવેલુ છે તેમાંના દાખલા તરીકે પાંચમા અધ્યાયમાં નિમિરાજાના પુછવાથી કરભાજન નાંમના યોગેશ્વરે કહ્યું છે કે ગુણને જાણનાર અને ભકિતસારના ગ્રહણકરનારા મ્હાત્મા પુરૂષો ચારે યુગમાં કળિયુગને વખાંણે છે કારણ કે શ્રીમધુસૂદન ભગવાંન સત્યયુગમાં ધ્યાંનથી, ત્રેતાયુગમાં યજ્ઞો કર્યાથી, અને દ્વાપરયુગમાં પૂજન કરવાથી મનુષ્યોને જે ફળ પ્રાપ્ત થતુ, તે સઘળું ફળ કળિયુગમાં શ્રીકૃષ્ણ પરમાત્માની દૃઢ મનથી પ્રેમ ભકિત કરવાથી અને ભકિતનાં કીર્તન કરવાથી મનુષ્યોને મળે છે, અને તેથીં પરમ શાંતી મળે છે, પ્રેમભકિતનુ જ્ઞાન થયા સીવાય બીજુ એકે સાધન નથી. તે સમજવાનુ પોતપોતાના મનોભાવ ઉપર છે.

સદ્ગુરૂ અને મ્હાત્માઓનો હેવાંશિ સમાગમ નિત્યનિયમથી કરવાથી તેમના જ્ઞાની મનના ઉદારપણાની અસર

થોડીઘણી આવ્યાવગર રહેજ નહિ, કેમકે જ્ઞાની મ્હાત્માઓની શુક અને કર્ણી સદા શ્રીહરિકૃષ્ણ પરમાત્માની મનોવૃત્તિમાં હોય, તેથી એમની મનોવૃત્તિથીજ મન સુધરે અને ભક્તિભાવ થાય.

ભર્તૃહરિયે કહ્યુ છે કેઃ—

जाड्यं धियोहरति सचंति वाचिसत्यं ।
मानोन्नतिं दिशति पापमपा करोति ॥
चितं प्रसाद यतिदिक्षु तनोति किर्ति ।
सत्संगति कथयकिं न करोतिपुसां ॥

અર્થ—મનની જડતા (મુર્ખતા) નાશ પામીને શુધ્ધ બુધ્ધિ પ્રાપ્ત થાયછે, અને સત્યભાષણ બોલવાની ટેવપડે, અને પાપ કર્મથી દુર રહેવાયછે, અને ઊચીપદ્ધિ પામી માનપ્રતિષ્ઠા પ્રાપ્ત થાયછે, અને ચિંતા નાશ પામી અહોનિશ પ્રસન્ન રહેવાય છે, અને સર્વત્રયશ ફેલાયછે, એપ્રકારે સતસંગવડે સર્વે અપેક્ષા પરીપુર્ણ થાયછે.

શ્રી કૃષ્ણ પરમાત્માની ભક્તિ કેવા મનોભાવથી કરવી તેવિષે શ્રી ગીતાજીમાં અર્જુનને જ્ઞાન કહ્યું છે કેઃ—

संकल्पप्रभवान्कामांस्त्यक्त्वा सर्वानशेषतः ।
मनसैवेंद्रियग्रामं विनियम्य समंततः ॥

સંકલ્પથી ઉત્પન્ન થતી કામના માત્રને ત્યજીને અને ઈંદ્રિય સમૂહને મનથીજ સર્વ રીતે કબજે કરી.

यतो यतो निश्चरति मनश्चञ्चलमस्थिरम् ।
ततस्ततो नियम्यैतदात्मन्येव वशं नयेत् ॥

ચંચળ અને અસ્થિર મન જ્યાંથી જ્યાંથી ચલાયમાન થાય ત્યાંથી ત્યાંથી (સાધકે) નિયમન કરી [પાછું વાળી] આત્માને વશ કરવું.

ये हि संस्पर्शजा भोगा दुःखयोनय एव ते ।
आद्यन्तवन्तः कौन्तेय न तेषु रमते बुधः ॥

જે ઇંદ્રિય જન્ય સુખ ભોગ છે, તે દુઃખ ઉત્પાદક છે, તે આદિ અને અન્તવાળા છે. તેમાં બુદ્ધિમાન રમતો નથી.

शक्नोतीहैव यः सोढुं प्राक्शरीरविमोक्षणात् ।
कामक्रोधोद्भवं वेगं स युक्तः स सुखी नरः ॥

શરીર છુટતાં પહેલાં, જે અહીંઆંજ કામ ક્રોધના વેગને સહન કરી શકે છે તેજ યુક્ત છે, સુખી છે અને નર (પુરૂષાર્થ સાધક પુરૂષ) છે.

अन्तकाले च मामेव स्मरन्मुक्त्वा कलेवरम् ।
यः प्रयाति स मद्भावं याति नास्त्यत्र संशयः ॥

અંતકાળે મનેજ સંભારતો જે [આ] દેહ છોડે છે મારા ભાવને પામે છે, એમાં (કંઇજ) સંશય નથી.

पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति। ।
तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥

જે [પુરૂષ] ભકિતથી મને પત્ર, ફુલ, ફળ, અને જળ અર્પે છે, તે હું નિર્મળ મન વાળા [પુરૂષ] નું ભકિત પુર્વક, અર્પેલું આરોગું છું.

ટીકા—વેદ માર્ગમાં ભગવાંન અભોકતા છતાં ભકિત માર્ગમાં ભોકતા હોવાથી, ભકત ભાવ વડે યતિકંચિત્ જે ભોગ ધરાવે છે તે અંગીકાર કરે છે. ભાવ રહિત અને કુદ્રાદિથી તૃપ્ત થતા નથી.

समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योस्ति न प्रियः ।
ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् ॥

હું સર્વ ભૂતોમાં સમાન છું, મને કોઇ વહાલું અળખામણું નથી. જે મને ભકિત પૂર્વક ભજે છે તે મારામાં છે અને હું તેમનામાં છું (શુદ્ધ ભાવ વાળા ભકતોથી હું જરા પણ દુર નથી.)

ગુરૂ વગર જ્ઞાન નહિ પ્રેમ વગર ભકિત નહિ એ કહેવત લક્ષમાં રાખી થી કૃષ્ણ પરમાત્માની ભકિત મનુષ્ય

દેહ વગર થવાની નથી માટે સંસાર સાગરના પ્રવૃતિ કર્મમાંથી નિત્ય નિયમે નિવૃતિ કર્મમાં દ્રઢ મન રાખી ભક્તિ કરવી એજ મનુષ્ય દેહનું સાર્થક છે.

નરસે મેહેતાયે કહ્યું છે કે. રાગ પ્રભાત.

રાત રહે જાહરે પાછલી ખટઘડી, સાધુ પુરૂષે સુઇન રહેવું;
નિંદ્રાનેપરહરીસમરવાશ્રીહરી, એકતું અંકતું એમ કહેવું. રાત.
જોગિયાહોયતેણેજોગ સંભારવા, ભોગિયાહોય તેણેભોગ તજવા;
વેદિયાહોયતેણે વેદવીચારવા, વૈષ્ણવહોયતેણે કૃષ્ણભજવા. રાત.
સુકવિ હોય તેણે સદગ્રંથબાંધવા, દાતારહોયતેણે દાનકરવું;
પતિવ્રતનારિયેકંથનેપૂજવું, કંથ કહે તેતોચિત્તધરવું. રાત.
આપણેઆપણાધર્મ સંભાળવા, કર્મનોમારગ લેવો વિચારી;
નરસૈનારવામિનેસ્નેહથીસમરતાં, ફરીનઅવતરેનરનેનારી. રાત.

કૃષ્ણ કિર્તન વિના નરસદા સૂતકી, વિમળકીધેવપુશુદ્ધનથાય;
સકળતીરથશ્રીકૃષ્ણકિર્તનકથા, હરિતણ દાસજ્યાં હેતેગાય. કૃષ્ણ.
પુરણ પુરૂષે સમ નવર્ઝ રંગીતજી, અન્ય દેવે જેનુ મન મોહે;
કોટિ ચિંતામણીકામધેનુ તજી, મહિષિનાપુત્રનું દુધદોહે; કૃષ્ણ.
ગર્ગ જોશી જશ ગાય જેનો સદા, નારદ નામ મુખથી ન મૂકે;
તેબ્રહ્મ દ્વાર આવીનેઉભારહ્યા, ગોપિકા આમજોવાનેકુકે. કૃષ્ણ.

અજભવસુરપતીસ્વપ્નેપેખેનહીં, નેતિનેતિ કહી નિગમ વાણે;
નરસૈયોરંકજશગાઈનેરીઝવે,સહસ્ત્ર મુખે શેષપારનપામે. કૃષ્ણ.

વૈષ્ણવ જનને વિષયથી ટળવું, ગળવું માંહિથી મનરે;
ઇંદ્રીઓ કોઇ અપવાદ કરે નહિ, તેનેકહિયે વૈષ્ણવજનરે. વૈ.
કૃષ્ણ કૃષ્ણ કહેતાં કંઠજ સુકે, તોય ન મુકે નિજ નામરે;
શ્વાસો શ્વાસે સમરે શ્રી હરિ, કહિયેન વ્યાપે કામર. વૈ.
અંતર વૃતિ અખંડ રાખે, ધરે શ્રી કૃષ્ણનું ધ્યાનરે;
વ્રજવાસીની લીલા ઉપાસી, બીજું શુણે નહિ કાનરે. વૈ.
જગશુંતોડયારે જોડાય પ્રભુશું, જગશુંજોડેતો પ્રભુશુંત્રુટીરે;
તેને કોઇ વૈષ્ણવ નવ કહેસો, જમડા લેઇજાસે કુટીરે. વૈ.
કૃષ્ણ વિનાકાંઇ અન્યન દેખે, જેની વૃત્તિછે કૃષ્ણ આકારરે;
વૈષ્ણવ કહાવેને વિષય નેજાચે, તેને વારં વાર ધિક્કારરે. વૈ.
વૈષ્ણવનેતો શ્રીવલ્લભ લાગશે, દેહીને લાગશે કાચુરે;
નરસૈયાના સ્વામીને લંપટ, નહિ ગમે શોભાગે સાચુરે. વૈ.

શ્રી ગુરૂદેવ શ્રી વલ્લભજી મહારાજ સમક્ષ, શ્રી ગો-
વિંદલાલજી મહારાજ અને મહારી ... વર્ષની વયે

આ સંબંધનો ગુરૂ મંત્ર જપ કરવા પ્રેરણા કરી ત્યારથી પ્રભુ કૃિપાયે મારૂં મન સ્ફુરેથી, પ્રવૃત્તિ કર્મમાં સમય સુચક વખત ગાળી, મારી અલ્પ બુદ્ધિ પ્રમાણે ભક્તિનું રહસ્ય સંગ્રહ કરી મહારા સ્વહસ્તે લખેલું પુસ્તક પઠન પાઠ કરૂં છું. તે હાલ મારી ૭૦ વર્ષની વૃદ્ધાવસ્થા થયે મહારા અંતઃકરણમાં પ્રેરણા થયે તથા કેટલાક વૈષ્ણવ સદ્‌ગ્રહસ્થોના સુચવવાથી છપાવી પ્રસિદ્ધ કરૂં છું, તેમાં મહારા અલ્પ બુદ્ધિનો દોષ જણાય તો તે ક્ષમા માગુ છું.

દોહરો.

વિક્રમ અષાડ અરૂણું ..., જન્મ અષાઢી સુદ ...,
ગુરૂ શ્રી ગોવિંદલાલજી તણો, મંત્ર ઉપદેશનો મહિમા ઘણો;
પ્રભુ કૃિપાએ થાય સર્વ સારૂં, શ્રીકૃષ્ણ ભક્તિમાં સદા મન મારૂં,
હું છુ સર્વના દાસનો દાસ, નિયમધારી છું ભોગીદાસ.

છપ્પો.

પ્રેમ ભક્તિની વાત પ્રેમથી ભાનજ ભુલે,
પ્રેમ રસમાં મસ્ત પ્રેમથી મનમાં ફુલે;
પ્રેમ ધર્યો વ્રજ નાર ઉપમા જેની આપે,

પ્રેમ સમેં પ્રેહલાદ સ્થંભથી નિકળ્યા આપે;
શ્રી કૃષ્ણ ભકિત પ્રેમ વિના અધિક કોઈ એકે નથી,
સંસાર સુખ સ્વપ્ન તુલ્ય છે ભોગીદાસ વિનવી કહું કથી.

નામદાર બ્રિટીશ રાજ્યની ભરત ખંડમાં સ્થાપના થઈ ત્યારથી પોત પોતાના ધર્મ પાળવા વિષે શ્રી રામ રાજ્યની છાયા જોતાં તે પ્રમાણે પોતાના ધર્મના ઇષ્ટદેવનું ભજન કિર્તન કરતાં કોઈ પણ જાતની હરકત નથી તે વિષે નામદાર બ્રિટીશ રાજ્યમાં કાયદા કાનુનોમાં કોઈનું મન ધર્મ સબંધી દુભાય નહી તે રીતે જે મનુષ્ય એવું કૃત્ય કરે તેને સખત શિક્ષા ફરમાવેલી છે નામદાર બ્રિટીશ રાજ્ય પહેલાં થઈ ગયેલા કેટલાક યવન રાજાઓની વખતમાં ધર્મ સબંધી ઝનુનો માં ઘણા જનોની ઘાતો થયેલી ઇતિહાસોથી સર્વેના જાણવામાં છે. તેવું નામદાર બ્રિટીશ રાજ્યમાં નથી માટે ધર્મ વિષે વાદવિવાદ નહિ કરતાં પોતપોતાનો ધર્મ સાચવીને પાળવો એ મનુષ્ય દેહનું કર્તવ્ય છે.

નામદાર બ્રિટીશ રાજ્યમાં શ્રીરામ રાજ્ય માફક આપણે સર્વ સુખશાન્તી ભોગવીયે છીયે તેથી આપણા ભરતખંડમાં અખંડરાજ્ય રહે તે માટે ઈશ્વર પ્રત્યે પ્રાર્થના કરવા વિનંતી છે.

આ ગ્રંથમાં ભક્તિ સ્તોત્ર પાંડવ ગીતા સંસ્કૃતની ગુજરાતી ટીકા લખાવવા શ્રી વિષ્ણુ સંપ્રદાયના વિદ્વાન શાસ્ત્રી ભિખુલાલ ધનજીભાઇયે મદદ આપી તથા વિષ્ણુ સંપ્રદાયના શાસ્ત્રોના કેટલાક દાખલા બતાવેલા તે દાખલ કર્યા છે તે વિષે તેમનો ઘણો આભાર માનું છું.

આપણા ભરત ખંડનો ઉદય કરનાર શ્રી કૃષ્ણ પરમાત્માની ભક્તિ, ધર્મ, સદાચરણ અને જ્ઞાન થવાની સર્વ મનુષ્યોને બુદ્ધિ આપો એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના પુર્વક આ પ્રસ્તાવના સમાપ્ત થાય છે.

હું છું સર્વના દાસનો દાસ
ભોગીદાસ ગોવરધનદાસ તલાટી.

નડીઆદના મરહુમ રાવ બહાદુર દેસાઇજી. વિહારીદાસ અજુભાઈ ઉર્ફે ભાઉસાહેબના સ્વસ્થાનનો માજી કારભારી

શ્રીવિષ્ણુ સંપ્રદાયના આચાર્ય શ્રીમદ્‌વલ્લભાચાર્યજીના પ્રાગટયનું અને તેમના બીજા પુત્ર શ્રી વિઠ્ઠલનાથજી જેમનું ઉપ નાંમ શ્રી ગુંસાઇજીના વંશની સપ્ત ગાદી ના વારસ પુત્રોના જન્મોનું વૃતાંત.

શ્રી કૃષ્ણ ભગવાને શ્રી ગીતાજીમાં અર્જુન પ્રત્યે ચોથા અધ્યાયમાં કહ્યું છે કે-

यदायदा हि धर्मस्य ग्लानिर्भवाति भारत ॥
अभ्युत्थांनमधर्मस्य तदात्मानं सृजामहम ॥

જ્યારેજ્યારે ધર્મની ગ્લાનિ (ક્ષીણુતા) થાય છે, અધર્મનું જોર વધે છે, ત્યારે હું અવતાર ધારણ કરૂંછું.

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय सभंवामि युगेयुगे ॥

સાધુઓનું સંરક્ષણ કરવા, દુષ્ટોના વિનાશ કરવા તથા ધર્મનું સારી રીતે સ્થાપન કરવા માટે હું યુગેયુગે

સંભવું (અવતાર લઉં) છું.

अजोपि सन्नव्ययात्मा भूतानामीश्वरोपिसन्
प्रकृतिं स्वामाधिष्ठाय संभवाम्यात्ममायया ॥

હું અજન્મા, અવ્યયાત્મા (અવિકારી) અને ભૂત (પ્રાણી) માત્રનો ઇશ્વર છતાં મારી પ્રકૃતિ (કારણ ભૂત શક્તિ) નું અધિષ્ઠાન (અવલંબન) લઇને મારી માયા-થીજ સર્વ (ભવન સામર્થ્યજ) સંભવું (અવતરૂં છું.)

શ્રીમદ્‌વલ્લભાચાર્યજીના પિતા શ્રી લક્ષ્મણ ભટ્ટજી વિદ્વાન તૈલંગ બ્રાહ્મણ દક્ષિણ દેશમાં આવેલા કાકરબંભ ગામમાં રહેતા હતા, તે લક્ષ્મણ ભટ્ટજીએ સોમયજ્ઞ કરીને દિક્ષિત પદવી મેળવી હતી. અને અગ્નિહોત્રનો હોમ તથા બીજાં નિત્યકર્મ કરતા હતા. ભટ્ટજી મહારાજ તથા તેમનાં ધર્મ પત્ની (ઇલમાગારૂ) પવિત્ર સ્થળ કાશીમાં આવિ, ત્યાં સોમ યજ્ઞ કરેલાની ભીખ બ્રહ્મચારી, સન્યાસી અને બ્રાહ્મણોને ભોજન કરાવિ નિવાસ કરેલો. પવિત્ર સ્થળ કાશીમાં ઘણા દીવસ મુકામ રાખી રહેલા ત્યાં દેવી ઇલમાગારૂયે શ્રીપૂરૂષો ત્તમના અંસરૂપ ગર્ભ ધારણ કર્યો તે ગર્ભનો પ્રસવકાળ સમીપ આવ્યો એટલામાં કાશીના રાજા ઉપર યવનો ચઢી આવે છે એવા સમાચાર સાંભળીને ભટ્ટજી મહારાજ તથા

ધર્મ પત્ની ઈલ્લમાગારૂપે કાશીમાં રહેવું યોગ્ય ના લાગ્યાથી ત્યાંથી નીકળી ચંપારણ્યમાં આવ્યાં તે ચંપારણ્યમાં પુત્રનો જન્મ થયો, તે પુત્ર શ્રીમદ્‌વલ્લભાચાર્યજી વિક્રમ સવત ૧૫૩૫ ના વૈશાક વદ ૧૧ (ગુજરાતી ચઈતર વદ ૧૧) રવિવારે મધ્યાહ્‌ને પ્રગટ થયા હતા. યોગ્ય વય થયે પવિત્ર સ્થળ કાશીમાં આવી પિતા શ્રી લક્ષ્મણ ભટ્ટજીની આજ્ઞા અનુસાર માધવાનંદ સરસ્વતી ત્રિદંડી સન્યાસી પાસેથી વિદ્યાભ્યાસ કરી અલ્પ સમયમાં છ શાસ્ત્રો, વેદ, વ્યાકરણ, ન્યાય, મીમાંસા, સાંખ્ય વિગેરેનો અભ્યાસ કર્યા પછી ગુરૂને પ્રણામ કરી આજ્ઞા લઈને પિતાજીની પાસે આવ્યા કાશીમાં ધર્માચાર્યો તથા શાસ્ત્રીઓ સાથે શ્રીમદ્‌વલ્લભાચાર્યજી શસ્ત્ર ચર્ચા કરીને શુદ્ધાદ્વૈત સિદ્ધાંત શ્રી વિષ્ણુની ભક્તિ સ્થાપન કરતા હતા. તેમણે શ્રી વિશ્વનાથના મંદીરના દ્વાર ઉપર એક વાદ પત્ર ચોટાડયો; જે હાલ પત્રાવલંબનના નામથી પ્રખ્યાત છે. આ વાદ પત્ર વાંચીને તત્ત્વ વેત્તાઓ તથા વિદ્વાનો ઘણા પ્રસન્ન થયા પણ બીજા બહિર્મુખો ઈર્ષ્યાથી ખિન્ન થયા તેમણે શ્રી વલ્લભાચાર્યજીની સાથે વૈર બાંધ્યુ તેથી શ્રી લક્ષ્મણ ભટ્ટજીએ કાશીમાં વધારે દિવસ રહેવું યોગ્ય નથી એવો વિચાર કરી શ્રીમદ્‌વલ્લભાચાર્યજી વિગેરે પોતાના પરિવાર સાથે પોતાના દેશ તરફ

જવા કાશીમાંથી નિકળ્યા.

રસ્તામાં જેજે તીર્થો નગરો અને ગામોં આવતાં ત્યાંત્યાં નિવાસ કરતા હતા, અને ત્યાં શ્રીમદ્વલ્લભાચાર્યજી વિદ્વાનોનો સમાગમ કરી ભકિત માર્ગનો બોધ કરતા કરતા શ્રી બાલાજીમાં આવ્યા, ત્યાં શ્રી લક્ષ્મણ ભટ્ટજી પરલોક વાસી થયા તેથી ત્યાં રહી તેમની ઉત્તર ક્રિયા શાસ્ત્ર વિધી પ્રમાણે કરી ત્યાંથી નિકળી વિદ્યાનગરમાં પોતાના મામા વિદ્યાભુષણ રહેતા હતા તેમને ત્યાં આવિ રહ્યા, આ સમય માં વિદ્યાનગરના રાજા શ્રી કૃષ્ણદેવ હતા તે કૃષ્ણદેવ રાજા એ વેદ પ્રતપાદિત કયો સંપ્રદાય છે અને કયો સંપ્રદાય સંસારમાંથી ઉદ્ધાર કર્તા છે તેનો નિર્ણય" કરાવવા વિદ્વાનો ની તથા સંપ્રદાયોના આચાર્યોને આમંત્રણ કરી મોટી સભા કરેલી, તે સભામાં વેદ પ્રતપાદિત ચાર સંપ્રદાયના આચાર્યો માં જે પ્રથમ બિષ્નુસ્વામી બતાવ્યા છે તે દ્રવિડદેશ નિવાસી શ્રી વિષ્ણુ સ્વામીને શ્રી શુકદેવજીયે મંત્રોપદેશ કરીને ભકિત માર્ગના આચાર્ય વિક્રમ સંવત પહેલાં નીમ્યા હતા; તે વિષ્ણુસ્વામીયે મહાયોગી બિલ્વ મંગળને મંત્રો પદેશ આપીને આચાર્ય નીમ્યા હતા. બિલ્વમંગળ આચાર્યે કેટલાએક વર્ષ સૂધી યોગદ્વારા પૃથ્વિ ઊપર રહ્યા હતા. તેમના પછી એ સ્થાને વિષ્ણુ સ્વામી સંપ્રદાયના કોઈ

આચાર્ય થયા નહતા. તેથી શ્રીવિષ્ણુ સ્વામીની વૈષ્ણવ સંપ્ર દાયની ગાદી ખાલી હતી માટે તે આચાર્ય સીવાય સભામાં રામાનુજ સંપ્રદાયના આચાર્ય હનુમતાચાર્ય અને માધ્વ મતના વ્યાસાચાર્ય, અને નિબાર્કમતના કેશવ ભટ્ટ અને શંકરાચાર્ય મતના વિજ્ઞાનંદગિરી, વિગેરે વિદ્વાનો આવેલા તેમાં શ્રીમદ્‌વલ્લભાચાર્યજી વિદ્વાન તરીકે આવેલા તે સભામાં સર્વે વિદ્વાનોનો અને ધર્મ પધ્ધિના આચાર્યોનો પરસ્પર ભારે વાદ થયેલો, તેમાં શ્રીમદ્‌વલ્લભાચાર્યજીયે સર્વ વિદ્વાનો અને ધર્માચાર્યો સમક્ષ માયા વાદ, તેમજ કેટલાયેક ભેદ વાદનું વેદના મંત્રોથી તથા પુરાણ શાસ્ત્રોથી તથા શ્રીમદ્ ભાગવતના મંત્રો વિગેરે દાખલા બતાવિ ખંડનમંડન કરી નેશુદ્ધાદ્વૈત સિદ્ધાંત વૈષ્ણવિ સંપ્રદાય પુષ્ટિરૂપ શ્રી વિષ્ણુની ભક્તિ કરવાનો માર્ગ સિદ્ધ કર્યો.

શ્રી કૃષ્ણદેવ રાજા પ્રસન થઇ શ્રી વિષ્ણુ સ્વામીની ગાદીના સેવક થઇ જે વિષ્ણુ સ્વામીના આચાર્યની ગાદી ખાલી હતી તે ગાદીના સિંહાસન ઉપર શ્રીમદ્‌વલ્લભાચાર્ય જીને સ્થાપ્યાથી બિરાજ્યા અને તેમને ધર્મ સંપ્રદાયના આવેલા સર્વે આચાર્યોયે તિલક કરી શ્રી વિષ્ણું સ્વામીની ગાદીયે આચાર્ય સ્થાપ્યા.

વિદ્યા નગરમાં શ્રીમદ્ વલ્લભાચાર્યજીયે પોતાના

મામા વિદ્યાભૂષણને ઘેર પોતાનાં માતુશ્રી ઇલ્લમાગારૂને મુકી તેમની તથા પોતાના મામા વિદ્યાભૂષણની આજ્ઞા લેઈ ભરતખંડમાં પૃથ્વિ પ્રદક્ષિણા કરવાનો આરંભ કર્યો હતો, પૃથ્વિ પ્રદક્ષિણા બાર વરસમાં બે વખત ફરીને કરી હતી, અને પોતાની ત્રીસ વરસની વયમાં ત્રીજી વખત કરી જ્યાં જ્યાં મુકામ કરતા ત્યાં ત્યાં શ્રીમદ્ ભાગવતનું પારાયણ તથા શાસ્ત્ર ચર્ચા કરી શુદ્ધાદ્વૈત સિદ્ધાંત વૈષ્ણવિસંપ્રદાય પુષ્ટિરૂપ ભકિત માર્ગ સ્થાપિત કરતા હતા.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીયે જ્યાં જ્યાં મુકામ કરેલા તે તે સ્થળે શ્રી આચાર્યજી મહાપ્રભુજીની બેઠકો વૈષ્ણવોયે બંધાવેલી પ્રસિદ્ધ છે. એમના પોતાના વખતમાં મુખ્ય વૈષ્ણવો ૮૪ હતા તે ચોરાશી વૈષ્ણવોનુ ઘોળ આ ગ્રંથમાં વાંચવામાં આવશે. અને બીજા ઘણા વૈષ્ણવો દેશાંતરમાં સેવક થયેલા તેમના વંશના હાલ સુધિ સેવકો પ્રસિદ્ધ છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજી પોતાની ત્રીશ વર્ષની વય સુધી બ્રહ્મચારી ફરતા હતા. પછી બ્રહ્મચર્ય વ્રતનુ સમાવર્તન કરીને ગૃહસ્થ ધર્મ કરવાનો વિચાર ઇશ્વર ઇચ્છાયે થયેથી, પવીત્ર સ્થળ કાશીમાં આવી પોતાની જ્ઞાતિના મધુમંગળની પુત્રી મહાલક્ષ્મી સાથે શાસ્ત્ર વિધિથી લગ્ન કરી પ્રયાગની પરોશમાં આવેલા અડેલ ગામમાં નિવાસ કર્યો હતો,

ત્યાં ગૃહસ્થ ધર્મ શાસ્ત્રયુક્ત સેવેલો આ સ્થળમાં ધર્મ પ ત્ની મહાલક્ષ્મી સગર્ભાથયાં તે ગર્ભનો પ્રસવકાળ સમીપ આવે સંવત ૧૫૬૮ ના ભાદરવા વદ ૧૦ ના દિવસે ગો- પીનાથ નામના પુત્રનો જન્મ થયો, ત્રણ વર્ષ પછી ફરી ધર્મ પત્ની મહાલક્ષ્મી બીજી વાર સગર્ભા થયા પછી, શ્રીમદ્ વલ્લભાચાર્યજી પોતાના પરિવાર સાથે કાશીની નિ કટ ચરણાદ્રિ પર્વત ઉપર જઈને નિવાસ કર્યો હતો આ પર્વત ઉપર શ્રી કૃષ્ણ ભગવાને પોતાનો કૃષ્ણાઅવતાર વ- ખતમાં ચરણ ધરવાથી, તે વખતથી ચરણાદ્રિ પર્વત નામ કહેવાય છે. ત્યાં ધર્મ પત્ની મહાલક્ષ્મીને પ્રસવકાળ સમી પ આવે સંવત ૧૫૭૨ ના પોષ વદ ૯ ને દિવસે શ્રી વિઠ્ઠલનાથજી જેઓનુ ઉપનામ શ્રી ગોસાઇજીછે તેઓનો જન્મ થયો હતો.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીયે બંને પુત્ર શ્રી ગોપીનાથ ત થા શ્રી વિઠ્ઠલનાથને યોગ્ય વય થયે ઉપનયન સંસ્કાર કરી ને વિદ્યાભ્યાસ કરાવવા, વિદ્વાન સંન્યાસીને સોંપ્યા પછી પોતાની ૫૧ એકાવન વર્ષની વય થયે ઇચ્છા થઈ કે હવે સંન્યાસ લેઇ બ્રહ્મચારી વૃત પ્રથમ હતુ તેવુ પાળી સંસા રમાંથી ઉપરામ થવુ. અને એકાંત સ્થળમાં શ્રી હરિનુ સ્મ

રણુ સ્રી ભક્તિ કરવી, આવો વિચાર પોતાના મનનો દ્રઢ નિશ્ચય કરી સંન્યાસ લેઇ ગૈરિક વસ્ત્ર ધારણ કરી પવિત્ર સ્થળ કાશીમાં શ્રી ગંગાજીના ત્રટ ઉપર શ્રી હનુમાન ઘાટ માં નિવાસ કર્યો. ત્યાં કેટલાએક સંન્યાસીઓને સંન્યાસ નુ સત્ય સ્વરૂપ કેવું છે તે દર્શાવિઆપ્યુ હતું. અને પછી પોતે મૌનવૃત ધારણ કરી એકાગ્રહ ચિંતનથી શ્રી કૃષ્ણ પરમાત્માના સ્વરૂપમાં લિંન થયેલા. ત્યાં શ્રી ગોપીનાથ તથા શ્રી વિઠુલનાથ બંનેએ આવી બે હાથ જોડી વિનંતી કરવાથી, પોતે મૌનવૃત ધારણ કરેલું તેથી તેઓએ તેમને મંત્રોપદેશલખી આપી રજા આપી વિદાય કર્યા. પછી ચાળીશમે દિવસે મધ્યાંન સમયે પરલોકમાં પધાર્યા. (સંવત ૧૫૮૯) શ્રીમદ્ વલ્લભાચાર્યજીયે પોતે શાસ્ત્ર યુક્ત ગ્રંથો રચેલાની ટીપ નીચે દાખલ કરી છે તે ગ્રંથો અને શ્રીમદ્ ભાગવત તથા શ્રી ગીતાજીનુ શ્રવણ તથા મનનશ્રી ગુરૂદ્વારથી તથા સતસમાગમથી કરવુ જોઇયે કેમકે ગુરૂ વગર જ્ઞાનનો ઉપદેશ થતો નથી.

શ્રી ગોપીનાથના પુત્ર શ્રી પુરૂષોત્તમજી અપ્રજ હતા માટે તેમનો વંશ બંધ પડયો છે. અને શ્રી વિઠુલનાથજી જેમનુ ઉપ નામ શ્રીગુશાઇજી તેમને સાત પુત્રો હતા, તે સાત પુત્રોને દાય ભાગમાં સાતસેવ્ય સ્વરૂપની સેવા કરવા.

અનુક્રમે વારસામાં મળેલી, તેથી પૂષ્ટિરૂપ ભકિત માર્ગના આચાર્યની સાત ગાદીઓ છે. તે સાત પુત્રોનાં નામ તથા તેમને સેવ્ય સ્વરૂપ મળેલા વિષે શ્રી વલ્લભી સંપ્રદાના વૈષ્ણવ ભકત કવિ દયારાંમે હિંદુસ્થાની ભાષામાં કહ્યું છે કે

દોહા. સાત પુત્રો

શ્રી ગિરિધર, ગોવિંદ, શ્રી બાલકૃષ્ણ સુખધામ,
શ્રી ગોકુલપતિ, રઘુપતિ, યદુપતિ; શ્રીઘનસ્યામ

સાતસેવ્યસ્વરૂપ. અરિલ

શ્રી મથુરાધીપ, વિઠ્ઠલેશ, દ્વારિકાનાથજ્યું.
શ્રી ગોકુલેશ, શ્રીગોકુલ, ચંદ્રમાસાથજ્યુ;
શ્રી મદનમોહન, બાલકૃષ્નઠાકરજીને,
શ્રી ગિરિધરાદિ, સત બાલકક્રમસેવ્યગણાંને;
મથુરાનાથકી ગોદકે શ્રી નટવર જ્યુ જાનિયે,
શ્રી નવનિત પ્રિયજુદયા શ્રીપ્રભુ જીઉંત્સંગમાંનિયે.

સાત સ્વરૂપકે આષ્ટદર્શ નામ

મગલારની દરસ, દરસ શુંગારહે.
ગ્વાલદરસપુનિ રાજભોગ સુખસારહે;

ઉત્થાપનભોગરૂ સંધ્યાદરસહે,

સેનસકરિહરિદરસ કૃષ્ણ છગિ સરસહે.

સર્વથી વડા પુત્ર શ્રી ગિરિધરજી સંવત ૧૫૧૭ ના કર્તિક સુદ ૧૨ ના દિવસે જનમ્યા હતા, તેમને મુખ્ય ગાદી શ્રી નાથજીની સેવાનુ શ્રી ગિરિરાજ ઉપરનુ મંદિર તથા શ્રી નવનીતલાલજીનુ સ્વરૂપ મળ્યું હતું. અને તે સેવા કરતા હતા તે મંદિરનો અપૂર્વ મહિમા તથા સંપત્તિ સાંભળી, તે વખતે દીલ્લીના સિંહાસન ઉપર ઔરંગજેબ બાદશાહ હતા, તેમની જુલમી કીર્તિ ઇતીહાસોથી સર્વેના જાંણુવામાં છે. તે ઔરંગજેબે શ્રી નાથજીનુ મંદિર કબજે કરવા યવન સરદારોના હાથ નીચે યવનોના લશ્કરનું સૈન્ય સંવત ૧૭૨૬ માં મોકલેલું, તે લશ્કર આવવાના સમાચારની ખબર પ્રથમ મળેલી તેથી શ્રી ગિરિધરલાલજી વિગેરે તથા કેટલાક વ્રજવાસીઓએ ગુપ્ત રીતે લશ્કર આવિ પોહચતા પહેલાં, શ્રી નાથજીની મૂર્તિને અને શ્રી નવનીતલાલજીની મૂર્તિને લઇને આડે માર્ગે ચાલતા થયેલા. ત્યાંથી જુદાં જુદા ગાંમોમાં મુકામ કરતા કરતા જયાં યવનોનો ભય ન થાય તેવા મેવાડના રાણાના રાજયની હદમાં સિહાડ નામના પહાડી ગાંમમાં મુકામ કરી ત્યાં શ્રીનાથજીની તથા શ્રી નવનીતલાલજીની મૂર્તિઓ એક છાપરા નિચે

પધરાવિ નિવાસ કરી રહેલા જે છાપરા નિચે શ્રી નાથજીની મૂર્તિ પધરાવેલી તેજ છાપરા નિચે અદ્યાપી સુધી કાયમ છે. ને સિહાડને બદલે શ્રી નાથદ્વાર નાંમ હાલમાં કહેવામાં આવે છે.

બીજા પુત્ર શ્રી ગોવિંદરાયજી સંવત ૧૬૦૦ ના માગશીર વદ ૮ ને વિસસે જન્મ્યા હતા. તેમને શ્રી વિઠ્ઠલેશરાયજીનું સ્વરૂપ સેવા કર્વા મળ્યું હતું તે સ્વરૂપની તેમના વંશ સેવા કરે છે.

ત્રીજા પુત્ર શ્રી બાળકૃષ્ણજી તે સંવત ૧૬૦૬ ના આશ્વિન વદી. ૧૩ ને દિવસે જન્મ્યા હતા. તેમને શ્રી દ્વારકાંનાથજીનું સ્વરૂપ સેવા કર્વા મળ્યું હતું તે સ્વરૂપની તેમના વંશ સેવા કરે છે.

ચોથા પુત્ર શ્રી ગોકુળનાથજી સંવત ૧૬૦૮ ના માગશીર સુદ ૭ ને દિવસે જન્મ્યા હતા. તેમને શ્રી ગોકુળનાથજીનું સ્વરૂપ સેવા કરવા મળ્યું હતું. તે સ્વરૂપની તેમના વંશ સેવા કરે છે.

પાંચમા પુત્ર શ્રીરઘુનાથજી સંવત ૧૬૧૧ ના કાર્તિક સુદ ૧૨ ને વિસે જન્મ્યા હતા તેમને શ્રી ગોકુળચંદ્રમાજી નું સ્વરૂપ સેવા કર્વા મળ્યું હતું તે સ્વરૂપની તેમના વંશ સેવા કરે છે.

છઠ્ઠા પુત્ર શ્રીયદુનાથજી સંવત ૧૬૧૩ ના ચૈત્ર વદી ૬ ને દિવસે જન્મ્યા હતા તેમને શ્રી બાળકૃષ્ણજીનું સ્વરૂપ સેવા કરવા મળ્યું હતું. પણ પાછળથી તે સ્વરૂપ નાનું છે એમ કહેવાથી તેમના વંશ શ્રીગિરિધરજીને શ્રી મુકુંદરાયજીનું સ્વરૂપ સેવા કરવા મળ્યું હતું. તે સ્વરૂપ ની તેમના વંશ સેવા કરે છે.

સાતમા પુત્ર શ્રીઘનશ્યામજી સંવત ૧૬૧૭ ના માગશીર વદ ૧૩ ને દિવસે જન્મ્યા હતા તેમને શ્રીમદનમોહનજીનું સ્વરૂપ સેવા કરવા મળ્યું હતું. તે સ્વરૂપની તેમના વંશ સેવા કરે છે.

શ્રી વિઠ્ઠલનાથજી ઉપનામ શ્રી ગુંસાઇજીયે પરિવાર સાથે શ્રી ગોકુળમાં નિવાસ કર્યો હતો. તે વખતે દીલ્લીના સિંહાસન ઉપર અકબર બાદશાહ રાજા હતા તે ઘણા ધર્મિષ્ટ અને પ્રેમ ભાવ રાખતા હતા. શ્રી ગુંસાઇજીયે દેશાંતરમાં ફરી વૈષ્ણવ સંપ્રદાયનો શાસ્ત્ર યુક્ત સદબોધ કરી ઘણા રાજાઓને ઉપદેશ કરી વૈષ્ણવ ભક્તો કર્યા હતા.

શ્રી વિઠ્ઠલનાથજીયે રચેલા ગ્રંથો.

શ્રી વલ્લભાષ્ટક

શ્રી સ્ફુરત્કૃષ્ણ પ્રેમામૃતસ્તોત્ર

શ્રી યમુના ષ્ટપદી
• શ્રી ભુજંગ પ્રયાતાષ્ટક
રાધા પ્રાર્થના ચતુઃ શ્લોકી
શ્રી ગોકુલાષ્ટક

શ્રી મદ્‌વલ્લભાચાર્યજીએ રચેલા ગ્રંથોની ટીપ

૧ અણુભાષ્ય ૨ પુષ્ટિપ્રવાહ મર્યાદા ભેદ તથા તેહુની ટીકા ૩. અંતઃકરણ પ્રબોધ તથા ટીકા ૪. ૪ પૂર્વમી માંસા કારિકા ૫ ભક્તિ વર્ધની તથા. ટીકા. ૬ આચાર્યકારિકા ૭ મથુરાંમાહાત્મ્ય ૮ પ્રેમામૃત તથા ટીકા ૯ ભક્તિ સિદ્ધાંત ૧૦ આનંદાધિકરણ ૧૧ મથુરાષ્ટક ૧૨ યમુનાષ્ટક ૧૩ પ્રૌઢ ચરિત નામ ૧૪ ભગવદગીતા ભાષ્ય ૧૫ આર્યા ૧૬ રાજલીલાનામ ૧૭ શ્રુતિસાર ૧૮ બાળ ચરિત્ર નામ ૧૯ ભાગવત તત્વદીપ તથા ટીકા ૨૦ એકાંત રહસ્ય ૨૧ વિવેક ધૈર્યાશ્રય ૨૨ બાળબોધ ૨૩ ભાગવત શ્રીસુબોધની ૨૪ કૃષ્ણાશ્રય. ૨૫ વેદસ્તુતિ કારિકા ૨૬ બ્રહ્મસૂત્રવૃત્તિ ૨૭ ભાગવત દશમસ્કંધની અનુક્રમણીકા ૨૮ ચતુઃશ્લોકીભાગવત પર ટીકા ૨૯ બ્રહ્મસૂત્રભાષ્ય ૩૦ ભાગવત પંચમસ્કધ-ટીકા. ૩૧ જળભેદ ૩૨ શ્રાધ પ્રકર્ણ ૩૩ સન્યાસ નિર્ણય તથા ટીકા ૩૪ એકાદશસ્કંધ નિરૂપણકારિકા ૩૫ જૈમિની

સૂત્ર ભાષ્ય ૩૬ સર્વોત્તમ સ્તોત્ર તથા ટિપણ તથા ટીકા ૩૭ ભાગવત સાર સમુચ્ચય ૩૮ મંગલવાદ તત્વાર્થદિપ તથાટીકા ૩૯ સાક્ષાત પુરૂષોત્તમ મહાત્મ્ય ૪૦ સિદ્ધાંત મુક્તાવલી ૪૧ ત્રિવિધ લીલા નાંમાવલી. ૪૨ સિદ્ધાંત રહસ્ય ૪૩ સેવા ફળ સ્તોત્ર તથા ટીકા. ૪૪ નવરત્ન તથા ટીકા ૪૫ સ્વામીન્યષ્ટક. ૪૬ શ્રીનંદકુમારાષ્ટક ૪૭ શ્રીકૃષ્ણાષ્ટક ૪૮ નિંબધ ભાગવત તત્વદીપ. ૪૯ શ્રીગિરિરાજ ધાર્યષ્ટક. ૫૦ પંચશ્લોકી ૫૧ નિરોધ લક્ષણ અને વિવૃતિ. ૫૨ શ્રી ગોપીજન વલ્લભાષ્ટક ૫૩ પત્રાવલંબન ૫૪ સંન્યાસાદેશ ૫૫ ગાયત્રીભાષ્ય શ્રુતિગીતા. ૫૬ પંચપદ્ય ૫૭ શ્રીભાગવત તાપીઢિકા. ૫૮ શ્રીસુબોધની પ્રથમ સ્કંધકારીકા ૫૯ પરિત્યાગ. ૬૦ શિક્ષાશ્લોક. ૬૧ પરિવૃઘાષ્ટક. ૬૨ પુરૂષોત્તમ સહસ્રનામ. એ રીતે પ્રસિદ્ધ છે.

ॐ

श्रीकृष्ण परमात्मानी दोहन करी सार संग्रह कोली.

प्रेमलक्षणा भक्तिमाळा ॥

॥ ओं नमो भगवते वासुदेवाय. ॥

प्रणम्य शिरशादेवं गौरीपुत्र विनायकम ।
भक्त्या व्यासस्मेरं नित्यमायुः कामार्थ सिद्धये ॥

श्रीवासुदेव भगवते नमः गौरीना पुत्र गणपती देव अने व्यासने निरंतर, पूर्ण भक्ति वडेआयुष्य, अने निरविघ्ने आ कार्यनी सिद्धिने माटे साष्टांग प्रणाम करु छुं.

मंगळाचरण. दोहरा.

श्री गुरु प्रथम प्रणामु पाय, जेथी कार्य सदा शुभ थाय;
वंदु इष्ट सदा श्रीकृष्ण, दास लही पूरो मन तृष्ण;
सहाय करो हुं शुभमती लहुं, प्रेम रस भक्तिमाळा कहुं;
श्रीवल्लभ श्रीविठ्ठलनाथ, सनमुख विघ्न विमुख थई जाय;
इष्ट कृष्ण सकळ शिरमणी, मुजपर करुणा करी घणी;
प्रणाम करु छु भोगीदास, दृढ करी अंतर्यामी पास;
भक्ति स्मरणनुं विर्य नथीतेथी, संग्रह करीने कहुं छुं कथी.

श्री हरिनी भक्ति करवाना साधन विषे श्रीमद्भागवतमां कहुं छे के–

दान व्रत तपो होम जप स्वाध्याय संयमै ।

श्रेयोभि र्विविधै श्चान्यैः कृष्णे भक्तिर्हि साध्यते

અર્થ—શ્રી હરિ દાનથી, તપથી, યજ્ઞયાગાદિકથી, પવિત્રતાથી, અને વ્રતાદિક કરવાથી પ્રસન્ન થતા નથી; પરંતુ નિર્મળ ભક્તિથી પ્રસંન્ન થાય છે. માટે નિર્મળ ભક્તિ વિના બીજુ જે કંઈ કરવું તે એક પરિશ્રમરૂપ છે. શ્રીમદ્ભગવત ગીતામાં ભક્તિ વિષે અર્જુન પ્રત્યે સાક્ષાત શ્રીકૃષ્ણ ભગવાંને અગીયારમા અધ્યાયમાં કહ્યું છે કે-

नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ।

शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥

भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ।

ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप ॥

અર્થ જે રીતે તેમને દીઠો છે તે રીતે હું વેદે કરીને, દાને કરીને (તેમ) યજ્ઞ પૂજા દિકથી પણ દેખાવો શકય નથી હે અર્જુન: એવા પ્રકારવાળો જે હું તેહે પરંતપ વસ્તુતઃ જાણી શકાવવાને, જોઇ શકાવવાને, અને વાસ્તવ સ્વરૂપથી પ્રવેશ કરવાને એક અનન્ય ભકિતથીજં શકય છુ.

શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધના પાંચમા અને છ-
ઠ્ઠા અધ્યાયમાં દેવર્ષિ નારદજીયે શ્રીહરિ કીર્તનની મહત્તા
વિષે વિપ્રર્ષિ વ્યાસ મુનિ પ્રત્યે કહ્યુ છે કે

ભગવાંન વાસુદેવના મહિમાનો જે ગ્રંથ મનુષ્યોનાં
પાતકોનો નાશ કરે છે (ભાષાના ગીતો તથા ગીત ગોવિંદ
વિગેરે જેમાં ભગવાંનનો મહિમા વર્ણવ્યો હોયતે સુબોધિની)
તેજ ગ્રંથ ગણાય છે,) અને વાણીનો પ્રયોગ પણ તેજ
કહેવાય છે જે વાણીના પ્રયોગમાં (ગ્રંથમાં) ઉત્તમ પ્ર-
કારની રચના ન હોયતો પણ ભગવાંનનાં યશો વડે અં-
કિત થયેલાં નામો હોય છે કે જે પવિત્ર નામોને મહા-
ત્મા પુરૂષો સાંભળે છે. અને બીજા શ્રોતાઓ મળેતો તેને
સંભળાવે છે, તથા તેનું કીર્તન કરે છે. ઉપાધિને ટાળના
રૂ પર બ્રહ્મનું જ્ઞાન પણ જો ભગવાંનની ભકિત વિનાનું
લુખું હોયતો તે સંપુર્ણ રીતે શોભતું નથી ત્યારે વળી નિ
રંતર દુઃખોથી ભરેલાં કામ્ય અને નિષ્કામ કર્મો ઈશ્વર
ને અર્પણ કરેલાં નહોય તો તે કયાંથીજ શોભે
હે મહા ભાગ્યશાળી વ્યાસમુનિ તમેતો યથાર્થ બુદ્ધિવાળા
છો, પવિત્ર યસવાળા છો, સત્યવાદી છો, અને સ્વાધ્યાયાદિક
વ્રત સંપન્ન પણ છો. માટે સંસારના બંધનમાંથી છુટવા
સારૂ સમાધિવડે (ચિતની એકાગ્રતા) ઉરૂક્રમ એવા ભગવાં
નનાં ચરિત્રોને સંભારીને વર્ણન કરો.

દેવર્ષિ નારદજી કહે છે કે પોતાનું શ્રીકૃષ્ણની કથાનું કીર્તન કરવાથી જે સદ્‌ભાગ્ય થયું હતું તે એવિ રીતે કે શ્રીકૃષ્ણ ભગવાંનની સર્વે લીલાને જ્યારે હું ગાઉછું ત્યારે તે જાણે બોલાવ્યા હોય તેમ તુરતજ મારા હૃદયમાં પ્રગટ થઇને મને દર્શન આપે છે. વારવાર કામ તથા લોભની વાસનાથી જેઓનુ મન આતુર રહે છે તેવા વ્યાકુળ મનના મનુષ્યોને શ્રીહરિના ચરિત્રોનું વર્ણન સંસાર સાગર તરવાને નૌકારૂપ છે. વારંવાર વિષયવાસના તથા લોભને વશ થયેલું મનુષ્યનું મન મુકુંદ (સંસારમાં ડુબેલા પ્રાણિયોને મોક્ષ આપવાથી મરેલાને જીવાડનાર તે મુકુંદ સુબોધિની) ભગવાંનની સેવા કરવાથી જેવું પ્રત્યક્ષ શાંતિને પામેછે.તેવુ શમ દમાદિકથી તથા યોગ માર્ગો સેવવાથી શાંતથતું નથી.

સાક્ષાત પુરૂષોત્તમ ભગવાંને પ્રતીપાદન કરેલું भक्त्यामाम भिज्ञानाति મને ભકિત વડે પુરૂષ ઓળખે છે, ઇત્યાદિ જ્ઞાન તે કરતાં શ્રેષ્ટ છે. જે જ્ઞાન પ્રાપ્ત કરા પછી ભગવાંનનો અંતઃકરણમાં આવિ ર્ભાવ થાય છે; માટે તે જ્ઞાનને ગુહ્યતમ જ્ઞાન કહે છે અને તે જ્ઞાન સાક્ષાત શ્રીકૃષ્ણ ભગવાંને શ્રીગીતાજીમાં કહ્યું છે.– (સુબોધિની.)

શ્રીમદ્‌ભાગવતના સપ્તમ સ્કંધના ૧૪ તથા ૧૫ મા અધ્યાયમાં યુધિષ્ઠિર રાજાયે દેવર્ષિ નારદજીને ગ્રહસ્થાશ્રમ

આગા મનુષ્યો જે ઉપાયથી મોક્ષને પામે તેવો ઉપાય કહેવા પ્રશ્ન કરવાથી દેવર્ષિ નારદજીયે કહ્યું છે કે—

૧ ગ્રહસ્થે ઘરમાં રહીને શાસ્ત્ર પ્રમાણે યથોચિત સર્વ ક્રિયાઓ કરવી, અને તે સર્વે સાક્ષાત શ્રીકૃષ્ણાર્પણ કરીને ગહ્યામુનિઓના અને ગુરૂની સેવા કરવી, નિત્ય ભગવાંનના અવતારની કથા રૂપી અમૃતનુ પાન કરવુ, તથા શ્રદ્ધા સંપન્ન થઈ સમય પ્રમાણે શાંત સ્વભાવવાળા મહાત્મા જનોનો સમાગમ કરવો અને ઈંદ્રીઓનો નિગ્રહ કરી સુદ્ધ અંતઃકરણ અને નિર્મળ મનથી શ્રીકૃષ્ણ પરમાત્માની ભક્તિ કરવી ભક્તિ કરવાનો અભ્યાસ નિત્ય નિયમથી રાખવો.

૨ વેદમાં કહેલાં કર્મો પ્રવૃત્ત તથા નિવૃત્ત એમ બે પ્રકારનાં મનુષ્યોને કરવા બતાવ્યાં છે. મનુષ્યોનુ કળિયુગમાં ૧૦૦ વર્ષ સુધીનુ આયુષ્ય છે. તેમાં જે મનુષ્ય અંતકાળ સુધિ પ્રવૃત્ત કર્મ કરવામાં મચ્યો રહે છે તે રાગ દ્વેષ અને તૃષ્ણાના લોભમાં પડી સંસારમાં અનેક યોનિઓમાં જન્મ મરણ પામ્યા કરે છે. શાસ્ત્ર પ્રમાણે પોતાની ૫૧ વર્ષની ઉમરના પ્રમાંણમાં બ્રહ્મચર્ય વૃત પાળી નિવૃત્તિ કર્મ શ્રીકૃષ્ણપરમાત્માની ભક્તિ કરવાથી મોક્ષને પામે છે. નિવૃત્તવાળા મનુષ્યોયે જેમ સ્વપ્નામાંથી જાગ્રત થઈને ઉઠેલો મનુષ્ય જેમ સ્વપ્નામાં જોયેલા પુત્રાદિક ઉપરની આશકતિ છોડી દે છે, તેમ

ગ્રહસ્થે પોતે દેહ, સ્ત્રી, પુત્ર, પુત્રી, કુટુંબીઓ વિગેરે જેઓ પોતાનો અંતકાળે ત્યાગ કરનારા છે તેઓનો સંગ સત્સંગદ્વારા ધીરે ધીરે છોડી ભગવાંનની ભકિત નિર્મળ મંનથી કરવી. નિવૃત્તિ કર્મમાં પ્રવૃત્તિ કર્મનું કંઇપણ કાંમ કરવાનું મંન રાખવું નહી જેથી ભગવાંન ઉપર દૃઢ ભાવનો પ્રેમ થયે મોક્ષ પાંમે છે.

ભકિત કરવાના ચાર સંપ્રદાયના આચાર્ય વિષે શ્રીમદ્વલ્લભી સંપ્રદાયના વૈષ્ણવ ભકત કવિ દયારાંમે હિંદુસ્તાની ભાષામાં કહ્યું છે કે–

> બિષ્નુ સ્વામી, શ્રી, મધ્વ, મુનિ, નિંબારક, યહ્‌ચ્યાર;
> એન્તોં કે હેં સંપ્રદા, કૃષ્ણુ મિલનકે દ્વાર,

ચ્યાર આશ્રમ નામ.

> બ્રહ્મચારી રૂ ગ્રહસ્થપુનિ, વાનપ્રસ્થ સન્યાસ;
> યાચતુરા શ્રમ જળ ભજે, ભજન બને અવિનાસ.

શ્રી ગીતાજીના ૧૮ મા અધ્યાયમાં શ્રી કૃષ્ણ ભગવાંને ચાર વર્ણના ધર્મ વિષે અર્જુન પ્રત્યે કહ્યું છે કે–

> ब्राह्मण क्षत्रियविशां शूद्राणां च परंतप ।
> कर्माणि प्रविभक्तानिस्वभाव प्रभवैर्गुणै ॥

હે પરંતપ! બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રોનાં કર્મો, તેઓના સ્વભાવને અનુસરનાર ગુણોના ઓછા-વત્તાપણાને લીધે જુદાં પાડેલાં છે.

शमोदमस्तपः शौचं क्षान्तिरार्जवमेव च ।
ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम् ॥

૧ શમ (મનની શાંતિ), ૨ દમ (ઇંદ્રિય નિગ્રહ), ૩ તપ, ૪ પવિત્રતા, ૫ ક્ષાંતિ, (ક્ષમા) ૬ સરળતા, તેમજ, ૭ આત્મજ્ઞાન, ૮ પરમાત્માનું વિજ્ઞાન, ૯ આસ્થા એ સ્વભાવથી થનારાં બ્રાહ્મણનાં કર્મ છે.

शौर्यं तेजो धृतिर्दाक्ष्यं युद्धे चाप्यपलायनम् ।
दानमीश्वर भावश्च क्षात्रंकर्म स्वभावजम् ॥

૧ શુરવીરતા, ૨ તેજસ્વીપણું, ધૈર્ય, ૪ ચતુરાઇ, ૫ યુદ્ધમાં પાછુ નજ હઠવું, ૬ ઉદારતા, ૭ ઐશ્વર્ય એ સ્વભાવથી થનારાં ક્ષત્રિયોનાં કર્મ છે.

कृषिगोरक्ष्यवाणिज्यं वैश्यकर्म स्वभावजम् ।
परिचर्यात्मकं कर्म शूद्रस्यापि स्वभावजम् ॥

૧ ખેતી, ૨ ગાયોનુ રક્ષણ અને ૩ વેપાર એ સ્વભાવથી થનારાં વૈશ્યનાં કર્મ છે; અને ચાકરી કરવી એ સ્વભાવથી થતું શુદ્રોનું કર્મ છે.

स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः
स्वकर्मनिरतः सिद्धिं यथा विन्दति तच्छृणु ॥

અર્થ–પોતપોતાના કર્મોમાં મચેલો પુરૂષ (મોક્ષરૂપી) મોટી સિદ્ધિને પામે છે. પોતાના કર્મમાં મચેલો જે રીતે સિદ્ધિને પામે છે તે સાંભળ.

यतः प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम् ।
स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवाः ॥

અર્થ–જે થકી ભૂતોની ઉત્પત્તિ થઇ છે, જેણે આ સર્વ (જગત વ્યાપેલું છે તે સર્વેશ્વર) ને પોતાના કર્મોથી સારી રીતે પૂજીને મનુષ્ય સિદ્ધિને પામે છે શ્રીમદ્ભાગવતના એકાદશ સ્કંધના ૧૪ મા અધ્યાયમાં શ્રીકૃષ્ણ ભગવાંને ઉદ્ધવજીને કહ્યું છે કે ભકિતજ સર્વ શ્રેષ્ઠ ફળ આપે છે. ભકિતથી હે ઉદ્ધવ મને આપ જેવા પ્રિય લાગો છો તેવા હું તૃષ્ણા વિનાના, શાંત, વૈર વિનાનાં, અને સમદૃષ્ટિવાળા મારા ભકતની પાછળ પાછળ ફરૂંછું. કેવળ શ્રદ્ધાથી કરેલી ભકિતવડેજ સત્પુરૂષને વશ થાઉંછું. ભકિત કરતી વેળા શરીરમાં જ્યાંસૂધી રૂવાડાં ઉભાં થાય નહીં, ચિત્ત પીગળી જાય નહીં, તથા આનંદાશ્રુનાં ટીપાંઓ પડે નહીં, ત્યાંસૂધી ભકિત કેવી રીતે જાણવામાં આવે અને

ભકિત વિના અંતઃકરણ કેવી રીતે સુદ્ધ થાય ૩ જે પુરૂષ ની વાણી ગળગળા સ્વરૂપવાળી થઈ જાય, મંન વારંવાર પીગળી જાય. જે પુરૂષ લજ્જા મૂકીને કોઈ વેળા રડે, તો કોઈ વેળા હસે, કોઈ વેળા ઉંચા સ્વરથી ગાય, તો કોઇ વેળા નાચવા માંડે, એવો ભકિતનો પ્રેમ રસ જેના ઉર માં વારમવાર આવે તેને મારો ભકત જાણવો. ઇત્યર્થ.

ભકિત કરવાનાં સાધનભૂત પ્રથમ મહા પુરૂષની સેવા તેથી મહાત્માની કૃપા, તેથી પરમાત્મા સબંધી ધર્મ ઉપર શ્રદ્ધા, તેથી ભગવાંનની કથાનુ શ્રવણ, અને કથા શ્રવણથી ભગવાંન ઉપર પ્રીતિ થાય છે. ભગવાંન ઉપર પ્રીતિ થવા થી સ્થુલ સુક્ષ્મ દેહનું જ્ઞાન અને તેથી આત્મજ્ઞાન થાય છે. તેથી ભગવાંન ઉપર દૃઢ ભકિત થાય છે. તેથી ભગવાં નના તત્વનું જ્ઞાન થાય છે, તેમની કૃપાથી સર્વજ્ઞત્વ વગે રે ભગવાંનના ગુણોનો આવિર્ભાવ થાય છે, આવો ક્રમ દેવર્ષિ નારદજીયે દર્શાવ્યો છે. (શ્રીધર)

ભર્તૃહરિએ કહ્યું છે કેઃ—

पुष्पेगंधं तिलेतैलं काष्टेवन्हिः पयोघ्रतम ।
इक्षौ गुडं तथा देहे पश्यात्मानं विवेकतः ॥

અર્થ—પુષ્પમાં ગંધ, તલમાં તેલ, કાષ્ટમાં દેવતા દુધમાં ઘૃત (ઘી) શેરડીમાં ગોળ, હોય છે. તેમ અંતઃકર

ણમાં ઈશ્વર છે; તે વિવેક જુગતિથી જુઓ. ભક્તિ કરનારા મનુષ્યોયે કેવાં લક્ષણ રાખવાં તે વિષે શ્રી ગીતાજીના બારમા અધ્યાયમાં અર્જુન પ્રત્યે શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે કેઃ—

अद्वेष्ट १ सर्वभूतानां मैत्रः २ करुण ३ एवचः ।
निर्ममो निरहंकरः ५ सम दुःख सुखः ६ क्षमीः ७ ॥

संतुष्टः ८ सततं योगी ९ यतात्मा १० द्रढ निंश्चयः ११ ।
मय्यर्पित १२ मनो बुद्धिर्योमे भक्तः समेप्रियः ॥
यस्मा १३ नोद्विजतेलोको लोकान्नोद्विजते च यः ।
हर्षामर्ष १४ भयोद्वेगैर्मुक्तो यः सचमे प्रियः ॥

अनपेक्षः १५ शुचि १६ दक्ष १७ उदासिनो १८ गत व्यथः १९ ।
सर्वारम्भ २० परित्यागी योमे भक्तः समे प्रियः ॥
यो न हृष्यति २१ नद्वेष्टि २२ नशोचति २३ नकाङ्क्षति: २४ ।
शुभाशुभ २५ परित्यागी भक्तिमान्यः समेप्रियः ॥
समः २६ शत्रौच मित्रेच तथा मानापमान योः ।
शीतोष्ण सुख दुःखेषु समः सङ्ग २७ विवर्जितः ॥

तुल्य निन्दा स्तुति २८ मौनी २९ संतुष्टो ३० येन केन चित् ।
अनिकेतः ३१ स्थिरमति ३२ भक्ति मान्मे प्रियोनरः ॥

અર્થ સર્વ ભૂતોનો અદ્વેષી, મિત્ર અને દયાળુ, મમતા રહિત, અહંકાર રહિત, દુઃખસુખમાં સમાન (ચિત્તવાળો) તેમજ ક્ષમાવાન્, સંતોષી, ૧ યોગી (સમાધિ ચિત્તવાળો) યતાત્મા (જીતેંદ્રિય) ૨ દૃઢ નિશ્ચયી, અને મારે વિષે જેણે મન બુદ્ધિ અર્પણ કરેલાં છે, એવો જે ૩ મારો ભક્ત છે તે મને પ્રિય છે.

જેનાથી લોકને ઉદ્વેગ થતો નથી, અને જે લોકથી ઉદ્વેગ (ખેદ) પામતો નથી (વળી) જે હર્ષ, ક્રોધ, ભય અને ખેદથી મુકત છે તે મને પ્રિય છે.

અપેક્ષા રહિત, પવિત્ર આચારવાળો, ચતુર, ઉદાસીન, ૪ વેદના રહિત, ૫ અને સર્વ આરંભ (કર્મ) નો જેણે પરિત્યાગ કર્યો છે તથા જે ભકિતમાન્ છે તે મને પ્રિય છે. જે હરખાતો નથી કે દ્વેષ કરતો નથી, શોક કરતો નથી કે તૃષ્ણા રાખતો નથી જે શુભ અને (અશુભ સર્વ ક્રિયા) નો પરિત્યાગ કરનારો છે તથા જે ભકિતમાન્ છે તે મને પ્રિય છે. શત્રુ અને મિત્રમાં, તેમજ માન અને અપમાનમાં જે સમાન વૃત્તિવાળો છે. શીત અને ઉષ્ણ તથા સુખ અને દુઃખમાં પણ જે સમચિત્ત છે તથા જે સંગથી રહિત છે, જેને નિંદા અને સ્તુતિ સમાન છે, જે મૌનધારી છે, જે કાંઈ મળે તેથી સંતોષ પામનાર છે, જે

ઘરબાર વગરનો છે, સ્થિર બુદ્ધિવાળો, તથા ભક્તિમાન છે તે પુરૂષ મને પ્રિય છે.

ટીકા ૧ ભગવત્પ્રસાદી દ્રવ્યથી દેહનો નિર્વાહ કરીને સંતોષ રાખનાર.

૨ ભગવત્સેવામાં નિશ્ચય રાખનાર તે વ્રજભકતવત્ મન બુદ્ધિ ભગવાનને અર્પણ કરનાર.

૩ અનન્ય ભાવે કરી તન, મન, ધન, પ્રભુને વિનિયોગ કરી પુરૂષોત્તમ ભગવાનની સેવા કરનાર.

૪ ભગદ્વિ મુખ પ્રતિકુળ પરિકર તરફ ઉદાસીન.

૫ બહિર્મુખ લોક જે ત્રાસ આપે તે ત્રાસની વેદના રહીત

૬ સેવામાં ઉદ્વેગ, પ્રતિબંધ અને ભોગ એ ત્રણ બાધક છે એમ નિશ્ચય કરી ભોગાદિ સિદ્ધ કરનાર.

નિર્મળ મનથી ભક્તિ કરવી તે પોતાના સ્વધર્મમાં રહિ કરવી એજ શ્રેષ્ટ છે તે વિષે શ્રી ગીતાજીમાં શ્રીકૃષ્ણ ભગવાંને અર્જુન પ્રત્યે કહ્યું છે કે—

श्रेयास्वधर्मो विगूणः परधर्मात्स्वनुष्टितातः।
स्वभाव नियतं कर्म कुर्वन्नाप्नोति किल्बिषमः॥
श्रेयान्स्वधर्मो विगूणः परधर्मात्स्वनुष्टितात.।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः॥

અર્થ—જે પરધર્મ ઉત્તમ પ્રકારે આચાર્યો, ને જે સ્વધર્મ લગારે અંગહિન છે તથાપી તેના કરતાં અત્યંત શ્રેષ્ઠ છે. સ્વભાવે નક્કી કરેલુ કર્મ કરતો (પુરૂષ) દોષને પામતો નથી.

પારકો ધર્મ કેટલોપણ સારો હોય, અને કેટલા મહાપુરૂષ પણ રૂડેપ્રકારે આચર્તાહોય, તથાપી સ્વધર્મ ગુણરહીતહોય તોપણ પરધર્મ કરતાં સારોછે, સ્વધર્મને વિષે મરણ પણ ભલુછે, અને પરાઓ ધર્મ ભયને આપે છે.

વૈષ્ણવિ સંપ્રદાયના પ્રત્યે કમનુષ્યે બાલ્યાઅવસ્થામાંથી સમજણી વય થયે જેમ દ્વિજોને જનોઇનો સંસ્કાર કરવાથી વૈદિક કર્મો કરવાનો અધિકાર પ્રાપ્ત થાયછે, તેમ વૈષ્ણવોયે ગુરૂકરી બ્રહ્મ સંબંધ કરવાથી ભગવતસેવા કરવાનો અધિકાર થાયછે. તેવિષે મંત્રસાર ગ્રંથમાં કહ્યું છેકે—

दीक्षिताय विशेषेण प्रसीदेन्ना न्यथा हरिः ।
ब्राह्मणः क्षत्रियो वापि वैश्यः शूद्रो ऽथवा पुनः ॥
एवं स्त्रियो वायत्नेन गुरुमेव समाश्रयेत्ः

અર્થ. દીક્ષા ધારણ કરનારપર ભગવાંન વિશેષે કરીને પ્રસન્નથાયછે. માટે બ્રાહ્મણ ક્ષત્રી, વૈશ્ય, શુદ્ર તથા સ્ત્રીઓ

અવશ્ય પ્રયત્ને કરીને ગુરૂનો ઉપદેશ લેવો. ઉપદેશ નલેનાર એટલે દીક્ષા વગર રહેનારને દોષ કહયોછે. અને ગુ રૂ એબે અક્ષરમાં એવો અર્થ સમાયલો છે.

गुशब्द स्त्वंधकारः स्यान्दु शब्द स्तन्निरोध कृतः ।
अंधकार निरोधत्त्व द्गु रुरीत्यभिधीयतेः ॥

અર્થ. ગુશબ્દ અંધકારવાચકછે અને રૂશબ્દ તેનું રૂંધન સૂચકછે. અર્થાત શિષ્યની બુધ્ધિમાં રહેલોજે અજ્ઞાન રૂપ અંધકાર તેનો સદ્‌ બોધરૂપ દીપકના પ્રકાશથી કરીને જે નાશ કરે તેજ ખરા ગુરૂ કહેવાય. શ્રીમદ્‌-આચાર્યજી મહાપ્રભુજીયે " તત્વદીપ નિબંધમાં " આજ્ઞા કરીછેકે—

कृष्ण सेवापरं वीक्ष्य दंभादिर हितंनरं ।
श्रीभागवततत्वज्ञं भजे जिजज्ञासुरादरात् ॥

અર્થ. શ્રીકૃષ્ણચંદ્રની સેવામાં પરમ ચતુર અને દંભ, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ મત્સર વગેરે સર્વે દુર્ગુણોથી રહિત, શ્રીમદ્દ્‌ભાગવતના તત્વને સમજનાર એવા લક્ષણવાન પુરૂષને શિષ્યે પરમઆદરથી ગુરૂ કરવા. વૈષ્ણવ ભકતજનોયે પ્રાતઃકાળમાં સુર્ય ઉગતાપેહેલાં પથારીમાંથી ઊઠી શ્રીહરિસ્મરણ પૂર્વક બોલતાં ઊઠવુ.

પછી હાતણપાણી. મળસુદ્ધિકરી સ્નાનકરી, નીત્ય નિયમસર ભગવાંનની સેવા. પાઠપુજા તિલક કર્યા. પછી પોતાના ઈષ્ટ દેવ મંદિરોમાં દર્ષણ કરી પોતાના ઉદ્યમનાં નીતીના કર્મ કરવાં. તિલક ભગવાંનના પ્રસાદી કેસર, કુંકુંમ, ચંદન, મેળવી વૈષ્ણવોએ બારસ્થાનોમાં બાર તીલક કરવાં તીલકના આકારનો શ્લોક તત્વદીપ નિબંધમાં કહ્યુ છે કેઃ—

दंडाकारं ललाटेस्यात् पद्म कारंतु वक्षसिः ।
वेणु पत्र निर्भबाहो रन्यद्दीपाकृति स्मृतम्. ॥

અર્થ. લલાટમાં ડંડાકૃતિ એટલે ભગવાનના ચરણના આકારનું તિલક કરવું વક્ષસ્થળ એટલે હ્રદયમાં ખીલેલા કમળના આકારનું તિલક કરવું. બે બાહુપર વાંસના પત્રના આકારનાં તિલક કરવાં, અને બાકીનાં દીવાની જ્યોતિના આકારનાં તિલક કરવાં. તિલક કરતીવખતે નીચે પ્રમાંણે ભગવાનના નામોનો ઉચ્ચાર કરવો.

૧ લલાટમાં તિલક કરતાં "केशवाय नमः केशवं ध्यायामि" ૨ દુંટી પર કરતાં "नारायणाय नमः नारायणं ध्यायामि" ૩ હ્રદયમાં કરતાં "माधवाय नमः माधवं ध्यायामि" ૪ કંઠમાં કરતાં "गोविंदाय

नमः गोविंदं ध्यायामि " ५ જમણી કેડની કુખે કરતાં विष्णवे नमः विष्णुं ध्यायामि ૬ ડાબી કેડની કુખે કરતાં " वामनाय नमः वामनं ध्यायामि " ૭ જમણા હાથના ખભા નીચે કરતાં " मधु सूदनाय नमः मधु सूदनं ध्यायामि " ૮ ડાબા હાથના ખભા નીચે કરતાં श्रीधराय नमः श्रीधरं ध्यायामि " ૯ જમણા કાનના મૂળે કરતાં त्रिविक्रमाय नमः त्रिविक्रमं ध्यायामि " ૧૦ ડાબા કાનના મૂળે કરતાં " हृषी केशाय नमः हृषी केशं ध्यायामि " ૧૧ બોચીએ કરતાં " दामोदराय नमः दामोदरं ध्यायामि " ૧૨ પીઠે કરતાં " पद्मनाभाय नम पद्मनाभं ध्यायामि " ઉપર પ્રમાંણે બાર ઠેકાણે ભગવાંનનાં દ્વાદશ નામલઇ તિલક કરવાં. બાકીરહેલા કુંમકુમને ધોઇ તેજળ " वासुदेवाय नमः " એમંત્ર ભણી માથાઉપર ચડાવવું. બ્રાહ્મણોએ ઓંકાર [પ્રણવમંત્ર] પુર્વક તિલક કરવાનો વિધિ વાસુદેવ ઉપનિષદમાં બાર તિલક કરવાનો પ્રસિદ્ધ છે.

વૈષ્ણવ ભકત જનોએ તુળશીની માળા (કંઠી) પોત પોતાના ગુરૂ હસ્તે શ્રીહરિને અર્પણ કરી પ્રસાદી કરી હમેશાં કંઠમાં ધારણ કરવી તેવિષે [illegible] ના માર્ગશીર માહાત્મમાં કહ્યું છેકે—

तुलसी काष्ट माला भिर्भूषित पुण्यमाचरेत् ।
पितृणां देवतानां च कृतं कोटि गुणं कलौ ॥

અર્થ. પિતૃકાર્ય અને દેવકાર્ય ને વિષ તુળશીની માળા પહેરીને કાર્ય કરેતો તેને કળીયુગમાં કોટીગણું ફળ મળે છે.

તુળસીની માળા હમેશાં કંઠમાં ધારણ કરેલી નહોય તો દોષિત થવાયછે તે વિષે.

येषांन तुलसी माला तेनरा मूढ मानसाः ।
अन्नं विष्टाजलं मूत्रं पियूषं रुधिरं भवेत् ॥
अतम् सर्वेषु कालेषु न त्याज्या कंठ मालिका ।
क्षणार्ध तद्विहीनोयः विष्णुद्रोही न संशयः ॥

અર્થ. જેણે તુળશીની માળા કંઠમાં ધારણ કરી નથી તેને મૂઢબુદ્ધિવાળા જાંણવી અને તે અંન્ન ખાયછે તે વિષ્ટા બરાબરછે. અને જળ પીયેછે તે મૂત્ર બરાબરછે,

અને દુધપીએછે તે લોહિ બરાબરછે. એકારણથી તુળશીની માળા કંઠમાંથી કોઇપણ કાળે ત્યાગ કરવિનહી, જો અર્ધક્ષણ જેટલો વખત ત્યાગકરે તોતે શ્રીવિષ્ણુનો દ્રોહી થાયછે તેમાં સંસય નથી.

વૈષ્ણવોએ વિષ્ણુ પંચક વ્રત કરવાં તે વિષે પદ્મ પુરાણના ઊતરખંડમાં કહ્યું છે કે:—

कृष्ण जन्माष्टमी रामनवम्येकादशी व्रतं ।
वामन द्वादशी तद्व न्नृहरेस्तु चतुर्दशी ॥
विष्णु पंचक मित्येवं व्रतं सर्वाघनाशनं ।
नित्यं नैमित्तिकं काम्य विष्णु पंचक मेवहि ॥

અર્થ (૧) કૃષ્ણ જન્માષ્ટમી (૨) રામનવમી (૩) બાર માસની ચોવિસ એકાદશીઓનુ વૃત (૪) વામન દ્વાદશી (૫) નરસિંહ ચૌદસ એ પાંચે વ્રતો વિષ્ણુને પ્રિય છે. મનુષ્યના સર્વે પાપોને દૂર કરનારાં છે, માટે અવશ્ય કરી કરવાથી શ્રી વિષ્ણુ ભગવાનની વૃત કરનારા ઉપર પ્રસન્નતા થાય છે.

શ્રી હરિની ભકિતનો પ્રતાપ કેવો છે તે વિષે અને શ્રીહરિના ભક્ત હોય તે પોતાના સાત ગોત્રને નૌકા રૂપ તારે છે તે વિષે વૈષ્ણવ ભકત કવિ દયારામે હિંદુસ્તાનની ભાષામાં કહ્યું છે કે—

દોહા

સબતે *ભકિત પ્રતાપ બડ, સમ કરિલેહુ બિચાર;
બિમુખદાસ દસકંધતહુ, બસ બરત્યો સંસાર.
ધાતાકે સુતુ સપ્ત રૂપી,* દ્રુવછત્રાકે બાલ;
દેવેયાહિ પરિક્રમા, ભકિત બડ ગોપાલ.
મુનિમાની ભુરિ તપસ્વી, બંદેજગ સબપાય;
સોસબરી હરિભકતકે, અંગ્ની ઉદ ઓધાય.
રૂદ્ર અંસ જદુ બંસમુનિ, દુર્વાસા તગ ખાનિ;
સોનૃપ અંબ્રિખ ભકતપદ, નએકોષિ બડમાનિ.
ગ્યાંનિ ભકત સોં કચોં લરત, બિનાકિયે અનુમાન;
કૃષ્ણ આપ કૃલ ભકિતકે, વાહિ મુકત કોદાન.
અતિ દુર્લભ જ્ઞાની અમૃત, ભકત સહજ હરિપાય;
નોનિત ઘ્રતસો ભકિત પ્રભુ, સાંખ્ય ઘુનાક્ષરન્યાય.

---

*સપ્ત રૂષી નામ, અરિલ્લ;
વિશ્વામિત્ર, યમદગ્નિ, ભારદ્વાજ હેં;
ગાતમ, અત્રિ, વસિષ્ઠ, જ્ઞાનિ સિરતાજહેં;
કશ્યપસહુ મુનિસપ્ત, યહી બડ માનિયે,
હરિજન ધૃવકું નિતિ, પરિક્રમ તસુ જાનિયે.

અર્થ–સર્વ કરતાં ભગવદ ભકિતનો પ્રતાપ મોટો છે; તે સર્વ વિચાર કરીલો કે દશકંધ જે રાવણ તે જય નામે વૈકુંઠમાં પ્રભુનો ભકત હતો; તે શ્રાપ દોષે શ્રી હરિથી વિમુખતા પામીને પૃથ્વિ ઉપર અસુર થઈને અવતર્યો. તદપિ પુર્વ ભકિતનો પ્રતાપ જુઓકે બધો સંસાર જેને વશ્ય વર્ત્યો. ત્યારે શ્રીહરિથી સનમુખ હોય તે ભકતના પ્રતાપનો પારશો. ૩ (ઇત્યર્થ)

ધાતા જે બ્રહ્મા, તેમના સૂનૂ જે પુત્ર, જે સપ્ત રૂષી છે, અને ધ્રુવજી તો ક્ષત્રીના બાળક છે. પણ એ ધ્રુવજીની તે સપ્ત રૂષી પરિક્રમા કરે છે. માટે સર્વ થકી ગોપાળ જે કૃષ્ણ તેમની ભકિત મોટી છે. મોટા માની મુનીજન, અને ભુરી કહેતાં મોટા તપસ્વી, જે સર્વ જગત જેના પગ વંદે તે સરખા પણ શ્રી હરિની ભકત જે સબરી ભીલડી, તેના અંધ્રી જે ચરણ, તે સબંધી ઉદક જે જળ, તેમાં આશ્રાય કહેતાં ન્હાય છે. એવો ભગવદ ભકિતનો પ્રતાપ છે. દુર્વાસા રૂષી પોતે મહારૂદ્રનો અંશાવતાર, અને જે બ્રાહ્મણ તેના વંશના મણિ રૂપ, અને તપોબળની ખાણ, અને મહા ક્રોધી અને મહા અભિમાની, તે સરખા પણ અંબરીષ રાજાના ચર્ણારવિંદમાં મસ્તક મૂકીને નમ્યા. એવા શ્રીહરિના ભક્ત મોટા છે.

શ્રીહરિના ભકત હોય તે પોતાના સાત ગોત્રની પેઢીઓ તારે છે

છપય.

પિતા પછ્ય ચોઇસ, વીસ માતા પુનિજાનો;
ત્રિયા સોલ પરમાન, પુત્રિકે બાર બખાંનો;
એકાદશ કુલ ભગિન, ફુફિનકે દસકિલ લેખો;
જનનિ સ્વસાકુલ અષ્ટ, સ્પષ્ટ શ્રુતિ સંમત દેખો;
ગિન પ્રમાન ઇકશત એકકો, દયારાંમ હરિજન કહ્યો;
હરિ ભકત હોય જાણંસમે, સપ્ત ગોત્ર તારે લહયો.

નિત્ય નિયમથી શ્રીહરિ કૃષ્ણ પરમાત્માની ભકિત કરવાને અને પઠન પાઠ કરવાને મ્હાન બુધ્ધિશાળી ઋષીઓયે, વેદ મંત્રોની આધારે સ્તોત્ર કરેલાં છે. જે કે આપણે પોત પોતાના ધર્મને રૂચતા અધ્યન કર્તા જોઇયે છીયે, તે પોત પોતાની પ્રજાને વાર્સામાં ચાલતુ રહેથી પ્રજાની વૃધ્ધિ અને ઇશ્વરની કૃીપા રહે છે માટે નિત્ય નિયમથી સ્તોત્રનો પાઠ કરવાનો અભ્યાસ રાખવો *

---

*દોહા.

બાલ્યાવસ્થા બિત ગઈ, યૌબાર બહિ જાત;
કા વ્રદ્ધાકો ભરોસો, ભજ હરિ પદ જલ જાત.
અંત અવસ્થા તીનતનુ, ભસ્મ, કિકિટ, વિટજાનિ;
તાકોંતૂ અભિમાન તજિ, ભજ હરિ રાગ સુખ પાનિ.

ભક્તિ સ્તોત્ર પાંડવ ગીતા.

પાંડવો શ્રી કૃષ્ણ ભગવાનની ભક્તિ કરી મોક્ષગતિ પામ્યાતે.

પાંડવ ઉવાચ ॥ પ્રલ્હાદ નારદ પરાશર પુંડરીક વ્યાસાંબરીષ શુક શૌનક ભીષ્મ દાલ્ભ્યાન્ ॥ રુક્માંગદાર્જુન વસિષ્ઠ બિભીષણાદી ન્પુણ્યા નિમાન્પરમ ભાગવતાન્સ્મરામિ. ॥ ૧ ॥

પાંડવો કહે છે. પ્રલ્હાદજી, નારદજી, પરાશર, પુંડરીક વ્યાસ, અંબરીષ, શુકદેવજી, શૌનક, ભીષ્મપિતામહ, દાલભ્ય, રૂકમાંગદ, અર્જુન, વશીષ્ટ, વિભીશણાદિક પવિત્ર, આ પરમ ભકતોને હુ સ્મરણ કરૂં છું ॥ ૧ ॥

॥ લોમહર્ષણ ઉવાચ ॥ ધર્મોવિવર્દ્ધતિ યુધિષ્ઠિર કીર્તનેન પાપં પ્રણશ્યાતિ વૃકોદર કીર્તનેન ॥ શત્રુ વિનશ્યાતિ ધનંજય કીર્તનેન માદ્રી સુતો કથયતાંન ભવંતિરોગાઃ ॥ ૨ ॥

લોમહર્ષણ કહે છે. યુધિષ્ઠિરના કીર્તન વડે કરીને ધર્મ વૃદ્ધિ પામે છે, ભીમસેનના કીર્તન વડે કરીને પાપ નાશ પામે છે. અર્જુનના કીર્તન વડે કરીને શત્રુ નાશ પામે છે. માદ્રી સુત જે નકુળ, સહદેવ તેમનુ કીર્તન કરેથી રોગ નાશ પામે છે. ॥ ૨ ॥

પાંડવ ગીતા.

॥ ब्रह्मोवाच ॥ येमानवा विगत राग परावरज्ञा नारायणं सुर गुरु सततं स्मरंति ॥ ध्यानेननेतनहत किल्बिसंचेत ज्ञास्तेमातुः पयोधर रसंन पुनः पिबांति ॥ ३ ॥

બ્રહ્મા કહે છે. જે. મનુષ્યોની સંસારની પ્રિતિ નાશ પામેલી છે, અને ઇશ્વરના સ્વરૂપને જાણનારા છે. અને દેવતા લોકોના ગુરૂ શ્રીમદ્ નારાયણ તેમનુ હમેશાં સ્મરણ કરે છે, તે ધ્યાન વડે કરીને જેમનું ચિત પિંગળ્યું છે. એવા પુરૂષો માતાના પયોધરના રસને ફરીપાન કરતા નથી. ॥ ૩ ॥

॥ इंद्र उवाच ॥ नारायणो नाम नरो नराणां प्रासिद्ध चोरः कथितः पृथ्विव्याम् ॥ अनेक जन्माजित पाप संचयंहरत्यशेषं स्मरतां सदैव ॥ ४ ॥

ઇંદ્ર કહે છે—નારાયણ નામ પુરૂષોનાં મધ્યે જે પુરૂષ છે તે પૃથ્વિને વિષે પ્રસિદ્ધ ચોર છે, કેમકે જે મનુષ્યો હમેશાં તેમનુ સ્મરણ કરે છે, તેમનું અનેક જન્મનું પાપ તે નાસ પમાડે છે. ॥ ૪ ॥

પાંડવ ગીતા.

॥ युधिष्टिर उवाच ॥ मेघ श्यामं पीत कौश्यय वासं श्री वत्सांकं
कौस्तुभोम्द्भासितांगम् ॥ पुण्यो पेतं पुडरीकायताक्षं
विष्णु वंदे सर्व लोकैकनाथम् ॥ ५ ॥

युधिष्टिर कहे छे–घनश्याम, अने पीळां पीतांम्बर धारण
करनार, अने श्री वत्सनुं चिन्ह छे, तथा कंठमां
कौस्तुभमणी धारण करेलो छे, पुन्य वडे करीने युक्त
कमळना सरखा विशाळ नेत्र वाळा, सर्व लोकना
एक नाथ एवा विष्णु तेमने हु प्रणाम करूं छुं. ॥५॥

॥ भीमसेन उवाच ॥ जलौघ मग्नास चराचरा धरा विषाण
कोटया खिल विस्व मूर्तिना ॥ समुध्धृताये नवराह रुपि
णा समे स्वयंभू भगवान्प्रसीदताय् ॥ ६ ॥

भीमसेन कहे छे–स्थावर जंगम युक्त जळमां डुबेली
पृथ्वि, अखिल विश्वमां व्यापक जे वराह रूपी
भगवाने, पोताना शीघडाना अग्र भाग वडे करीने
पृथ्विनो उद्धार कर्यो, एवा स्वयंभू भगवान मने
प्रसन्न थाओ. ॥ ६ ॥

॥ अर्जुन उवाच ॥ अचिंत्य मव्यक्त मनंत मव्ययं विश्नुं मभुं
श्राविव विश्व भावनम् ॥ त्रैलोक्य विस्तार विचारका

પાંડવ ગીતા.

रंकं हरिं मपन्नो स्मिगतिं महात्मनां ॥ ७ ॥

અર્જુન કહે છે. જેનુ ચિંતન કરી સકાય નહિ, જે સ્પણ કળીસકાય નહિ, જેનો અંત નહિ, જેનો નાસ નહિ, એમ વિભુનામં વ્યાપક, અને પ્રભુ નામ સમરથ, અને વિસ્વની રચના જેણે ઉત્પન કરીછે, અને ત્રણ લોકના વિસ્તારનો વિચાર કરનાર, અને મહાત્માને સદગતિ આપનાર એવા શ્રીહરિ પરમાત્માને હુ શરણ આવેલો છુ. ૭

॥ नकुल उवाच ॥ यदिगमन मधस्तात्काल पाशानु बद्धो यदिच कुल विहीने जाय ते पाक्षि कीटे ॥ क्रुमि शतमपि गत्वा जायतेचां तरात्मा ममभ्वतु हृदिस्थे केशवे भक्ति रेका ॥ ८ ॥

નકુલકહેછે. કાળપાશથી બંધાયલો. એવોહું, અધમગતિને પામે અથવા કુળહિંન કુળમાં મારો જંન્મથાઓ, અથવા સેકડો ક્રમી અને પક્ષીમાં મારા જન્મથાઓ તથાપી હૃદયમાં રહેલાજે કેશવભગવાંન તેમનેવિશે મારી ભક્તિ થાઓ. ॥૮॥

પાંડવ ગીતા.

॥ सहदेव उवाच ॥ तस्य यज्ञ वराहस्य विष्णोरतुल तेजसः॥
प्रणामंये प्रकुर्वंति तेषामपि नमो नमः ॥ ९ ॥

સહદેવ કહેછે. અતુલ્ય જેનુ તેજછે એવા વિષ્નુ ભગવાન
ને જે પ્રણામ કરેછે, તેમને હમેશાં અમારા પ્ર-
ણામ થાઓ. ॥૯॥

॥ कुंत्युवाच ॥ स्वकर्म फल निर्दिष्टांयां यांयोनिं व्रजाम्यहम् ॥
तस्यां तस्यां हृषी केश त्वयि भक्ति दृढा स्तुमे ॥ १० ॥

કુંતી કહેછે.– મારા કર્મના ફળથી હુ જેજે યોનીમાં જન્મ
ધારણ કરૂ તેતે ઠેકાણે હે હ્રષીકેશ મારી દ્રઢ ભકિત
થાઓ. ॥ ૧૦ ॥

॥ माद्र्युवाच ॥ कृष्णेरताः कृष्ण मनुस्मरं तिरात्रौच कृष्णं
पुनरुत्थितायें ॥ ते भिन्न देहाः प्रविशंति कृष्णं ह वि-
र्यथा मंत्र हुतं हुताशं ॥ ११ ॥

માદ્રી કહેછે.– શ્રીકૃષ્ન પરમાત્મા વિશે પ્રીતિ કરનારાએ।
રાત્રીને વિશે "શ્રીકૃષ્ણ નામનું સ્મરણ કરેછે, અને
સવારમાં ઊઠીને પણ શ્રીકૃષ્ણનું સ્મરણ કરેછે, તે
જુદા જુદા દેહવાળાછે તોય પણ તે શ્રીકૃષ્ણ ભગવાન

નાં સ્વરૂપમાં પ્રવેશ કરેછે, જેમ મંત્રથી હોમેલી આહુતી અગ્નિમાં એકરૂપે પ્રવેશ કરેછે તેમ. ॥૧૧॥

॥ द्रुपद उवाच ॥ कीटेषु पक्षिषु मृगेषु सरीसृपेषु रक्षः पिशाच मनुजेष्व पियत्र यत्र ॥ जातस्यमे भवतु केशव त्वत्प्र सादा त्वय्येव भक्तिरचलाऽव्यभिचारिणी च ॥ १२ ॥

દ્રુપદ રાજા કહેછે.– કીટ વિશે, પક્ષી વિશે, મૃગોને વિશે, સર્પોને વિશે, અને રાક્ષસ,પીસાચ અને મનુષ્યને વિશે પણ ઉત્પંન થયેલા મને તમારે વિશે, નિશકપટ અને નિર્મળ ભકિતથાઓ. ॥ ૧૨ ॥

॥ सुभद्रोवाच ॥ एकोपि कृष्णस्य कृतः प्रणामोदशाश्व मेधा वभृथेन तुल्यः ॥ दशाश्व मेधी पुनरेतिजन्म कृष्ण प्र णामीनपुनर्भवाय ॥ १३ ॥

સુભદ્રા કહેછે.– એકવાર શ્રીકૃષ્ણ ભગવાંનને પ્રણામ કર્યો હોયતો દશ અશ્વમેધ યજ્ઞ કરીને સમાપ્તિ તુલ્યછે. દશ અશ્વમેધ યજ્ઞ કરનારનો ફરીથી જન્મ થાયછે, પણ શ્રીકૃષ્ણ પરમાત્માને પ્રણામ કરનારનો ફરી જન્મ થતો નથી, અર્થાત મોક્ષ થાયછે. ॥ ૧૩ ॥

પાંડવ ગીતા,

।। अभिमन्यु उवाच ।। गोविंद गोविंद हरे मोरारे गोविंद गो-
विंद मुकुंद कृष्ण ।। गोविंद गोविंद रथांगपाणे गोविंद
गोविंद नमो नमस्ते ।। १४ ।।

અભિમન્યુ કહેછે.– હે ગોવિંદ, હે ગોવિંદ, હેમુર દૈત્યને
નાશ કરનાર, હે મુરારે, હે ગોવિંદ, હે કૃષ્ણ, હે મુકુંદ
હે સુદર્શન ચક્રને ધારણ કરનાર, હે ગોવિંદ તમને
નમસ્કારછે. ।। ૧૪ ।।

।। धृष्टद्युम्न उवाच ।। श्री राम नारायण वासुदेव गोविंद वै-
कुंठ मुकुंद कृष्ण ।। श्री केशवानंत नृसिंह विष्णो मां-
त्राहि संसार भुजंगदष्टम् ।। १५ ।।

ધૃષ્ટધુમન કહેછે.– હે શ્રીરામ. હે નારાયણ, હે વાસુદેવ,
હે ગોવિંદ હે વૈકુંઠ, હે મુકુંદ હે કૃષ્ણ હે શ્રીકેશવ
હે અનંત, હે નૃસિંહ, હે વિષ્ણુ, સંસાર રૂપી સર્પે
ડંશ કરેલો જેહું એવાનુ મારૂ રક્ષણ કરો ।। ૧૫ ।।

।। सात्यकि उवाच ।। अप्रमेयहरे विष्णो कृष्णदामोदर चयुता
।। गोविंदानंत सर्वेश वासुदेव नमोस्तुते ।। १६ ।।

સાત્યકિ કહેછે.– હે અપ્રમેવ, હે હરે, હે વિષ્ણુ, હે કૃષ્ણ

પાંડવ ગીતા.

હે દામોદર હે અચ્યુત, હે ગોવિંદ હે અનંત હે સર્વેશ, હે વાસુદેવ, તમને હમારા નમસ્કારછે. ॥ ૧૬ ॥

॥ उद्धव उवाच ॥ वासुदेवं परित्यज्य्ययो न्यंदेवमुपासते ॥
तृषितो जान्हवीतीरे कुपंखनाति दुर्मति ॥ १७ ॥

ઉદ્ધવ કહેછે.– વાસુદેવ ભગવાનને ત્યાગ કરીને, જે અન્ય દેવની ઉપાસના કરેછે. તે શ્રી ગંગાજીના તટ ઉપર તરશો મનુષ્ય જેમ કુવો ખોદે તેવો અધમ માંણુસછે. ॥ ૧૭ ॥

॥ धौम्य उवाच ॥ अपासमीपे शयनासनस्थितौ दिवाचरा त्रौंचयथादिगक्छता ॥ यद्यस्तिकिंचित्सु कृतं कृतं मया
जनार्दे नस्तेन कृतेन तुष्यतु ॥ १८ ॥

ધૌમ્ય રૂષી કહેછે—જળની સમીપ, સૈન કરતી વખત, આસંન ઉપર બેસતી વખત, દિવસને વિષે, રાત્રી ને વિષે અને ચાલતાં જે કાંઇ મ્હારૂં સત્તકુર્મ હોય તેથી હે જનાર્દન ભગવાંન તમે પ્રસન્ન થાઓ. ॥ ૧૮ ॥

॥ संजय उवाच ॥ आर्ता विषण्णाः शिथिलाश्च भीता घोरेषु
व्याघ्रादिषु वर्त्तमानाः ॥ सकीर्त्य नारायण शब्द मात्रं
विमुक्त दुःखा सुखिनो भवंति ॥ १९ ॥

પાંડવ ગીતા.

જય કહે છે—દુઃખી, ખેદ પામેલા, શિથિલ નરમથયેલા, ભયપામેલા, ભયંકર વાઘ, સિંહમાં ભય પામેલા એવા, નારાયણ ભગવાંનના સબ્દનું કિર્તન કરીને દુઃખમાંથી છુટેલા પ્રાંણી સુખી થાયછે. ॥ ૧૯ ॥

॥ अक्रूर उवाच ॥ अहंहि नारायणदास दास दासानु दासस्य-
चदास दास ॥ अस्त्य न्यईशो जगतो नराणां तस्मादहं
चाऽन्य तरोस्मि लोके ॥ २० ॥

અક્રૂર કહેછે.- હું નારાયણનો દાસ, તેમના દાસનો દાસછુ. લોકમાં પરમેશ્વર સિવાય બીજાને જે પરમેશ્વર માનેછે, તેનાથી હું જુદો છુ. ॥ ૨૦ ॥

॥ विदुर उवाच ॥ वासुदेवस्य येभक्ताः शांता स्तद्गत मानसाः ॥
तेषां दासस्यदासोहम भृवं जन्म जन्मानि ॥ २१ ॥

વિદુરજી કહે છે.- વાસુદેવના જે ભકતછે, જેકે શાંત અને ભગવાંનના વિશે નિર્મળ મન વાળાછે, તેમનો હું જન્મોજન્મ દાસછુ. ॥ ૨૧ ॥

॥ भीष्म उवाच ॥ विपरीतेषु कालेषु परिक्षीणेषु बंधुषु ॥
त्राहिमां कृपया कृष्ण शरणागत वत्सल ॥ २२ ॥

પાંડવ ગીતા.

ભીષ્મપિતા કહે છે—કાળબળની ગતિ વિપરીત થયેછતે, અને બધુ કુટુંબ નાશપામેછતે, હે, શરણાંગત વત્સલ શ્રી કૃષ્ણ મ્હારૂ રક્ષણ કરો. ॥ ૨૨ ॥

॥ द्रोणाचार्य उवाच ॥ येये हताश्चक्रधरेण राजंस्त्रैलोक्य नाथेन जनार्दनेन ॥ तेतेनरा विष्णु पुरं प्रयाताः क्रोधोपि देव स्यवरेण तुल्यः ॥ २३ ॥

દ્રોણાચાર્ય કહે છે—શુદર્શન ચક્ર ધારણ કરનાર પ્રભુયે જેમને જેમને, સાંહારેલા છે, તે બધા મોક્ષગતિને પામેલા છે માટે પ્રભુનો જે ક્રોધ તે પણ વરદાનને તુલ્ય છે. ॥ ૨૩ ॥

॥ कृपाचार्य उवाच ॥ मज्जन्मनः फलमिदं मधु कैट भारेम त्प्रार्थनीय मदनुग्रह एषएव ॥ त्वद्भृत्य भृत्य परिचारक भृत्य भृत्य भृत्यस्य भृत्य इतिमां स्मर लोकनाथ ॥ २४ ॥

કૃપાચાર્ય કહે છે—હે મધુકેટભ દૈત્યને નાશ પમાડનાર, હે પ્રભુ મારા જન્મનુ ફળ એટલુંજ કે મારા ઉપર અનુગ્રહ કરવો, કે જેથી હુ તમારા દાસનો દાસ તથા તેમના દાસનો પણ દાસછુ. ॥ ૨૪ ॥

પાંડવ ગીતા.

॥ अश्व त्थामोवाच ॥ गोविंद केशव जनार्दन वासुदेव विश्वेश
विश्व मधु सुदन विश्वनाथ ॥ श्री पद्म नाभ पुरुषोत्तम
पुष्क राक्ष नारायणा च्युत नृसिंह नमो नमस्ते ॥२५॥

અશ્વસ્થામા કહેછે.—હે ગોવિંદ, હે કેશવ, હે જનાર્દન, હે વાસુદેવ, હે વિશ્વેશ, હે મધુસૂદન, હે વિશ્વનાથ હે શ્રીપદ્મનાભ, હે પુરૂષોત્તમ, હે પુષ્કરાક્ષ, હે નારાયણ, હે અચ્યુત, હે નૃસિંહ, તમને મારા નમસ્કાર છે. ॥ ૨૫ ॥

॥ कर्ण उवाच ॥ नान्यं वदामि नश्रृणोमि नचिंतयामि नान्यं
स्मरामि नभजामि नचाश्रयामि ॥ भक्त्यात्वदीय च-
रणांबुज मादरेण श्री श्री निवास पुरुषोत्तम देहि-
दास्यम ॥२६॥

કર્ણ કહેછે.—હું બીજુ કાંઇ બોલતો નથી, બીજુ સાંભળતો નથી, બીજાનું ચિંતન કરતો નથી, બીજાનુ સ્મરણ કરતો નથી, બીજાનું ભજન કરતો નથી, તેમ બીજાનો આશ્રય કરતો નથી, ફકત ભકિતથી તમારા ચરણ કમળનો આશ્રય કરૂંછુ, હે પુરૂષોત્તમ તમારૂ દાસ્યપણુ મને આપો. ॥ ૨૬ ॥

પાંડવ ગીતા.

॥ धृतराष्ट्र उवाच ॥ नमो नमः कारण वामनाय नारायणायामित विक्रमाय ॥ श्रीशार्ङ्ग चक्राब्जगदा धराय नमोस्तु तस्मै पुरुषोत्तमाय ॥ २७ ॥

ધૃતરાષ્ટ્ર કહે છે—કારણથી વામન અવતાર ધારણ કરનાર નારાયણ એવાં અમીત એટલે અપરમિત જેનુ પ્રાક્રમ છે એવા ધનુષ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરનાર, એવા પુરૂષોત્તમને મારા પ્રણામ છે. ॥ ૨૭ ॥

॥ गांधार्युवाच ॥ त्वमेव माताच पितात्वमेव त्वमेव बंधुश्च सखा त्वमेव ॥ त्वमेव विद्याद्र विणंत्वमेव त्वमेव सर्वं ममदेव देव ॥ २८ ॥

ગાંધારી કહેછે—માતા પણ તમે પિતા પણ તમે બંધુ પણ તમે મીત્ર પણ તમે વિદ્યા રૂપિ તમે દ્રવ્યરૂપિ તમે હે દેવના દેવ મારૂં બધું તમે છો. ॥ ૨૮ ॥

॥ द्रौपद्य उवाच ॥ यज्ञेशा च्युत गोविंद माधवानंत केशव ॥ कृष्ण विष्णो हृषीकेश वासुदेव नमो स्तुते ॥ २९ ॥

દ્રોપદિ કહે છે—હેયજ્ઞેશ, હે અચ્યુત, હે ગોવિંદ, હે માધવ, હે અનંત, હે કેશવ, હે કૃષ્ણ હે વિષ્ણુ, હે હૃષીકેશ, હે વાસુદેવ, તમને મારા પ્રણામ છે. ॥ ૨૯ ॥

પાંડવ ગીતા.

॥जयद्रथ उवाच ॥नमः कृष्णाय देवाय ब्रह्मणेनंत मूर्त्तये ॥ योगेश्वराय योगाय त्वामहं शरणंगत ॥ ३० ॥

જયદ્રથ કહેછે—કૃષ્ણરૂપ તમે, દેવરૂપ તમે, બ્રહ્મારૂપ તમે, યોગેશ્વરરૂપ તમે, અનંતમૂર્ત્તિ તમે, અને યોગેશ્વર અને યોગરૂપ એવા તમને મારા પ્રણામછે. ॥ ૩૦ ॥

॥ विकर्ण उवाच ॥ कृष्णाय वासुदेवाय देवकीनंदनायच ॥ नंद गोप कुमाराय गोविंदाय नमो नमः ॥ ३१ ॥

વિકર્ણ કહેછે—શ્રી કૃષ્ણ, વાસુદેવ, દેવકીનંદન, નંદગોપકુમાર, ગોવિંદ તમને નમસ્કાર છે. ॥ ૩૧ ॥

॥ सोमदत्त उवाच ॥ नमः परम कल्याण नमस्ते विश्व भावन ॥ वासुदेवाय शांताय यदूनां पतये नमः ३२ ॥

સોમદત્ત કહેછે—પરમ કલ્યાણ કરનાર, વિસ્વને ઉત્પન્ન કરનાર, વાસુદેવ, શાંત, યદુના પતિ, તમને મારા પ્રણામ છે. ॥ ૩૨ ॥

॥ विराट उवाच ॥ नमो ब्रह्मण्य देवाय गोब्राह्मण हितायच ॥ जगद्धिताय कृष्णाय गोविंदाय नमोनमः ॥ ३३ ॥

પાંડવ ગીતા.

વિરાટ કહેછે—બ્રહ્મણ્યદેવ, ગાઓ અને બ્રાહ્મણોનું હિત કરનાર, જગતનુ હિત કરનાર, એવા શ્રીકૃષ્ણ, તમને મારા પ્રણામ છે. ॥ ૩૩ ॥

॥ शल्य उवाच ॥ अतसी पुष्प संकाशं पीत वास समच्युतम् ॥ येनमस्यंति गोविंद नतेषां विद्यते भयम् ॥ ३४ ॥

શલ્ય કહેછે—કાળા પુષ્પની કાંતિ જેવા પીળાં પીતાંમ્બર પેરેલા એવા ભગવાનનુ જે જે વંદન કરે છે તેમને કોઇ પણ પ્રકારનો ભય નથી ॥ ૩૪ ॥

॥ बलभद्र उवाच ॥ कृष्ण कृष्ण कृपालु स्त्वमगतीनां गतिर्भव ॥ संसारर्णव मग्नानां प्रसीद पुरुषोत्तम ॥ ३५ ॥

બળીભદ્ર કહેછે-હે કૃષ્ણ કૃષ્ણ કૃપાળ, જેની કંઇ પણ ગતિ નથી તેને સદગતિ આપનારા તમે થાઓ, અને સંસારરૂપી સમુદ્રમાં ડુબેલા હમને તમે પ્રસન્ન થાઓ. ॥ ૩૫ ॥

श्रीकृष्ण उवाच ॥ कृष्ण कृष्णेति कृष्णेतियोमां स्मरति नित्यशः ॥ जलंभित्वा यथापद्मं नरकादुद्धराम्यहम् ॥ ३६ ॥

सत्वं ब्रवीमि मनुजाः स्वय मूर्ध्व बाहुर्योमां मुकुंद नर-

सिंह जनार्दनेति ॥ जीवोजपत्यनुदिनं मरणे रणेवा पाषाण काष्ठ सद शायद दाम्य मीष्टम् ॥ ३७॥

શ્રીકૃષ્ણ પરમાત્મા કહેછે—હે કૃષ્ણ હે કૃષ્ણ એમ કહી જે હમેશાં મારૂ સ્મરણ કરે છે. તેમનો જળને ભેદીને કમળની માફક હુ ઉદ્ધાર કરૂછુ હે મનુષ્યો હુ ઉંચા હાથ રાખી કહુછુ કે, જેમને હે મુકુંદ હે નરસિંહ હે જનાર્દન એ પ્રમાણે જે જીવ હમેશાં, મૃત્યુ પામતી વખતે અને રણસંગ્રામમાં મારો જપ કરેતો પથર જેવો અને લાકડા જેવો તે હોય તો પણ તેના મનોરથને હુ પરીપુર્ણ કરૂછું. ॥ ૩૬-૩૭ ॥

॥ सूत उवाच ॥ तत्रैव गंगा यमुनाच वेणी गोदावरी सिंधु सरस्वतीच ॥ सर्वाणि तीर्थानि वसंति तत्र यत्रा च्युतोदार कथा प्रसंगः ॥ ३८ ॥

સૂતપુરાણી કહેછે.– જયાંઆગળ ભગવાનની કથાનો પ્રસંગ ચાલે ત્યાં શ્રી ગંગાજી, યમુનાજી, વેણી, ગોદાવરી, સિંધુ, સરસ્વતી વિગેરે સર્વે તીર્થો નિવાસ કરેછે. ॥ ૩૮ ॥

॥ यम उवाच ॥ नरके पच्य मानरतुय म्येन परिभाषितः ॥ किंत्वयानार्चितोदेवः केशव क्लेश नाशनः ॥ ३९ ॥

પાંડવ ગીતા.

યમરાજા કહેછે.-જ્યારે મનુષ્ય નર્કમાં પડેલો હતો, ત્યારે યમરાજાયે તેને કહ્યું હતુ કે, કલેંશને નાસ કરનાર કેશવ ભગવાનનુ તેં શામાટે પૂંજન કરૂ નહીં કે જેથી તારે નરકમાં પડવું પડયુ. ।। ૩૯ ।।

।। नारद उवाच ।। जन्मांतर सहस्त्रेण तपो ध्यान समाधिभिः ।। नराणां क्षीणपापानां कृष्णे भक्तिः प्रजायत ।। ४० ।।

નારદમુની કહેછે.-હજારો જન્મથી તપ, ધ્યાંન અને સમાધિ વડે કરીને, જેનું પાપ નાશ પામેલુ છે, એવા મનુષ્યોની કૃષ્ણ પરમાત્મા વિષે ભકિત થાયછે. ।। ૪૦ ।।

।। प्रल्हाद उवाच ।। नाथ योनि सहस्त्रेषु येषु येषु व्रजाम्यहम् ।। तेषु तेष्व चला भक्ति रच्युतास्तु सदात्वयि ।। ४१ ।।

પ્રલ્હાદજી કહેછે. હે નાથ, હજારો યોનીઓમાં હુ જયારે ગતિ કરૂ, અને જન્મ લેઊ, ત્યાં મારી નિ. ર્મળ ભકિત તમારે વિષે થાઓ ।। ૪૧ ।।

यामीति रविवेकानां विषयेष्व न पायनी ।। त्वामनु स्मरतः सामे न्हृदयान्नाप सर्पतु ।। ४२ ।।

પાંડવ ગીતા.

અવિવેકી પુરૂષોની જે વિષયને વિષે પ્રિતીછે, તેવિ પ્રિતિ તમારૂ સ્મરણ કરતો હું તે મારા હૃદયમાં સ્પર્શ કરો નહિ. ॥ ૪૨ ॥

॥ विश्वामित्र उवाच ॥ किंतस्यदानैः किंतीर्थैः किंतपोभिः किमध्वरैः ॥ योनित्यं ध्यायते देवं नराणां मनसि स्थितम् ॥ ४३ ॥

વિશ્વામિત્ર રૂષી કહેછે.—જે મનુષ્યો હમેશાં પરમાત્માનુ ધ્યાંન કરેછે, તેને દાન, તપ, યજ્ઞ, કરવાને કાંઈ જરૂર નથી. ॥ ૪૩ ॥

॥ जमदग्नि रुवाच ॥ नित्योत्सवर सदा तेषां नित्या श्रीर्नित्य मंगलम् ॥ येषां त्दृदिस्थो भगवांन्मंगलायतनं हरिः ॥ ४४ ॥

જમદગ્નિ રૂષિ કહેછે.—જેના હૃદયમાં મંગળના સ્થાન રૂપી શ્રીહરિ જયાં બિરાજેછે, ત્યાં નિંત્ય ઊચ્છવ મંગળ, અને નિંત્ય લક્ષ્મી રહેછીછે. ॥ ૪૪ ॥

॥ भरद्वाज उवाच ॥ लाभस्तेषां जयस्तेषां कुतस्तेषां पराजयः ॥ येषा मिंदी वरश्यामो त्दृदयस्थो जनार्दनः ॥ ४५

પાંડવ ગીતા.

ભરદ્વાજ રૂષી કહેછે.-જેમના હૃદયને વિષે કમળના સરખા નેત્રવાળા ભગવાંન બિરાજેછે, તેમને હમેશાં લાભ અને જય છે, તેમનો પરાભવતો હોયજ કયાંથી. ॥ ૪૫ ॥

॥ गौतम उवाच ॥ गोकोटिदान ग्रहणेषु काशी प्रयाग गंगा युत्त कल्पवासः ॥ यज्ञायुतं मेरु सुवर्ण दानं गोविंदनाम्नान स्मरंन तुल्यम् ॥ ४६ ॥

ગૌતમરૂષી કહે છે— ગ્રહણ સમયે કોટી ગાયોનું દાન કાશીમાં કરે, અને પ્રયાગમાં ગંગા (ત્રિવેણી ગંગાજી) માં દશ હજાર યજ્ઞ કરે, અને મેરૂ પર્વતના સરખુ સુવર્ણનુ દાન કરે તો પણ તે ગોવિંદના નામના સ્મરણ તુલ્ય આવે નહી. ॥ ૪૬ ॥

॥ अत्रि रुवाच ॥ गोविंदेति सदा स्नानं गोविंदेति सदा जप ॥ गोविंदेति सदा ध्यानं सदा गोविंद कीर्त्तनम् ॥ ४७ ॥

અંત્રિ ઋષિ કહે છે—ગોવિંદ નામ એજ સ્નાન, એજ જપ, એજ સદા ધ્યાન છે તે કારણ માટે ગોવિંદના નામનું સદા કિર્ત્તન કરવું ॥ ૪૭ ॥

પાંડવ ગીતા.

अक्षरं हिपरं ब्रह्म गोविंदे त्यक्षर त्रयम् ॥ तस्मादु च्चरितं येन ब्रह्म सुयायं कल्पते ४८॥

અક્ષર, પરબ્રહ્મ, અને ગાંવિંદ, એ ત્રણ અક્ષર જેણે ઊચ્ચારણ કર્યા, તે બ્રહ્મ પદ્દિને પામે છે. ॥ ૪૮ ॥

॥श्री शुक उवाच॥ अच्युतः कल्प वृक्षो सावनतः कामधेनवः॥ चिंतामणिश्च गोविंदो हरि नाम विचिंत यत् ॥४९॥

શ્રી શુકદેવજી કહે છે—અચ્યુત તે કલ્પ વ્રક્ષ છે, અનંત ભગવાંન તે કામધેનું રૂપ છે, ચિંતામણિ રૂપી ગોવિંદ છે, તે કારણ માટે શ્રી હરિના નામનું સ્મરણ કરવું. ॥ ૪૯ ॥

॥ हरि रुवाच ॥ जयति जयति देवो देवकी नंदनोयं जयति जयति कृष्णो वृष्णि वंश मदीपः॥ जयति जयति मेघ श्यामलः कोमलांगो जयति जयति पृथ्वी भारनाशो मुकुंदः ॥ ५० ॥

હરિ ઋષી કહે છે—દેવકીનંદન ભગવાંન જય પામો, અને યાદવોના વંશને દીપાવનાર શ્રી કૃષ્ણ જય પામો, મેઘના સરખા ભગવાંન જય પાંમો, પૃથ્વિ ભારના નાશ કરનાર મુકુંદ ભગવાંન જય પામો. ॥ ૫૦ ॥

પાંડવ ગીતા.

॥ पिप्पलायन उवाच ॥ श्रीमन्नृसिंह विभवे गरुडध्व जायता पत्रयोपशमनाय भवौषधाय ॥ कृष्णाय वृश्चिक जलाग्नि भुजंग रोगलेश व्यपाय हरये गुरवेनमस्ते ॥ ५१ ॥

પીપ્પલાયન ઋષી કહે છે—શ્રીમદ્ નૃસિંહ વિભુ, ગરૂડ ધ્વજ, અને ત્રીવિધ તાપને શાંત કરનાર, સંસારના ઔશધ રૂપી કૃષ્ણ એવા વિછી, જળ, અગ્ની, સર્પ, અને રોગના અંશ ભાગને નાશ કરનાર શ્રી હરિ ગુરૂને મારા નમસ્કાર છે. ॥ ૫૧ ॥

॥ आविर्होत्र उवाच ॥ कृष्णत्वदीय पदपंक जपंजरांते अद्यैवमे विशतु मानसराजहंसः ॥ प्राणप्रयाण समयेकफवात पित्तैः कंठावरोधन विधौस्मरणं कुतस्ते ॥ ५२ ॥

આવિર્હોત્ર ઋષી કહે છે— હે કૃષ્ણ તમારા ચરણ કમળ રૂપી પાંજરાની અંદર મારો મન રૂપી રાજ હંસ હમણાંથીજ પ્રવેશ કરો, કેમકે પ્રાણનોં નાશ થતી વખતે કફ, વાયુ, પિત વડે કરીને કંઠનો જ્યારે અવરૂધંન થાય, ત્યારે તમરૂ સ્મરણ કયાંથી થાય ॥ ૫૨ ॥

પાંડવ ગીતા.

॥ विदुर उवाच ॥ हरेर्नामैवनामैव नामैव ममजीवनम् ॥
कलौनास्त्येव नास्त्येव नास्त्येव गतिरन्यथा ॥ ५३ ॥

વિદુરજી કહે છે—શ્રીહરિનું નામ છે એજ હમારૂં જીવન
છે. કળીયુગમાં શ્રી હરિના નામ શીવાય સર્વે નાશ
વસ્તુ છે ને અમારી બીજા પ્રકારે ગતી નથી. ॥ ૫૩ ॥

॥ वसिष्ट उवाच ॥ कृष्णेति मंगलं नामयस्य वाचिप्रवर्त्तते ॥
भस्मी भवंतितस्याशु महापातक कोटयः ॥ ५४ ॥

વસિષ્ટ ઋષી કહે છે-શ્રીકૃષ્ણ એવું મંગળકારીક નામ જેની
જીભ્હામાં છે, તેનાં કોટી મહા પાપ તત્કાળ ભસ્મ
પામે છે. ॥ ૫૪ ॥

॥ अरुंधत्युवाच ॥ कृष्णाय वासुदेवाय हरये परमात्मने ॥
प्रणतक्लेश नाशाय गोविंदाय नमोनमः ॥ ५५ ॥

અરૂધત્યુ, વસિષ્ટ રૂષીની સ્ત્રી કહે છે-શ્રી કૃષ્ણ, વાસુદેવ,
હરિ, પરમાત્માને પ્રણામ કરનારના ક્લેશને નાશ
કરનાર ગોવિંદને મારા પ્રણામ છે. ॥ ૫૫ ॥

॥ कश्यप उवाच ॥ कृष्णानु स्मरणादेव पापसंघात पंजरः ॥
शतधाभेदमाप्नोति गिरिवज्रहतो यथा ॥ ५६ ॥

પાંડવ ગીતા.

કશ્યપ રૂષી કહે છે-શ્રીકૃષ્ણનું સ્મરણ કર્યા થકી, પાપ રૂપી સમુદાયનુ પાંજરૂ તેના સેંકડો કટકા થઇ જાય છે, જેમ વજ્રના પ્રહારથી પર્વત નાશ પામે છે તેમ. ॥ ૫૬ ॥

॥ दुर्योधन उवाच ॥ जानामिधर्मं नचमेप्रवृत्ति र्जानाम्यधर्मं न चमे निवृत्तिः ॥ केनापिदेवेन हृदिस्थितेन यथानियुक्तो स्मितथा करोमि ॥ ५७ ॥

દુર્યોધન કહે છે કે-હું ધર્મને જાણું છું તથાપી મારી પ્રવૃત્તિ થતી નથી, અધર્મનેજાણું છું તથાપી મારી નિવૃત્તિ થતી નથી, કોઇ એવા દેવ મારા હૃદયમાં રહેલાછે તે જેવિમને પ્રેરણાકરેછે તે પ્રમાણે હુ વર્તુ છું ॥ ૫૭ ॥

येन स्वगुण दोषेण क्षम्यतां मधुसुदनः ॥ अहंमेव महंहंतुं ममदोषोन विद्यते ॥ ५८ ॥

હે મધુસુદન ભગવાંન મારા કોટિ અપરાધ છે તોય પણ ક્ષમા કરો, અહંકારથી હું જાતે પોતાને મારવા તૈયાર થયેલો છું ત્યાં મારો દોષ કયાંથી હોય ॥ ૫૮ ॥

પાંડવ ગીતા,

॥ भृगुरुषी उवाच ॥ नामथेयत्वंगोविंद नामत्वत्तः शताधिकम ॥
दद्रात्युच्चारणान्मुक्तिं विनाप्य ष्टांगयोगतः ॥ ५९ ॥
ભૃગુ રૂષી કહે છે--હે પ્રભૂ તમારૂં નામ ગોવિંદ સોથણુ અધિક છે, અને તે ગોવિંદ નામ ઉચ્ચારથી મોક્ષ આપે છે. એટલુ અષ્ટાંગ યોગ સાધનથી મોક્ષ આપતે નથી. ॥ ૫૯ ॥

॥ लोमहर्षण उवाच ॥ नमामि नारायणपादपंकजं करोमि नारायण पुजनंसदा ॥ वदामि नारायणनाम निर्मलं स्मरामि नारायण तत्वमव्ययम् ॥ ६० ॥
લોમહર્ષણ રૂષી કહે છે—હું નારાયણના ચરણ કમલને નમસ્કાર કરૂ છું, અને હમેશાં નારાયણનુ પૂંજન કરૂ છું, અને હમેશાં નારાયણનુ નિર્મળ નામ બોલુ છુ, અને કોઇ દિવસ નાશ ન પામે એવા. નારાયણ નાંમનુ સ્મરણ કરૂ છું ॥ ૬૦ ॥

॥ शौनक उवाच ॥ स्मृते सकलकल्याण भाजनं यत्रजायते ॥ पुरुषंतमजंनित्यं व्रजामि शरणंहरिम् ॥ ६१ ॥
શૌનક કહે છે-ભગવાંનનુ સ્મરણ જે મનુષ્ય કરે છે તે સકળ કલ્યાંણને પ્રાપ્ત થાય છે. તેવા ઉત્પત્તિ રહિત

પાંડવ ગીતા.

જે શ્રીહરિ તેમને હું શરણે જાઉં છું. ॥ ૬૧ ॥

॥ गर्ग उवाच ॥ नारायणेति मंत्रोस्ति वागस्तिवशवार्तिनी ॥
तथापि नरकेघोरेपततीत्ये तम्दुतम् ॥ ६२ ॥

ગર્ગ રૂષી કહે છે—નારાયણ એવો મંત્ર છે, અને વાણી જેની બરાબર છે, તેમ છતાં મનુષ્ય નરકે જાય એ મોટું અદ્ભુત છે. (નિર્મળ મન અને સુધ અંતઃકરણ વગરના) ॥ ૬૨ ॥

॥ दाल्भ्य उवाच ॥ किंतस्यबहु भिर्मंत्रै र्भक्तिर्यस्य जनार्दने ॥
नमो नारायणा येतिमंत्रः सर्वार्थ साधक ॥ ६३ ॥

દાલ્ભ્ય રૂષી કહે છે—જે પુરૂષને જનાર્દન નારાયણની ભકિત છે, તેને બીજા મંત્રની કાંઇ જરૂર નથી "નમો નારાયણ" એ પ્રકારે મંત્ર છે તે સર્વ અર્થને સિદ્ધ કરનાર છે. ॥ ૬૩ ॥

॥ वैशंपायन उवाच ॥ यत्रयोगेश्वरः कृष्णो यत्रपार्थो धनुर्धरः ॥
तत्रश्रीर्विजयोभूति र्ध्रुवानीतिर्मतिर्मम ॥ ६४ ॥

વૈશંપાયન કહે છે—જ્યાં યોગેશ્વર શ્રીકૃષ્ણ પરમાત્મા છે, ને જ્યાં ધનુર્ધર અર્જુન છે ,ત્યાં, લક્ષ્મી, વિજય,

સ્મૃદ્ધિ, અને નાશ રહિત નીતિ પણ ત્યાં રહેલી છે. ॥ ૬૪ ॥

॥ अंगिरा उवाच ॥ हरिर्हरतिपापानिदुष्टचित्तैरपिस्मृतः ॥
अनिच्छयापि संस्पृष्टो दहत्येवहिपावकः ॥ ६५ ॥

અંગિરા રૂષી કહે છે—કપટ ભાવથી શ્રીહરિનુ સ્મરણ કર્યું હોય તોય પણ તેનુ પાપ નાશ પામે છે, વગર ઇચ્છાયે અગ્નિ બાળે છે તેમ ભગવત સ્મરણ કરે તેનુ પાપ નાશ પામે છે. ॥ ૬૫ ॥

॥ पराशर उवाच ॥ सकृदुच्चारितंयेन हरि रित्य क्षरद्वयम् ॥ बद्धः
परिकरस्तेन मोक्षाय गमनंप्रति ॥ ६६ ॥

પરાશર રૂષી કહે છે—એકવાર જેણે શ્રીહરિ એવા બે અક્ષર સ્મરણ કરે તેણે મોક્ષ માર્ગે જવાની કેડ બાંધી છે એમ જાણવું. ॥ ૬૬ ॥

॥ पौलस्त्य उवाच ॥ हे जिव्हेरससारज्ञे सर्वदा मधुरप्रिय ॥
नारायणाख्य पीयूष पिबजिव्हे निरंतरम् ॥ ६७ ॥

પૌલસ્ત્ય રૂષી કહે છે—હે રસના સારને જાણનારી, અને મધુર રસને જાણનારી એવી એ જીવ્હા, તું નારા-

પાંડવ ગીતા.

થણુ રૂપી અમૃતનુ હમેશાં પાન ક'ર ॥ ૬૭ ॥

॥ व्यास उवाच ॥ सत्यं सत्यं पुनः सत्यं भूजमुत्थाप्य चोच्यते ॥ नवेदाच्च परंशास्त्रं न देवः केशवात्परः ॥ ६८ ॥

વ્યાસમુનિ કહે છે–હું જમણો હાથ ઉંચો કરી કરી કહું છુ કે, હું સત્ય કહું છું, વેદથી શ્રેષ્ટ બીજુ શાસ્ત્ર નથી, અને કેશવ ભગવાંનથી શ્રેષ્ટ કોઇ બીજો દેવ નથી. ॥ ૬૮ ॥

॥ धन्वंतरि रुवाच ॥ अच्युतानंत गोविंद नामोच्चारणभेषजात ॥ नश्यंति सकला रोगाः सत्यं सत्यं वदाम्यहम् ॥ ६९ ॥

ધન્વંતરિ વૈદ ઋષી કહે છે–હે અચ્યુત, હે અનંત હે ગોવિંદ એવા નાંમના ઉચ્ચાર રૂપી ઔષધથી સકળ રોગ નાશ પામે છે. એમ હું સત્ય કહું છું ॥ ૬૯ ॥

॥ मार्कंडे उवाच ॥साहानिस्तन्महच्छिद्रंसाचांधजड मूढता ॥ यन्मुहुर्त्तं क्षणंवापि वासुदेवं नचिंतयेत् ॥ ७० ॥

માર્કંડેય ઋષી કહે છે—એક ક્ષણવાર વાસુદેવ ભગવાંનનુ સ્મરણ ન થાય એજ હાની, એજ મહત છીદ્ર અને અંધપણુ, જડપણુ અને મુઢપણુ છે. ॥ ૭૦ ॥

પાંડવ ગીતા.

॥ अगस्त्य उवाच निमिषं निमिषार्द्धंवा प्राणिनां विष्णु चिंतनम् ॥ क्रतु कोटि सहस्त्राणां ध्यान मेकं विशिष्यते ॥ ७१ ॥

અગસ્ત્ય ઋષી કહે છે–એક પળ અથવા અડધી પળ વિષ્નુ ભગવાંનનુ ધ્યાંન કરે તો કરોડો યજ્ઞનું જે ફળ છે તે પણ એક ભગવાનના સ્મરણ તુલ્ય આવતુ નથી. ॥ ૭૧ ॥

मनसा कर्मणा वाचाये स्मरतिजनार्दनं ॥ तत्र तत्र कुरुक्षेत्रं प्रयागो नैमिषंवनम् ॥ ७२ ॥

મન, કર્મ, વાણી વડે કરીને જે જનાર્દન ભગવાંનનુ સ્મરણ કરે છે, તેજ કુરૂક્ષેત્ર, પ્રયાગ અને નૈમિષારણ્ય છે. ॥ ૭૨ ॥

॥ श्री शुक उवाच ॥ आलोड्य सर्व शास्त्राणि विचार्यैवं पुनः पुनः ॥ इदमेकंतु निष्पन्नं ध्येयो नारायणः सदा ॥ ७३ ॥

શ્રી શુકમુનિ કહે છે–સર્વ શાસ્ત્રોનુ અવલંબન કરીને, અને વારંવાર વિચાર કરીને એજ નિશ્ચય કર્યો છે કે હંમેશાં શ્રી વિષ્નુ ભગવાંનનુ ધ્યાંન કરવું. ॥ ૭૩ ॥

પાંડવ ગીતા.

श्री महादेव उवाच शरीरंच नवच्छिद्रं व्याधि ग्रस्तं कलेवरम् औषध जान्हवीतोयं वैद्यो नारायणो हरिः ॥ ७४ ॥

શ્રી મહાદેવ શંકર કહે છે—નવ છીદ્રનુ આ સરીર વ્યાધી ગ્રસ્તને કલેવર છે તેને શ્રી ગંગાજીનું જળ ઔષધ રૂપી છે, અને શ્રી નારાયણ હરિ વૈદ છે. ॥ ૭૪ ॥

॥ शौनक उवाच ॥ भोज्नाच्छादने चिंतां द्रथा कुर्वंति वैष्णवाः ॥ योसौ विश्वं भरो देवः सभक्तान् किमु पेक्षते ॥ ७५ ॥

શૌનક મુનિ કહે છે—ભોજન વિષે, અને પહેરવાના વસ્ર વિષે, વૈશ્નવો મિથ્યા ચિંતા કરે છે, જે વિશ્વં ભરદેવ છે તે પોતાના ભકતોનુ શુ નહી પોષણ કરે કરશેજ માટે ચિંતા ન કરવિ. ॥ ૭૫ ॥

एवं ब्रह्मा दयो देवा ऋषयश्च तपो धनाः ॥ कीर्तयंति सुर श्रेष्ठं देवं नारायणं विभुम् ॥ ७६ ॥

બ્રહ્માદિક દેવ, અને તપ રૂપી જેનુ ધન છે એવા ઋષી લોકો ; દેવતાઓમાં શ્રેષ્ટ વ્યાપક શ્રી નારાયણ

પાંડવ ગીતા.

વિષ્ણુ ભગવાંન ”નુ સ્મરણુ કરે છે. ॥ ૭૬ ॥

॥ सनत्कुमार उवाच ॥ यस्य हस्ते गदा चक्रे गरुडोयस्य वाहनम्. ॥ शंखः करतले यस्य समे विष्णुः प्रसीदतु ॥ ७७ ॥

સનત્કુમાર કહે છે—જેના હાથમાં ગદા અને ચક્ર છે અને ગરૂડજીનું વાહન છે અને હાથમાં શંખ રહેલો છે એવા વિષ્ણુ ભગવાંન હમેશાં મને પ્રસન્ન થાઓ. ॥ ૭૭ ॥

॥ चिंते मुकुंदं वदने मुकुंदं नेत्रे मुकुंदं श्रवणे मुकुंदं ॥ येशां सदा सर्वदा मुकुंदं ते मानवाकिन मुकुंद तुल्यम् ॥ ७८ ॥

જેના ચિતમાં મુકુંદ છે, નેત્રમાં મુકુંદ છે, કાંનમાં મુકુંદ છે, જેમને હમેશાં મુકુંદ છે, તે મનુષ્યો મુકુંદ તુલ્ય છે.

इदं पवित्र मायुष्यं पुण्यं पाप प्रणाशनम् ॥ यः पठेत्पातरुत्थाय वैष्णवं स्तोत्र मुत्त मम् ॥ ७९ ॥

પવિત્ર આયુષ્યને આપે, પુન્યને આપે, પાપનો નાશ કરે, એવું આ વિષ્ણુ ભગવાનનુ સ્તોત્ર પ્રાતઃકાળમાં ઉઠીને જે પાઠ કરે, તે તેના સર્વ પાપથી મુકત થઇ ભગવાંનનુ તારિત જે મોક્ષ તેને પાંમે છે.

પાંડવ ગીતા.

॥ सर्व पाप विनिर्मुक्तो विष्णु सायुज्य मान्पुयात् ॥ धर्मार्थ काम मोक्षार्थं पांडवैः परिकीर्त्तितम् ॥ ८० ॥

ધર્મ, અર્થ, કામ અને મોક્ષને માટે પાંડવોયે સર્વ પાપ થકી મુકાઇને વિષ્ણુ ભગવાંનની સ્તુતિ કરી છે. ॥૮૦॥

आकाशात्पतितं तोयं यथा गच्छति सागरम् ॥ सर्वदेव नमस्कारः केशवं प्रति गच्छति ॥ ८१ ॥

આકાશમાંથી પડેલુ જળ જેમ સમુદ્રમાં ગતિ કરે છે તેમ સર્વ દેવને નમસ્કાર તે કેશવ ભગવાંન પાસે ગતિ કરે છે. ॥ ૮૧ ॥

इति श्री पांडवकृत प्रपन्न गीता संपुर्णः ॥

समाप्त.

ઇતીશ્રી પાંડવ કૃત પ્રપન્ન ગીતા સંપુર્ણ.

શ્રી કૃષ્ણાર્પણમસ્તુ:

પ્રેમ લક્ષણા ભક્તિ-સાર.

પ્રાતઃકાળમાં પથારીમાંથી ઉઠી પવિત્ર થઇ એક ચિત્તથી શ્રીકૃષ્ણ પરમાત્માની પ્રાર્થના નિત્ય નિયમથી કેવિ કરવી તે વિષે વૈષ્ણવ ભક્ત કવિ દયારામે કહ્યું છે કે:—

પદ ૧ રાગ રામગ્રી.

કૃષ્ણ કરૂણા કરી, રૂપ નટવર ધરી, કોટી કંદ્રપથી
અતિરે સાર;
આપો દરસન તે, થાઉં પરશન હું, ટમટમે
નિરખવા મન મ્હારૂં ॥ ૧ ॥ કૃષ્ણ
ભક્તિ સ્મરણ તણું, વિર્ય નહિ માહરૂં, જેથી હુ
તાહરી કાંતિ દેખું;
ઇદ્રાદિક દેવને, કૃષ્ટે આવો નહિ, તે આગળ માહરૂ
કાંઇ લેખું. ॥ ૨ ॥ કૃષ્ણ
ભક્તિથી હિંનહું, દિન દામોદરા, અન્ય એકુ નથી
મ્હારે દાવો;

પ્રેમ લક્ષણા ભકિત સાર

મન તણા કોડ તે, મન વિશે રહિ જશે, નહિ સુણો
નાથજી મ્હારી રાવો ॥ ૩ ॥ કૃષ્ણ
કર્મ મ્હારાં જોશો, તો કશું નહિ બને, દિન લ્હેશો તો,
કાંઇક હળસે;
ભેટોને ભૂધરા, રંક જાણી મને, કાર્ય સરસે, ત્હારૂં
બર્દ પળસે. ॥ ૪ ॥ કૃષ્ણ
કોટી ભકત ભકિતથી, આવિ મળી આ શરણ,
શ્રીકૃષ્ણ ગુણ તે ગાતે ગાતે;
તેમાં એક અધિક પતિત લેઇ પાળજો, એમ જાણો
દયા ધર્મ ખાતે. ॥ ૫ ॥ કૃષ્ણ કરૂણા કરી, રૂપ નટવર ધરી,
કોટી કંદ્રપથી અતિરે સારૂં.

પદ ૨ શ્રી હરિ નાંમ માળા સવૈયા છંદ.

ગુરૂ ગોવિંદ કૃપાનિધિ કેશવ, કમળા નાથ કૃપાળ;
કમળ નયન કરૂણા સાગર, શ્રી કૃષ્ણ હરે ગોપાળ;
ગોપીજન વલ્લભ ગિરધારી, ગોપીનાથ ગોવિંદ,
ગોકુલેશ ગરૂડધ્વજ, ગોવરધંન ધારી-વ્રજ ચંદ.
ગોકુલચંદ્ર ગદાધર, ગોમતિ પ્રિય રમેશ,
નારાયણ નરસિંહ, નિરંજન નિરાકાર નરેશ;

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

નર કાંતક નરવીર નરોતમ, નંદલાલ નર રૂપ,
જગંન્નાથ જળશાઈ જનાર્દન, જોતી રૂપ જગભુપ. ૨
જગદાધાર જશોદા નંદન, જગજીવન જગનેશ;
શ્રી જુમનાં વહૂભ ભજ વંદન, જુગદીશ્વર જમુનેશ;
ચક્ર પાંણી ચતુર્ભુજ અચ્યુત, ચિદાનંદ શુભ કંદ,
ચતુર્બાહુ ચાણુરતંન મર્દન, શ્રીધર પરમાનંદ. ૩
દયા સિંધુ દાંમોદર દિનપતિ, દીનાનાથ દયાળ,
દીનબંધુ પ્રભુ દેવકી નંદન, નરપતિ સુર પતિપાળ;
શ્રીપતિ પદ્માપતિ સધાપતિ, કમળાપતિ ભવેશ,
દધીજાપતિ રૂકમણિપતિસાગર, સુતાપતિ ઋષિ કેશ. ૪
પદ્મ નાભ પુરૂષોત્તમ પરિબ્રહ્મ, પરમ પુરૂષ પરમેશ,
પુષ્ક રાક્ષ પરમાક્ષ પરમ પ્રભુ, મધુસૂદન મથુરેશ;
ધરણીધર, અવનીધર, ભુધર, વસુમતિ ધર મહિ ધારિ,
કૈસ્તુભ ધર પીતાંમ્બર ધર, વંસાધર કુંજ વિહારિ; ૫
માધવ મુરમર્દન, મધુમર્દન મતિવિક્રમ સુખ ધામ,
મુકુંદ મેધવર્ણ મહા બાહુ, જદુપતિ સુદર શ્યાંમ;
રામચંદ્ર પ્રભુ દશરથ નંદન, દયા સિંધુ ભગવંત,
માંયાહિ માંયાહિ માહિમાં, પુર્ણાનંદ અનંત. ૬

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

અષ્ટોતર શત નામ કૃષ્ણનાં, ગણિ ગણિ જે જન ગાય,
રોગ દોષ દુઃખ ક્લેશ જશે, વળિ પળમાં પાપ પળાય;
મનવાંછિત ફળ તેને મળશે, દયો કહે ધ્રુવ વાણિ,
કોટીક કારજ તજીને ભજીયે, દ્રઢ કરિ સારંગ પાંણિ. ૭

પદ ૩

શ્રી ગુરૂદેવ, શ્રીમદ્ વલ્લભ વર, વાગધીશ, મહા પ્રભુ પુરૂષોત્તમ, શ્રી ગોશ્વાંમી વીઠલેશ, શ્રી કૃષ્ણચંદ્ર, ગોપીજન વલ્લભ, વજેદ્ર વજજીવંન, વંદ્રાવંનચંદ્ર, રસીક વર, શ્રી ગોવરધંન ધરનધીર, બલભદ્ર વીર, કંદ્રપ કોટી, લાવણ્ય કળાનિધિ, પુરણ બ્રહ્મ, પુરણાનંદ, પરમાનંદ કંદ, હરિ લલિત, ત્રિભંગી, સદગુણ સાગર, નટવર નાંગર, સંરસસ નાતન, સદાનંદ, સચિંદાનંદ, આનંદ ધન, અનુપમ, અનંત કોટિ બ્રહ્માંડ ભુપ, રસ રૂપ, રાધિકા રમણ, રાર રસ મગ્ન, મનોહર, મદનમાન્ન મર્દન વર, ત્રિલોક સુંદર, હરિ ઇશ્વર, ભગવાન, ભકત વત્સલ, સર્વેશ્વર, કેશવ, કમલનયન કમલાવર, યમુના પ્રાંણ, ડેહલ વિતાદિક લલના, પ્રાંણજી વખં ધન, ચંદ્રાવલિ સુખ ચારૂ, ચંદ્રમા ચકોર, વ્રજજી

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

વંન, વનમાળી, મરદન કાળી, નંદકીશોર, યશોદાનંદન, મુરલીધર, ઋષી કેશ, રામ પ્રિય, દેવકીનંદન, વસુદેવાત્મજ, વાસુદેવાત્મજ, વાસુદેવ, વરદરાજ, અચ્યુત, નારાયણ, પ્રભુ, અનંત વિભૂ, ગોવિંદ, ગદાધર, ગરૂડ્ધ્વજ, ગોપાલ, ગોકુલાધીશ, ગોપિકા પ્રાંણનાથ, પુંડરિકાક્ષ માધવ દામોદર, પદ્મનાભ મધુસુદન, મુરારી, મુકુંદ, શ્રીજી, પિતાંમ્બર વઈકુંઠ, વંશધર, વિશ્વંભર, વઈકુંઠનાથ, જગદીશ જનાર્દન જગન્નાથ, શ્રીપતિ, સર્વોત્તમ, વિષ્ણુ, ત્રિગુણપર, તુલસિ વલ્લભ, બાલ કૃષ્ણ, ધરણીધર, ધરમી, દીનાનાથ, શરણાગત વત્સલ, પતીત પાવન, અધમોદ્ધારણ, દીનબંધુ, સમ્રતિ માત્ર, સકલ સંતાપ પાપહર, અવતારી આનંદ રૂપ, શ્રીરામચંદ્ર શ્રી ધનશ્યામ, સુંદર નવનીત પ્રીય, મથુરાધીપ, વિઠ્ઠલેશરાય શ્રી દ્વારીકા દેશ, ગોકુલેશ, ગોકુલચંદ્ર, મદન મોહન નાથ હરિ, અનાથ બંધુ, કરૂણાસિંધુ, અતિ ગંભીર, ઉદાર, અકળ, અજ અપાર, અંતરયામી, પ્રાંણપતિ, પરમ દયાળુ મહાપતિ, પ્રવિણ, સર્વ સકિતપતિ સર્વાત્મા પ્રભુ પુષ્ટીપશ્વર, શ્રી કૃષ્ણચંદ્ર તવદસોહં, પાહિ પાહિ, પ્રભુ નમો નમો જય દયાનાનાથ જય જય જય જય.

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

अष्टाक्षर गुरु मंत्र श्री महाप्रभुजीको सेवा पुजा वखत करवानो।

ॐ श्री कृष्णः शरणंमम सहस्रो परिवंत्सर।

मितकाल जातकृष्ण वियोग जनिततापः॥

क्लेशानंत तिरोभांवोहं भगवते कृष्णाय।

देहेन्द्रिय प्राणांतःकरणेनचधर्माश्च दारागार॥

पुत्राप्तवित्तेह पराण्यात्मना सह समर्पयामि।

दासोहं कृष्णत्वास्मिः॥

અર્થ—સર્વેના મૂળ કારણ રૂપ જે શ્રી કૃષ્ણ અથવા સર્વ વ્યાપક પરમાત્મા તે મારૂં આશ્રય સ્થાન–શ્રી કૃષ્ણ ના વિયોગથી હજારો વર્ષ સુધી અતિભારી કલેશ અને દુઃખ પ્રાપ્ત થયું છે. માટે હે મારા પરમપૂજ્ય શ્રી કૃષ્ણ મારૂં શરીર, ઇંદ્રીય, પ્રાણ અંતઃકરણ અને બીજી સર્વે ઇંદ્રીયો તથા મારી સ્ત્રી અને પુત્રાદિ સર્વ કુંટુબ સહિત મને પવિત્ર કરો. હું તમારો દાસ છું.

આનો ગુહ્યાર્થ અર્થ એવો છે કે "જીવાત્માને" જ્યારથી માયાના આવરણથી પરમાત્માં અથવા પોતાના શુદ્ધ ચૈતન્યથી વિયોગ થયો, ત્યારથી મહા દુઃખ સહન

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

કરવું પડયું છે. માટે હવે એ મૂળ આત્માનું મને સત્ય જ્ઞાન પ્રાપ્ત થયું છે. હવેથી એ પરમાત્માજ મારૂં શરીર છે. તેથી મારા અંતઃકરણ સહિત સર્વે ઇંદ્રીયો આદિ હું છું અને તેમાંજ સંમીલન કરૂં છું.

પદ ૪

દરશણ દોનીરે દાસને, હો મારા ગુણ નિધિ ગીરધરલાલ.
નાથ નિવારેરે ત્રાસને, આપો આપ ઉપર અતિ વહાલ.
દરશણ દોની ૧

શ્રી નટવર નંદનરે નંદના ભાવે, મુને મદન મનોહર રૂપ,
ચિત નવ ચાટેરે માંહરૂ મુને અનુભવ વ્યાપીક બ્રંમ અનુપ;
દરશણ દોની ૨

જપુ નહિ અજપારે જાપને, ન ગમે સુણવા અનહદ નાદ;
યજ્ઞ સમાધીરે ગમે નહી, ન ગમે સ્વર્ગ મુકિતનો સ્વાદ;
દરશણ દોની ૩

સરવે તપાશુરે ફરી ફરી, કિંચીત કંઇ નવ દીઠો સાર;
સુખ એ કદી હુરે સર્વથા, શેવા સ્મરણ શ્રીનંદ કુમાર;
દરશણ દોની ૪

પ્રેમ લક્ષણા ભકિત સાર

અન્ય ઉપાસ નરે ગમે નહી, વિના એક પુરણ પુરૂષોત્તમ
ફીકાં લાગેરે સાધંન સહુ પડી મને પ્રેમ ભકિતમાં ગમ.
દરસણ દ્યોની ૫

શ્રી વલ્લભ સુતરે ગુરૂ ગમ્યા, સહુ વિધિ, શ્રી કૃષ્ણજી રૂપ સમાન.
જીવનુ સાધનરે નવ જુવે, નીજ બળે કરે નીજાનંદ દાંન.
દરસણ દ્યોની ૬

શ્રી મહા પ્રભુનીરે કહેણુથી, મુજ પર રીઝે રાધાનાથ,
સમૂળગી અવિદ્યારે તો ટળે, શ્રી હરિ ઝાલો મારો હાથ
દરસણ દ્યોની ૭

શ્રી વંદાવંનનીરે કુંજમાં, કીધાં જુગલ કીશોરે વાસ,
દાસદયાનીરે વિનતી, દાસ કરી રાખોને નીજ પાસ. દરસણ
દ્યોન.રે દારાને. ૮

પદ ૫

સરણુ પડયોછુરે શ્રી હરી, નથી મારૂ અવરઆંસ વિસવાસ.
શ્રી વલ્લભ વરનારે લાડીલા, અનન્ય ન આપ તણો હું દાસ
સરણુ. ૧

નંહી કોઇ દેવીરે દેવતા, નહી કોઇ આપ તણા અવતાર,

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

ધરનો ગુલામરે રાવલો, મન ક્રમ વચને શ્રી નંદકુમાર.

સરણ ૨

એક ભરોસો મનહરે એહ છે, અંતરજામી છો તમો સાક્ષ,
બરદ વિચારેરે કૃપાનીધિ, સેજે કરશો કામ કટાક્ષ. સરણ. ૩
નથી બળ સાધનરે ધર્મનું, નથી બળ ભક્તિ જ્ઞાન વિવેક,
શેવા સ્મરણરે મેનથી કરૂં, નથી સતસંગ કરો ક્ષણ એક.

સરણ. ૪

બાંનુ તમારૂંરે જોઇને, મુજને જક્ત કહે હરિ ભક્ત,
હુ છું જુઠોરે શ્રીનાથજી, નથી મારૂ મન તમ પર આસક્ત.

સરણ. ૫

અંતે ઉઘડીરે બાજશે, પાસુ દેશો જો મહારાજ,
બળવંત બાંનુરે લાજશે, હુ નિર્લજને શાંની લાજ. સરણ. ૬
મોઘમ રાખેરે મોટમ ઘણી, ઉઘાડુ પાડે ઓછુ જણાય,
સાચો સંગ્રહરે સહુ કરે, જુઠે જક્ત જસ નહી થાય;

સરણ. ૭

જેવો તેવોરે હુ રાજનો, દિન લહી કરીયે કરૂણા દ્રષ્ટ,
દાસ દયાનીરે વિનતી, કૃષ્ણ કૃપાનિધિ ધરજો કાંન

સરણ. ૮

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

પદ ૬

હરિ હુ જેવો તેવો છુ દાસ તમારો, કરૂણા સિંધુ ગ્રહો
કર મારો ટેક હરિ.

સાંકડાના સાથી સામળીઆ, છો બગડયાના બેલી;
સરણુ પડયો બળ અમિત કુકર્મી, તદપીના મૂકો ઠેલી.
હરિ હુ જેવો તેવો છુ ૧

નિજ જન જુઠાની જાતી, લજા રાખો છો શ્રી રણછોડ;
સુન ભાગ્યને સફળ કરો છો, પુરો બરદ બળ કોડ;
હરિ હુ જેવો છુ ૨

અવળાનુ સવળુ કરો સુદર વર, જ્યારે જાય જન હારી;
અયોગ્ય યોગ્ય પતિત કરો પાવન, પ્રભુ હુકમ હારી.
હરિ હુ જેવો તેવો છુ ૩

વિનતિ વિના રક્ષક નિજ જનના, દોષ તણા ગુણ માનો
સ્મરણ કરતાં સંકટ ટાળો' ગણો ન મોટો નાનો.
હરિ હુ જેવો તેવો છું ૪

વિકલ અપરાધી ન પીડા પ્રજાલો, અંતરનુ દુઃખ જાણો,
આરત બંધુ સહિસનુ અભયકર, અવગુણ ઉર નવ આણો,
હરિ હુ જેવો તેવો છું ૫

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

ઇશ્વર સર્વાત્મા સ્વતંત્ર, દયા પ્રિતમ ગિરધારિ,
શરણાંગત વત્છલ છો શ્રીજી, મારે મોટી છે ઓથ તમારી,
હરિ હું જેસો તેવો છું દાસ તમારો. ૬

પદ ૭

શ્રી લક્ષમણ ભટજીનાં ભાવે લીજે ભામણું,
તલંગ તિલકને વિપ્ર શિરોમણી ભુપજો,
એઉના સુત શ્રી વલ્લભનાં લઊં વારણું,
દ્વિજ વર રૂપે પ્રગટ્યા અનલ સ્વરૂપજો, શ્રી લક્ષમણ ૧
ધર્મ ધોરિધંર બે સૂત શ્રી વલ્લભ દેવના,
પ્રગટ કરવા વેદ તણો વિસ્તારજો,
ગુણ શહોદર ભરિયા શ્રી ગોપીનાથજી,
હળમુશળ ધર હળધરનો અવતાર, જો શ્રી લક્ષમણ ૨
શ્રી ગોવરધંનધર ધીરવીર બળદેવના,
રસના રૂપે કહીયે શ્રીનંદ કુમારજો,
તે પુરૂષોત્તમ પ્રગટ્યા શ્રી વીઠ્ઠલ નાથજી,
નિર્ગુંણ બ્રહ્મ તે સગુણ સ્નેહી સારજો, શ્રી લક્ષમણ. ૩
શ્રી વિઠ્ઠલ નાથજી ના સાતેલાલ સોહામણા,

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

સહુથી મોટા શ્રીગિરિધરજી માહારાજજો;
શરણુ ગયાને સોંપે તે શ્રીનાથજી;
કરવા સુંદર શેવા કેરા કાજજો. શ્રીલક્ષમણું—૪
શ્રી ગોવિંદરાયે તણાં મન પ્રસંન ઊલાસમાં;
આવે તેને આપે આનંદ દાનજો;
શ્રી બાળ કૃષ્ણજી કોમળ અંગે રસ ભર્યા
કરાવેછે અધર સુધારસ પાંનજો. શ્રી લક્ષમણ-૫
શ્રી ગોકુલ નાથ જણાવે જુગતે જીવને;
એવા પોતે કહીયે પરમ કૃપાળજો;
શ્રી રઘુપતિજી રૂડલા નયણે નીરખતાં;
વદન સદનની ભુલે લેશે સંભાળજો, શ્રી લક્ષમણ-૬
જોયા સરખા દીસોછો જદુનાથજી;
જેછે વ્હાલો અબળાનો આધારજો;
દ્દામી દેવી જીવ સદા ઘનશ્યામજી;
ઉપર રેડે અમૃત રસની ધાર.જો શ્રી લક્ષમણ-૭
એસાતેલાલનો વંશ સદા સંસારમાં;
પ્રગટ બીરાજે પુરૂસ્તોમ પરી બ્રહ્મજો;
દયોદાસ અધમ છે તે આપનો;

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

એ શુજાણે શ્રી વલ્લભ કુળનો મર્મજો;
શ્રી લક્ષમણ ભટજીનાં ભાવેલી જે ભાંમણાં ૮

પદ ૮ ધોળ

શ્રી મદ્દ વલ્લભ કરૂણા રસ સમુદ્રથી,
નિર્મળ રત્ન નિકળ્યાં હસચાર;
કિયાં કિયાં તેહ વિવેકે વરણવું,
સાંભળજો સહુ દૈવીજીવ નરનાર. ॥ ૧ ॥
પેહેલુ તે રત્ન શ્રી નવ નીત પ્રિયે,
બિજુ શ્રી મથુરેશ નિર્મળ નામરે;
ત્રીજુ રત્ન શ્રી વિઠલેશ સચજી;
ચોથે શ્રી દ્વારિકેશ પુરણ કામજી. ॥ ૨ ॥
પાંચમુ રત્ન શ્રી ગોકુલ નાથજી,
છઠુ શ્રી ગોકુલ ચંદ્રમાજી કહિયેજી;
સાતમુ તે રત્ન શ્રી મદન મોહનજી,
આઠમે શ્રી બાલ કૃષ્ણજી લહિયેજી. ॥ ૩ ॥

પદ ૯ રાગ ભેરવ.

પ્રથમ પ્રભાત શ્રી ગુરૂ વલ્લભનુલો નામ,
પુરૂષે.ત્તમ પુરણ કામ શ્રી મહાલક્ષ્મી પતિજી;

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

શ્રી લક્ષમણુરાજ કુમાર શ્રી અવલંબાજી,
પુત્ર ઓદ્ધાર શ્રી વલ્લભ પ્રાણ આધાર,
ચરણ રાખો રતિજી. ॥ ૧ ॥
શ્રી ગોપીનાથ વીધાંમ, એછે પુરણ પુરૂષ પ્રમાણ;
જોગીજનને ધ્યાને ધરવા હોહલારે, વ્યાપક વિશ્વાધાર;
સુખદાયક નંદ કુમાર; અક્ષર બ્રહ્મ અખંડતે,
ક્યાંહાં થકી સોહેલાજી. ॥ ૨ ॥
શ્રી ગોવરધન ઓધારણ, શ્રી રાધિકા રમણ;
એવૃજ જુવતી સુખ કર્ણ, સ્ત્રી સુખ માનજોજી;
શ્રી રૂક્ષમણી રમણ, પદ્માવતી પ્રાણ જીવન;
શ્રી વિઠુલ તનમનતે, અખિકા જાણજોજી. ॥ ૩ ॥
કૃષ્ણ પ્રિયે શ્રી યમુનાજી, મહારાણીનું નામરે;
એ સરવે સુખનું ધામ, શ્રી કાલિંદજી કહિયેજી;
શ્રી નવનિત પ્રિયાલાલજી, શ્રી મથુરાં નાથ કૃપાળ;
શ્રી વિઠ્ઠલનાથ દયાળ, દયા સમુદ્ર લહિયેજી. ॥ ૪ ॥
શ્રી દ્વારિકાનાથ, શ્રી ગોકુળપતિ ગુણપતિ ગુણવંત;
એ અનાથ નાથ, શ્રીગોકુળ ચંદ્રમાજી;
શ્રી મદન મોહનજી, મનમથ મદનસદનરે;
શ્રી બાળકૃષ્ણજીનાં વદનતણી, શી ઉપમાજી. ॥ ૫ ॥

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

શ્રી ગિરધરજી ગુણવંત, જેનો કોઇન પામે અનંતરે;
શ્રી રાણી ભામ્યની વહુજીને, આનંદદાયક ભાવિયાજી;
જેજે શ્રી ગોવિંદ, એછે પુરણ પરમાનંદરે;
શ્રી ભામ્યની વહુજીનાં, ચિતવિશે ભલાભાવિયારે. ॥ ૬ ॥
શ્રી બાળકૃષ્ણ રસ રૂપ એછે, સ્વરૂપ તણા સ્વરૂપરે,
એ કમળા કંત અનંતની, ઊપમા કોનહીંજી;
શ્રી ગોકુળેશ શુભ નાંમની, માળા રાખો દામરે,
શ્રી પાર્વતી પતિ કામના પુરણછોસહીજી. ॥ ૭ ॥
શ્રી રઘુપતિ તેજ ભંડાર, એમના ગુણ જશ નો નહીપારરે,
શ્રી જાનકી જીવંન પ્રાંણ, ભકત ચિંતામણીજી;
શ્રી જદુપતી જુગજીવંન, તેહેનાં પ્રફુલ્લીત પ્રસન વદનરે,
શ્રી મહારાણી વહુજી ધંન, જેશીર એધણીજી. ॥ ૮ ॥
શ્રી ઘનશ્યામજીયે ગાવાને, પુષ્ટી પંથ પુર્ણ ચાહયારે
શ્રી કૃષ્ણાવતિ વહુજીનાં, નાંમ રૂદે વસોજી,
રૂક્ષ્મણી સતભામા શોભા યમુના, કમળારે,
એ દેવકી બેટીજી સહીત સમરિયેજી. ॥ ૯ ॥
શ્રી દામોદરદાસ, મહાપ્રભુ પદ પંકજ પાસેરે,
સુરદાસ જગ્ત પ્રકાશ, પરમાનંદ દાસછેજી;

પ્રેમ લક્ષણા ભકિત સાર

અતિ અનિન કુંભનદાસ, રાધેકૃષ્ણ દાસ રસર સરે,
એ ચારે મુક્ષ શ્રી વલ્લભ ચરણ નિવાસછેજી. ॥૧૦॥
લીલા શ્રી ગિરિવર ધારીલ્યો, ચાર જુથ સંભારીરે,
એ વૈષ્ણુવ લેજો વિચાર, વસ્તુ અશેષ છેજી;
શ્રી ગોવરધન શ્રી ગોકુળધન, શ્રી મથુરામન આનંદરે,
શ્રી વંદાવન વખાણ્યો, વૃજ સહુ દેશનેજી, ॥ ૧૧ ॥
ચોરાશી સંભારો વૈષ્ણવ, બસેં બાવન ધારોરે,
શ્રી વલ્લભ શ્રષ્ટી વિચારો, ક્ષણ પલ દીન પ્રત્યજી,
શ્રી વલ્લભનો પરિવાર, સહુ શ્રષ્ટી શિરોમણ સાર,

પદ ૧૦ ચોરાશી વૈષ્ણવ ધોળ

શ્રીગુરૂ યુગ પદ કમળ રજ હું, વંદુ તે ધરિ નેમ;
દુઃખ હરણ સુખ થશે નીધી વળી; દાયક ભકિત પ્રેમ. ૧
શ્રી વલ્લભ શ્રી વીઠ્ઠલ પ્રભુ, શ્રી કૃષ્ણ પુરણ કામ;
ચોરાશી માહા ભકત તેહેનાં, કરૂ વર્ણવ નાંમ. ૨
સાંજે તું સ્મરણ કર્યાથી, અઘ દુખ કલેશ પળાય;
પુષ્ટી પંથ પ્રભુ પ્રસન હોવે, માહાપતિત પાવન થાય. ૩
મન વાંછિત ફળ સિદ્ધ પામે, ગાતાં એ અભીધાન;
શ્રી મહા પ્રભુજી નંદનુ, કરે તેહને દાંન. ૪

પ્રેમ લક્ષણા ભક્તિસાર

ઢાળ.

શ્રી દાંમોદરદાસ હરશાનીરે, કૃષ્ણદાસ મેઘન વદે વાણીરે. ૧
શાંભર વાળા દાંમોદરદાસરે, જેનો કનોજ મધ્યે નિવાસરે. ૨
પદ્મ નાભદાસ હરીભક્તરે, તુળસી પ્રભુ પ્રેમ આશક્તરે. ૩
વહુ તેહની કહિયે પારવતીરે, સુત રૂઘનાથદાસ સૂમતીરે ૪
રજો બાઇ વૈષ્ણવ ક્ષત્રાણીરે, સેવા શ્રી વલ્લભઅતીઆણીરે.
વૈષ્ણવ શેઠ પુરૂષોત્તમદાસરે, જેનો કાશીપુરમાં નિવાસરે. ૬
બાઈ રૂકમણી પુત્રી તેહનીરે, સેવા અતુલીત કહિએ હેનીરે. ૭
શેઠનો સુત ગોપાળદાસરે, સેવા સ્મરણથા હુંલ્લાસરે. ૮
રામદાસ હરિ રંગ રાતારે, ગદાધરદાસ જગ વિખ્યાતારે. ૯
વેણીદાસ માધવદાસ ભાઇરે, હરીવંશ પાઠેક સુખદાઇરે. ૧૦
વૈષ્ણવકહિએએમાંક્ષત્રાણીરે, ગોવિંદદાસભલાસોવખાણીરે૧૧
જગન્નાથ સેવ્યા મોરારીરે, દાસ નારાયણ બ્રહ્મચ્યારીરે. ૧૨
માહા વનની વૈષ્ણવ ક્ષત્રાણી, જીઆદાસ સુરીલો જાણીરે. ૧૩
ક્ષત્રી વૈષ્ણવ દેવક પુરરે, શેઠ દિન કર પ્રેમી પુરરે. ૧૪
મુકુંદદાસ મહા વૈષ્નવ મોટારે, ક્ષત્રી પરભુદાસજલોટારે. ૧૫
પ્રભુદાસ ભાટ હરીજંનરે, દાસ પુરૂષોત્તમ ધંન ધંનરે. ૧૬
ત્રીપુરદાસ વૈષ્ણવ કાયસ્તરે, પુરણાનંદ રસિક રસમસ્તરે ૧૭

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

મહેંદ્રદાસ પ્રજા પ્રત્યરે, ગોસાઇદાસ સેવ્યા હરી અત્યરે.૧૮
માધવદાસ કાશમીરમાં વાસરે, વાંસડાના ગોપાળદાસરે. ૧૯
પદ્મારાવળની અતિ સેવારે, પુરૂષોત્તમ જોશી હતા તેવારે૨૦
જગંન્નાથ જોશી જેના ભ્રાતારે, વળી વૈષ્નવ તેની માતારે૨૧
જોશી નરહરી હરિના દાસરે, રાંમદાસ ગુજરાત નિવાસરે; ૨૨
દેવ ગોવિંદ હરિ રસમાતારે, રાંજા માધવ દેવ બેહુ ભ્રાતારે ૨૩
ઉત્તમશ્લોકદાસસેવાભારીરે, સેવકશ્રીજીનાકહેતાંમેં તારીરે૨૪
ઇશ્વરદાસ દેવરસ મગ્નરે, હરી જન શુ ચિત્તછે લગ્નરે ૨૫
વૈષ્નવ છકડા વાસુદેવ દાસરે, સેવા અર્થે રહેતા પ્રભુ પાસેરે ૨૬
કૃષ્ણદાસ ગદી સુખ કંદરે, બાબા વેણી રહીત દુઃખ દ્વંદરે ૨૭
એ ઉજીલગ નાયક ખવાસરે. તેનું નામ તે જાદવ દાસરે ૨૮
થાનેશ્વરના વિપ્ર જગદાનંદરે, સેવ્યા હરિ અતિ આનંદરે ૨૯
બ્રાહ્મણએકનીવૈષ્ણુવબાઇરે, આનંદદાસવિશંભરદાસબાઇરે ૩૦
બ્રાહ્મણ ચોડલની વૈષ્ણુવ બાઇરે, આનંદદાસવિશંભરદાસરે
વૈષ્ણુવ ક્ષત્રાણી પ્રભુ પ્રીતરે, રામદાસ મીરાંના પ્રોહીતરે. ૩૧
કૃષ્ણુંદાસ ખવાસણી જાણીરે, જેની માની શ્રી વલ્લભ વાણીરે.
બોહામીસર શ્રી વલ્લભ વરનારે, રાંમાનંદ પંડિત થાનેશ્વરનારે
વિષ્ણુંદાસ છીપારસપૂરરે, જીવણદાસ તે ક્ષત્રી કપૂરરે.

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

સારસ્વત દ્વી૪ ભગવાંનદાસરે, જેનું ચિત સદા પ્રભૂ પાસરે.
વૈષ્ણવ ભગવાંનદાસ ભીતરિયારે, શ્રીજીના સેવામાં કરીયારે.
અચ્યુતદાસ સનોડીયા કહિયેરે, ગોંડવિપ્ર અચ્યુતદાસ લહિયેરે
સારસ્વત વળી અચ્યૂતદાસરે, નારાયણદાસ અંબાલે પાસરે
નારાયણદાસ ભાટ મથુરાંનારે, નારાયણદાસ ઠુવાણ: ઠઠાનારે
ક્ષત્રાણીગોરજા શંભરાઇરે, સાસુને વહુ બે વૈષ્ણવરાઇરે
શીહાનંદનાં ક્ષત્રી સારરે, વૈશ્નવ એંડલનો એક સુધારરે
એક વૈષ્ણવ હરિ ગુણ ગાતાંરે, તે દામોદરની માતારે
શીહાનંદ ક્ષત્રાણિનો વાસરે, કવીરાજ પુરૂષોતમદાસરે
કવિરાજ ભાટ ગુણ ગાવેરે, ગોપાળદાસ ઇટોડાના કહાવેરે
જનાર્દન દાસ વૈશ્નવ ક્ષત્રારે, ગુરૂ સ્વાંમી બ્રાહ્મણ હરી મૈત્રીરે
કનૈયા ક્ષત્રી શાળ પ્રકાશારે, વિપ્ર ઓડીઆના હરીદાસારે
બાળકૃષ્ણ બાદરાયણદાસરે, સેવા સ્મરણનોજ અભ્યાસરે
સેવા સ્મરણ માંહે સુજાણરે, માણકચંદ શીધુ પાડે ભવાનરે
માણકચંદ શીધુ પાડે ભવાંનીરે, નીરોગબાઇ હરી મન માંનીરે
નરહર શનાથી હરી ભક્તરે, જેની હરિ પદ નિર્મળ મતરે
ગોપાળદાસ કહિયેં જટા ધારીરે, વનીઆજમાં સેવા ગિરધારીરે
સંત પોશ્યા સ્વસ્તને ચુનારીરે, કૃષ્ણદાસ સોંપિ પરનેપારીરે
આગરે ચોપડાણું શંતદાસરે, સુંદરદાસ સેવ્યા અવિનાસીરે.

પ્રેમ લક્ષણા ભકિત સાર

પટેલ માવજી બીજ્જે સહીતરે, પતિ પત્ની પ્રભુ પદચિતરે
ગોપાળદાસ નરોડાના કહાવેરે, શેવે શ્યામને હરખે હુલાવેરે
સુરદાસ શિરોમણી ભકતરે, ગાયા શ્રી ગિરિધર જાણે જકતરે
સર્વોપરદાસ પરમાનંદરે, ગાયા ગુણ નિધિ બાળ મુકુંદરે
કુંભનદાસ મહા રસ કંધરે, સખા ભાવે ગાયા શ્રીગોવિંદરે
સુત કૃષ્ણદાસ હતા કહેનારે, છોડયા પ્રાણ ન છોડી સેવારે.
કૃષ્ણદાસ કહિયે અધીકારીરે, ગાયા શેવ્યા શ્રીરાસ બિહારીરે.
ગાયા વૈષ્ણવ એ ચોરાશીરે, શ્રી વલ્લભ ચરણ નિવાસીરે

વલણ.

સકળ તત્વનું તત્વ છે એ, સારમાં એ સાર;
પાઠ કરતાં માત્રમાં, વશ થાય નંદ કુમાર. ॥ ૧ ॥
શ્રી વલ્લભ શ્રી વિઠ્ઠલ પ્રભુને, જે પ્રસંન કરવા ચાહે;
નથી અન્ય ઉપાય તે, આ ભકતોના ગુણ ગાય. ॥ ૨ ॥
શ્રી આચારજી મહા પ્રભુના, અંતરંગ એ ભકત;
મુજ ઉપર કરૂણા કરો, શ્રી વલ્લભ પદ આશકત. ॥ ૩ ॥
એ વૈષ્ણવની ચરણ રજની, છે મુજને ઘણી આશ,
ગાય ગુણ હરીદાસના, દયારામ દાસનો દાસ. ॥ ૪ ॥

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

શ્રી કૃષ્ણ પરમાત્માની દસ વિધાન ભક્તિ કરી મોક્ષ પામેલા તે વિષે. છપય હિંદુસ્તાની ભાષામાં

શ્રવન પરિક્ષત કરી, ભક્તિ કિર્તન શુકકીની;
સમરન કરિ પ્રલ્હાદ, રમાપદ સેવન ભીની.
પૃથુપુજ અક્રૂર, સુનંદન કપિ કિંકરતા;
સખ્ય ભક્તિ અર્જુન, આત્મા બલિ અર્પનતા;
કરિ પ્રેમ ભક્તિ બ્રજ ગોપિકા, ઐસી કાહુસુ નબની.
જન દયાનાથ બસ કરલિયે, અજિત ઇસ સુનામની.

પદ. ૧૧ ગરબી.

ત્રિલોકસુંદરમુગુટમણીરે, તમેરસિયારાધાનાથ, મારાવ્હાલાજી
શરણાગતવત્સલછોશ્રીજી, તમે ઝાલો મ્હારોહાથ નંદલાલાજી
શ્રીવલ્લભનુ રૂપધરી, તમો પ્રગટ કર્યો પંથપુષ્ટ મારા વ્હાલાજી
કેવળ કરૂણાબળ, શરણાગત તાર્યા જેખળ દુષ્ટ. નંદલાલાજી
જેમોંઘીમુક્તિમુનીજનને, તેતો સદાવ્રતનેઠામ. મારાવ્હાલાજી
મોક્ષ નહી સ્ત્રી શુદ્રને, આપ્યાં તેને વૈકુંઠ ધાંમ, નંદલાલાજી
મહીસાટે મુક્તિ આપી, અહો ભાજી માટે ભક્તિ, મારાવ્હાલાજી
મહાપ્રભુદાસજલોટાદાસ,ગદાધરદાસઅતુલિતશકતી,નંદલાલાજી
પુષ્ટસુંષ્ટિ નિજઇચ્છાવશનહિ, કાળકર્મનુ જોર, મારાવ્હાલાજી

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

બાધક કર્મ કર્યાં સાધક, જ્યેમ વળઃ વ્યામોર, નંદલાલાજી
શ્રીમહાપ્રભુમારગઅગમ્ય,જ્યાંહાંશિવબ્રહ્મ નપ્રવેશ, મારા૦
આપઅનુગ્રહથી પ્રાપ્તી, નહીંસાધન નહીં બળલેશ, નંદલાલાજી
દૈવીજીવને પુરણ કૃપાકરી, બાહ્ય પોતાનું જોઇ, મારા૦વ્હાલાજી
ફળનિઃસાધન, નહિશાસ્ત્રનિયામકકોઇ, નંદલાલજી
પુષ્ટ પંથનો પ્રતાપ, વરણીશકે ન શેષઅતુલ, મારા૦વ્હાલાજી
દાવો દયાનો તેથી, તમપરસોંપ્યો શ્રીવલ્લભકુળ. નંદલાલાજી

પદ. ૧૨ રાગ રામ કળી

મ્હારા શ્રીમહાપ્રભુજી હુ એવરમાગુ
સેહજે કૃપાકરી આપો પાવલે લાગુ;
પ્રિય સહુપ્યારા થઇ પ્રસન્ન હોરાખો,
નિજનો જાણી નિત્ય શ્રીમુખદાખો, મ્હારાશ્રી ૧
ચિત્ત મહારૂ રાખો સદાતમારે બે ચરણે,
આજ્ઞાગોકરી અવિદ્યાથી રાખો સદાશરણે, મ્હારાશ્રી ૨
આપનુ ઊચ્છિષ્ટ સદા માહારે ખાન પાન;
નિત્યજ્યાંહાં સેવાપુજા થાયે ગુણગાન, મ્હારાશ્રી ૩
અભય નિજાનંદ સતસંગ આપો,
લીલા સહિત વાસ મુજઊરસ્થાપો, મ્હારાશ્રી

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

આપને રૂચે નિત્ય કૃતીરેતે કરાવો,
દોષ મ્હારો એકે મંનમાં ન લાવો, મ્હારાશ્રી ૫
નીર અભીમાંન પ્રેમલક્ષણા ભક્તિ,
સદા સ્મરણ કૃષ્ણવ્યસન આસક્તિ, મ્હારાશ્રી ૬
સદાસહુ સમીપે નાથ નિત્યવૃજવાસી,
કહાવુ પ્રભુ તમારી અચળ દાસદાસી, મ્હારાશ્રી ૭
અખંડ આશ્રય મુને તમારોજ હોજો,
સેવક દયાને કરૂણા દૃષ્ટે નિત્યજોજો, મ્હારાશ્રી ૮

પદ. ૧૩

શ્રીકૃષ્ણકે અષ્ટભક્ત સખાનામ. છપ્પય

સુરદાસ સો કૃષ્ણ, તોક પરમાનંદ જાનો,
કૃષ્ન દાસ સો અંસુ, કુમન અરજુન્ન બખાંનો;
નંદ દસહે રષભ, ચતુર્ભુજ બિશાલ નામીં
છિતસ્વામીહિ સુબલ, શ્રીદામા ગોવિંદ સ્વામી;
યહુઅષ્ટ ગોપગોપાલકે, સખાહુતે વ્રજરાયકે,
ફિરવહી સખા દયાપ્રભુ, શ્રીવલ્લભ શિરનાયકે;

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

પદ. ૧૪ ભક્તિપોષણનું

શ્રીગુરૂવલ્લભ દેવનેહું, પ્રથમ કરૂં પ્રણામ,
શ્રી વિઠ્ઠલ શ્રીકૃષ્ણ યમુને, મહાપુરણ કામ;
પૂરણ કામ દાંમોદર દાસ, અષ્ટ સખાપુરો ઉરવાસ,
શુભમતિદો અતિ પરમપવીત્ર, ભક્તિસુપોષણ ગાઉં ચરીત્ર,
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ૧
ચારવેદ ખટશાસ્ત્રનો, વારેવારે કર્યો વિચાર,
ઉપનિશદના અર્થને, શોધતાં નિકળયો એસાર;
નિકળ્યો સાર શ્રીકૃષ્ણની ભક્તિ, સતસંગમાં કરવી આસક્તી,
પુરણપુરષોત્તમ યુગચરણે, સર્વ સમર્પીને રેહેવું શરણે; સેવો ૨
નહી કોઇ જેહેની સમોવડી, કોઇ ઈશ નહી જેને શીશ,
સર્વ વસ્તુ જે થકી થઇ, એકકો કહાવે સર્વના અંશ;
સર્વઆધીશ વંદે સહુ જેને, નીગમનેતિ નેતિ કેહે તેને,
શેષ મહેશ વિધી શ્રી અગમ્ય, તેને કહીયે પુરણ પુરૂષોત્તમ
સેવો ૩
પુરૂષોતમને પરહરી જેનું, અન્ય અમર મંત્ર મોહે,
ત્યંત દુર્ગા મળી મુકીને, મહીષી પુત્રીનું પય દોહે;

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

દોડે ગાય મુકી મૂઢ પાડો, તર્ષો ગંગા તીર ખોદે ખાડો,
તેમ પુરણ તન અવર આરાધે, મેહનત માથે કાંઇ ન લાધે
સેવો. ૪

રાખી ભરસો અન્યનો, ન કરે આશરો અવિનાશ,
ઈચ્છી અખિલ દુઃખ વામવા, વળી શ્રેય થવા મન આશ;
આશ કરે તરવા દધિપુર, સ્વાનનું હાથ ગ્રહી લંગુર,
તે જેવો પાંમશે સાગર પાર, તરશે તેવો હરિ વિમુખ સંસાર
સેવો. ૫

કોટી ઊપાસન મલીનનું, જન તામ્ર મુદ્રા સમજાણો,
રૂપૈયે. સુર સેવના વ્યુહુ, કંચન મોહોર પ્રમાંણો;
કંચન મોહોર વ્યુહુ હીરો, એમ અંશ અંશી સમજી કરો,
સર્વ એ દ્રવ્ય હીરાથી થાએ, હીરો કર્યો કોનો નવ કેહેવાએ.
સેવો. ૬

જકલ વૃક્ષ તેહનું મૂળ હરી, મૂળ પાંચે વૃક્ષ પોષાએ,
પ્રતિ શાખા જળ સીંચીએ તેથી, તૃપ્તી ન કોઇને થાએ;
તૃપ્તિનથાએ વૃથાશ્રમ પોહોચે, સમજણ આવે ત્યાર પછી સોચે
મુખદ્વારા ઇંદ્રી સંતોષે, ભોજન અંગ લેવું કો નપોષે.
સેવો. ૭

પ્રેમ લંક્ષણા ભકિત સાર

જુઓ સ્વભાવ શ્રી કૃષ્ણનો, અવગુણને ગુણ જાણે,
અવળુ પડે અન્ય દેવને, સામું દે દુઃખ શત્રુ પ્રમાણે;
પ્રમાંણુ નહીંફળ દેતોએ જાએ, હરિનુ આપ્યુંકદીનાશનથાએ
અમર અલ્પવર અધિક પ્રયત્ન, પ્રભુ કોડી સાટે દેએ રત્ન.
સેવો. ૮
પીલતાં જો તેલ નીકળે, જળ મધ્યે નવનીત હોએ,
મૃગ જળથી જો તૃષ્ણા ટળેતોએ,ભકિત વિના ભદ્ર ન હોએ
ભદ્રનહોએ મહતકદાપી, અભયના હરિવિના કોશકે આપી;
હુંનથી કહેતો પોકારેછે વેદ, સમરો શ્રીકૃષ્ણ ટળેસહુ ખેદ.
સેવો. ૯
મંત્ર આધીન સહુ દેવતા, યોગે વિરાટ પણ વશ થએ,
જ્ઞાની અક્ષરને જઇ મળે, પુરૂષોત્તમ પ્રેમે પમાય;
પ્રેમ ભકિત વશ પુરણાનંદ, એનઅડે અન્યસાધનફંદ,
શ્રી મુખે ભાખ્યું શ્રી ગીતા માંહ, નામાંનો તો જોજો ત્યાંહ.
સેવો. ૧૦
શ્રવણુ કિરતન શ્રી કૃષ્ણનું, સમરણું સેવા અરચન,
વંદન દાસત્વ સખ્યતા, વળી આત્મા નિવેદન;
આત્મા નિવેદન નવધા કહિએ, પ્રેમ લક્ષણા દશામી લહીએ
એભકિતસહુસાધનતાજ, જેપામેવશથયેવ્રજરાજ સેવો. ૧૧

પ્રેમ લક્ષણા ભક્તિ સારૂં

શ્રવણ પરીક્ષિત શુક કરી, કિર્તન સમરણ પ્રલ્હાદ,
શ્રી સેવન પૂજન પૃથુ, વંદન અક્રૂર આલ્હાદ;
આલ્હાદ માન્યો કપીશ કિંકરતા, સખ્યતા ભક્તિ સુભદ્રા ભર્તા
આત્મ નિવેદન બળીએ કીધી, ગોપીજને પ્રેમ લક્ષણા લીધી.
સેવો. ૧૨

નામ કેશવનું કરણમાં પડતાં, સહુ થાએ પવિત્ર,
શરદ રૂતુના સંગથી, જેમ નિર્મળ નીર વિચિત્ર;
વિચિત્ર જળ તેમ જાતીરે જાણો, સર્વે સાચી સદનામે પ્રમાણો
શુદ્ધ સુવર્ણ જેવું અગ્નીએ થાય, માંજેઓપે તેનોમેલનજાય.
સેવો. ૧૩

નામ કિર્તન શ્રીકૃષ્ણનું, કળીમાં સહુ સાધન ત્યાજ,
ભવસાગર તરવા તણી, સહુને એ સુખ પથ્યપ્યાજ;
પ્યાજ ખગટશ્રમનહીંઘણુરહેલુ, દામવિના ફળથાયપળ રહેલુ
સર્વે રસ્તામાં સહુ ઠાર, અધમ ઊત્તમ સહુને અધિકાર.
સેવો. ૧૪

સતયુગે જે ફળ ધ્યાનથી, થાતું ત્રેતામાં યજ્ઞથી જેહ,
દ્વાપરે પૂજને પામતા, સહુ કળિ હરિ કિર્તન તેહ;
તે થકી પણ અધિક ફળ ગાતા, તો શું થયું તપ તીરથ ન્હાતા,
મણી જેને શોધે રીદ કોડી, વણુવિચારે આથેમરેમૂંઢદોડી. સે. ૧૫

પ્રેમ લક્ષણા કિત સાર

કળી રૂડી આ શુચમાં, કોઇ કર્મનો નહિ અધિકાર,
અહે ન સૂતક નામને, નિર્ભય નિત્ય કરીએ ઉચ્ચાર;
ઉચ્ચાર માત્ર અભય પદ આપે, સકળ પાપ સંતાપને કાપે,
વેદ શાસ્ત્ર સહુ પુરાણ પોકારે, તો હરિ તું શેના ઉચ્ચારે.
સેવો. ૧૬

નામે અજામેલ ઓધાર્યો, નામે તાર્યા શીખે બહુ પાપી,
અવળે નામે વાલ્મીક તાર્યો, અડધે નામે ગુણકા ગત્યઆપી;
આપી ગત્ય ઇત્યાદિક બહુને, જેણે જેણે આશ્રય કર્યો તે સહુને
બે અક્ષરમાં બાંધ્યો સાર, જેણે લહ્યો તે પામ્યો પાર.
સેવો. ૧૭

સ્નેહ સહિત શ્રી કૃષ્ણનું, કથા કિર્તન જ્યાંહાં નિત્ય થાય,
કોટિ તિર્થ આવી ત્યાં વસે, જેનું ભાગ્ય હોય તે ન્હાય,
ન્હાયા તેમાં તે પવિત્ર પ્રમાણો, તે વિના સર્વેને સૂતકી જાણો
જીવતાં સગ સરખા સહુ તેહ, ભુતળે ભાર કર્યો ધરી દેહ.
નટવરછબી નંદલાલની, એવું ચિંતનકર ચિત મ્હાંય. સેવો
મોર મુગટ શીર તીલક કુંડળ, નકવેસર ચિબુક સોહાય;
સોહે કૌસ્તભ મુક્તા વનમાળ, કંકણી કર ગ્રહે મોરલીરસાળ
પીતાંમ્બર કટિ મેખલા સોહે, નુપૂર નખસુ મનમોહે.
સેવો. ૧૮

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

સોળ ચિન્હ પદ પંકજે, દક્ષણનવ વામેસાત,
સ્વસ્તીઅષ્ટકોણ અંબુજફળ, જવપત્રીદ્વિજ ઉર્ધરેખાવિક્ષાત;
વિક્ષાંત અંકુશ અંબુજયમ વ્યોમ, કળશ ઇંદ્ર ધનુને અર્ધસોમ
ત્રિકોણ ગોપદ ખટ દશ ધ્યાંન, નિત્ય કર નિર્ભય પદદાન.
સેવો. ૨૦

જેમનટદ્રગ દોરમાં, પણિહારીનું બેડલા માંહિ,
ચિત પરસ્પર જાણનું, વળગ્યું રહે ત્યાંનું ત્યાંહિ;
તેમ મન પ્રભુમાં નિત્ય દેવું, સંસારમાં સાક્ષી વત રહેવું,
જકત ગણે એ છે જંજાળી, રાખ્ય હ્રદેમાં ત્રીકમ સુતાળી.
સેવો. ૨૧

કંસ શીશુપાલ પુતના દીકે, કામે સમર્યા શ્યામ,
એ વિના નાંના ભાવથી, સમરે સર્યાં સર્વનાં કામ;
કામ થયાં તુચ્છ ભાવે જ્યારે, શું કેવું સ્નેહે સમરે છે ત્યારે
ચિત્તઅગ્રજેનું કૃષ્ણમાંલાગ્યું; તોસંકટ તેનું સહુએભાગ્યું.
સેવો. ૨૨

અન્ય સાધન શ્રેય આપણું, પણ શ્રી હરિને સુખ,
સેવામાં આનંદ ઉભયને, માટે ભજનાનંદતે મુખ્ય;
મુખ્ય સેવન તે, સુખિ પ્રભૂ કરવા, લોક વેદના ભયને નવધરવા
પુજાતેચળેશ્રૂતિ પ્રમાંણ, સેવાતેજેમાંસ્નેહગંધાણ સેવો. ૨૩

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

એકવાર આણા જન્મમાં, જો શ્રીકૃષ્ણ સમરાય,
તો દરશણ થતા હુતનું, સદા સ્વપ્ને પણ નવ થાય;
થાયે જો માત્ર ભક્તિ નિત્યધ્યાન, તો પછી શુકે હેવું ભાગ્યનું માન,
હરિ ઊર નહિં તો તપે શું થાય, જો છતો કરે કષ્ટ બનાય
સેવો. ૨૪

આપ્યું ઊર સ્થળ મૂકીને, રમા ચરણ સેવા નવ ચુકે,
હૃદે ભક્તિ કદા હરી કરે, પદ આશ્રિત નહિં મૂકે;
મુકે ના અત્રીછે ભક્તિ નિવાસ, માટે અવિલંબે સહુ દાસ
એ ભક્તિ છે અતિસે દુર્લભ, પ્રસન્ન થએ સર્વે પદ સુલભ.
સેવો. ૨૫

હરિ વ્યાપક લહી સર્વમાં, નવ આણવો કોઇનો દોષ,
મન કર્મ વચને જ્યેમ બને, તેમ કરવો સહુને સંતોષ;
સંતોષે પ્રાણી પ્રભુ પ્રસંન, તેથી સુખી પેખે હરિ દરશન,
સઘળે દયાયે પુજા પ્રભુ કેરી, દેહીને દેખે તે કૃષ્ણનો વેરી.
સેવો. ૨૬

એકપણ પ્રણામ શ્રીકૃષ્ણને, જન્મ ધરી જેણે કીધો;
અશ્વમેધ દશ યજ્ઞનાં, ફળ પર પગ તેણે દીધો,
દીધો પગ શા માટે કહેવાય; યજ્ઞ કરે તોયે જન્મ ફરી થાય
કૃષ્ણપ્રણામીને નહિં દેહ, મુક્તિ અધીકત્તા એહ માં એહ. સેવો. ૨૭

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

નમન કર્યું નંદલાલને, સ્નેહે મન ક્રમ વચને જેણે,
ધર્મ સાધન પુર્ણ સહુ કર્યા, નિશ્ચે જાણજો તેણે;
તેણે કર્યું હરિ પદ અનુકુળ, દુઃખ પાપનું ટળ્યું મૂળ
દિન ભાવે કર્યું વંદન હરીને, તે જનુનીગર્ભ નઆવે ફરીને
સેવો-૨૮

હાસ્યપણામાં સૌભાગ્યછે, પતિ પુરૂષોતમ જેને માથે,
ધણીજતે વીધવાપણું, બ્રહ્મજ્ઞાનીના મન સાથે;
મન સાથે માંન્યું હું ન ભુપ, જકત પુજે જાણી રાંણીનું રૂપ
પણ પતિસુખ સ્વપ્ને નહી એને, એળેએ અથડાયછે શેને
સેવો-૨૯

હાસ્યપણે જે આનંદછે, તે નથી મળે જગદીશ,
જ્ઞાનીનું સુખ એવું જાણજો, ચર્ણ આશોછે દાવે શીશ,
શીશછેદ્યા પછી મુગટકયાંધારે, સહુમૂરખકહો મનમાં નવિચારે,
જળને શોજળપાનનોસ્વાદ, જંન જુદોરહી પામે આહ્લાદ.
સેવો-૩૦

જીવ બ્રહ્મ થાયે નહી, થાયેતો બ્રહ્માનંદ કહોને,
ભોકતા પણું જો માંનશો, તો જીવટળ્યો કહોને શાને;
શાનેકહોત્યારેનથીબ્રહ્મનામી, કયમબોલોજનકસાયુજ્યતાપામી,
બોલેતો બીજો કેહેવાય, ઇશ્વર જીવકદિનવ થાય. સેવો-૩૧

પ્રેમ લક્ષણા ભકિત સાર

અહોભાગ્ય ભાગ્ય મધુસુદન, વ્રજજન પરમ પવીત્ર,
પૂરણ બ્રહ્મ સનાતન, પરમાનંદ થયા જેના મીત્ર,
મીત્ર થઇ સર્વે સુખ દીધુ, સર્વ ભાવે કારજ બહુ કીધુ,
શેશમહેશવિરંચી શ્રીઅલભ્ય, તેકૃષ્ણશ્રીગોપીજનલભ્ય. સેવા-૩૨
દેહપ્રાણ ઇંદ્રી અંતઃકર્ણ, ધર્મધારછે ગૃહધન,
પુત્રઆપ્તી આત્માસહ સર્વે, સમર્પી જુગજીવન;
જુગજીવન સર્વાત્મા ભાવે, સેવાકરેસદા સ્હેજ સ્વભાવે;
તેજગમે પ્રભુજ્યમ સૂખી થાય, આત્મ નિવેદન એ કહેવાય.
સેવા-૩૩
સર્વ વસ્તુછે શ્રીકૃષ્ણની. જેનીછે ત્હેને શેના સમર્પે,
આત્મા સહિત અર્પણકરી, હરિદાસથા નિશી ડર્પે;
ડર્પેછે કાળથી રહેછે ઉચ્ચાટે, તેપરનું માન્યુ પોતાનું માટે,
જેથી બન્ધાયો તે વસ્તુ દ્યોમુકી, તારી નજાણીશ રાઢને ચુકી.
સેવા-૩૪
રૂપ દ્રવ્ય ગુણ ત્રણએ, કારણ પ્રીતિ થવાનાં કહાવે,
એત્રણ વિકાર રહિત સહજ, સ્નેહતે શ્રીકૃષ્ણને ભાવે;
ભાવે એપ્રેમે વ્હાલોવશ થાય, તેને મુકી ક્ષણ દૂર નજાય,
જે જને માન્યું મતએહ, જયેમ ત્યેમ ધ્યાવે સુખી જનતેહ.
સેવા-૩૫

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

પ્રેમ આશક્તિ વ્યસનએ, ત્રણે રૂપ સ્નેહનાં લહીયે,
તે ઉપર ચોથી તન્મયતા, તે થકી કોઈએ ન કહીયે;
કહીયે પ્રેમનું લક્ષણ એહ, જ્યારે મળે ત્યારે તેનો તે સ્નેહ,
વિજોગ થાય ત્યારે તપે તન, ત્યાંનું ત્યાં વળગ્યુ રહે મંન.
સેવો-૩૬

એકવાર પણ આખા દિવસમાં, મળ્યા વિના નવ રહેવાય,
જો ન મળે તો વિકળ થાએ, આશક્તિતો એ કહેવાએ;
કેહેવાય વ્યસન એવું જ્યારે થાએ, સામાસામી રૂપઆવીધાયે
તન્મયતાતે મૃત્યુસમાન, એચ્ચારેઆવેઆપે હરિદાન સેવો ૩૭
પ્રેમલક્ષણાવળિ દ્રગરૂચિ સ્મૃતી, અભીલાષા ઉદ્યોગચાર,
વ્યાધી પ્રલાપને ઉનમાદત્રણે આશક્તિના પ્રકાર;
પ્રકાર વ્યસનતણા બે કહાયે, જડતાને વળિ મુર્છતા લહીયે;
તન્મયતાનું લક્ષણએક, મૃત્યુ શાદ્રશપણ મળ્યુંનછેક સેવો ૩૮
જાતી જુઓતો આહીરની, તેમ અગળા અધમ અવતાર,
વેદાદીકેતો નેતિભણી, ન્હોતો ઉત્તમ કર્મ અધિકાર;
અધીકાર વણએક પ્રેમ પ્રતાપ, કર્યા આધીન શ્રીકૃષ્ણજે આપ,
ગોપીની પદરજવંદન ઇશ, પ્રેમલક્ષણા તેસહુને શીશ. સેવો ૩૯
સેવા સંગત હરીભક્તની, કરે પ્રેમ ભક્તિ ઉત્પંન,
તેકરે કૃતારથ એકલી, નવ જોઇયે કાંઇ સાધન;

પ્રેમ લક્ષણા ભકિત સાર

સોંચે નવ અવિધા વીતરણું, રૂપપરાક્રમ પવિત્રતા ચર્ણુ,
કહેશોનીને અહીનથી કહો કીએઠામ, તોસુણો પ્રગટ્ણતાવુ નામે.
સેવો-૪૦

કુબજીને કયાં વયહતું, કયાંહતૂ સુદામાને ધન,
ગજને હતું રૂપકયાં, ઉગ્રસેનને પુરૂષાતન
પુરૂષાતન નોતુ કાય, ગજને કયાં હતી વિધ્યાય
પારધીમાંકયાંશુભરપાચર્ણ, કેવળભકિત પામ્યોગિરિધર્ણસેવો.૪૧
દ્વાદસ ગુણ સંયુકત છે, દ્વીજ પંડીત સરખો કોય
પદ્મનાભ પદ્મી મુખ છે, તેથી સ્વપચ ભલેરો સોય
સ્વપચ ભલો જેને કૃષ્ણઆશકિત,મનક્રમવચનેકરે હરિભકિત
કૂળ સહીત શ્રેયપામ્યો તેહ,વિપ્ર કરેનકરીશુચીદેહ સેવો.૪૨
શ્રીકૃષ્ણની ભકિત અંક છે, બીજા સાધન સર્વે સુન્ય,
અંક વીના સહુ અફળ છે, સહ સુન્ય સુન્યે દશ ગુન્ય;
દશ ગણો બાદે આદે ગણ એક,અંક વીના શુસુન્ય અનેક
ભકિતકરીતાણેસહુકાંઇકીધું,ભકિતવિનાબીજુકાંઇનસીધુંસેવો૪૩
મૃગ ભૂપે ગોદાન કર્યાં કેટલાં, કઇ ગણતાં ન આવે પાર,
એક દીવસ અણુ દોષ પડે, કૃકલાસનો થયો અવતાર;
અવતાર અધમનો થઇ જગેકાંથી, ગોદાનપુન્ય ગયુંકયાં નાશી;
દાનકર્યાંતોય પામ્યા દુઃખ,તામાટે હતોને ભકિતવિમુખ સેવો૪૪

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

પ્રાચીન બરહીશ ભુપને, જુઓ કીધા યજ્ઞ અપાર,
ઉરવી સંખ્યા કીત સહુ કરી, તોય કાંઇ ન દીઠો સાર;
સાર શાં૦ યોએ જેજે પશુ પાડા, તેહ્યા હણુવાનારદજી દેખાડા
ભયદેખીલીધું શુરરૂપીશર્ણું, ભકિતકરીને પામ્યોહરિચર્ણું સેવો.૪૫
ભકિતત્યારે ચંડાળને, જેમાં કોય નભુપ આચર્ણું,
શુપછી કહેવું તેહનું ઓદ્ધારે અધમ અનવર્ણું;
વર્ણું સર્વ ઓદ્ધારે જકત, નિંચ ઉંચ જેની આશકત,
એક અંગ ભકિતભજાય, અચરજશું પુરગુંગ્રથાય સેવો.૪૬
ભકિત નોકાત્યારે સર્વને, જે કોઇ શરણે આવે શુચી પાપી,
અન્ય સાધન હારૂતુંગિકા, ગૃહે સંભત્તુ કરે કોઇ દ્દાપી;
તરે કદી બચે કમાદી ગ્રાહાથી, સમર્થ નહી અણું તારવાશાથી
વિબુદ્ધિવિચારીજુએ.નીજમંન,ભકિતભજીકેસાધનઅન્યસેવો.૪૭
ભકિત મણિજ્ઞાન દીપકછે, ટાળે ઉભય ખરા અંધકાર;
મણિ અભય દુતિ અપળછે, દિપકને ભયછે અપાર,
અપાર ભય વાયુથી વામે, તેલ પાત્ર બતિત્રણુ લયપામે,
જ્ઞાનસંમતોઅન્યકોણુમાત્ર.નિર્ભયભકિતસકળસુખપાત્રસેવો.૪૮
ભક્ત તે ભકિત સ્વરૂપ છે, માયા ન પીડે લેશ,
સીથકી સીમોહવાય નહી, મોહ પામે પુરૂષના વેશ;

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

પુરૂષ જ્ઞાન વૈરાગ્યને યોગ્ય, લ્હેને પીડ અજારૂપેઓ રોગ,
તે કારણ આશ્ચર્યછે તેહ, ભકતને અચળહરિશું સ્નેહ સેવો૪૯
નિરખે નેત્ર નંદલાલને, શ્રુતિ કથા રહેમુખ નામ,
નાશીકા સુંઘે પ્રેમશું, પ્રસાદી તુળશી પુષ્પદામ;
દામ ગ્રહણ કરી કરે હરિ સેવા, દોડે ચરણપ્રભુ દરસણલેવા
મનમાં ધ્યાનનટવરછબીશ્યામ, સર્વાંગેકરે દંડવ્રતપ્રણામસેવો૫૦
ભક્તિ વિના કેવળ કૃતિકરે, ફળ પરલોકનું ન થાય,
મણીધર પવન ભક્ષી રહે, જુઓ મચ્છ તીર્થ જળ ન્હાય;
મીન તીર્થ ભીલમૃગવનવાસી, અંધગ્રહેદંડ કાસદજાયકાશી
સર્પ દંડવાનટસીધે વેશ, દરશ તપોધનભાવ ન લેશ સેવો૫૧
શ્રી કૃષ્ણ શ્રીગુરૂ ભગવદી, એ ત્રણે એક સ્વરૂપ,
ત્રયધારા જેમ સુરસરી, તેમાં ભેદ નહી તદરૂપ;
ભેદનહી ત્રણ નામજ માત્ર, જોતાં વીમાસી એકજ ગાત્ર,
સ્નેહવિવેકેસેવોસરેઅર્થ, અવસરઅમુલ્યખુવો શીદવ્યર્થ સેવો૫૨
સતસંગ સર્વનો સાર છે, તેહનો મુઢન જાણે મર્મ,
અદિપક દીપક મળે થયો, દિપક સમતા મળી વણ શર્મ
કંપવિના શ્રીનાથ મેળાવે, કલ્પનુ કામસે પળકે સરાવે,
નીચ નિર્મળતા ગંગા સંગ, એસમોવડીદીસે સતસંગ સેવો૫૩
લવહરી સંગની સંગતા, સુખની સમતા નહીં હોય,

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

સ્વર્ગ તથા અપવર્ગનું, સુખી પણ સમોવડ નવ હોય
નવ હોય રમતા મોક્ષાનંદ, તો હરિજન ભક્તિ સુખમંદ,
અણુ અનુભવિને આશ્ચર્ય થાય, પણ અનુસંધે છે નહિ રાયસેવો ૫૪
શ્રીગંગાજી હરે પાપને, શશી તાપ હરે ગયે શર્ણ;
દરીદ્ર ટાળે શુરતરૂ, મળી ત્રણ કરે ત્રણે હર્ણ;
હર્ણું કરે ત્રણ તે તત્કાળ, મળતામાં હરીજન દયાળ,
જ્ઞાને તાપ હરે દશાનું દોષ; દિનતા ટાળે ઉપજાવી સંતોષ સેવો ૫૫
યોગ યજ્ઞ જપ તપ વૃતે, બહુ કીધાં કષ્ટ કર્મ,
જ્ઞાંન ધ્યાંન અતિદાનથી, તીર્થ આચર્તાં ધર્મ; .
ધર્મ ધ્યાન વેદ શાસ્ત્ર પુરાણ, કોટી સાધનથી ન પરમકલ્યાણ
શ્રેય ન થાય ઉપાયે અનેક, વિના મોહ મદ પદરજ અભીષેક સેવો ૫૬
હરિજન તે હરી રૂપ છે, તેને મુર્ખનીજ સમજાણું,
જેમ શશી સાગરમાં હતો, માન્યો મીન પ્રમાણે;
મીન પ્રમાંણે નહીં સોમ, મકર રહ્યો જળ તે વસ્યો વ્યોમ,
ત્યેમ વૈષ્ણવ વૈકુંઠેં જશે, અધમ તે અહીંના અહીંઅથડાશે સેવો ૫૭
ચાર વર્ણમાં શ્રેષ્ટ સર્વથી, બ્રાહ્મણ વર્ણે વીક્ષાત,
તે સહુના પણ કહાવે શીરોમણી, મોટા મુનીવર સાત;
તેં સાતેં કરે ધ્રુવની પરીક્રમા, ધ્રુવ સુત ક્ષત્રીનો તેની કરે સુત બ્રહ્મા,
વિબુધ વિચાર કરો તમો એહ, ભક્ત મ્હોટા કે ધાબ્રહ્મ દેહ સેવો ૫૮

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

બ્રહ્માદિક વૃજ ભક્તની, પદરજ વંદે ગુણ ધામ,
દુર્વાસારૂપી દિન થઇ' કર્યો અંબરીષને પ્રણામ;
કર્યોપ્રણામ જ્યારે અથડાયા, વળીશબરી પદ્ર ળદીજ ન્હાયા
હરિજનથીમ્હોટું નહી કોય, દુભવેતે દુઃખપામેસતજોય સેવોપ૯
સંત સેવે નારદ થયા, જુઓ દાસી સુત હરિ મંન,
તે સુર રૂષીના સંગથી, સન્નીવાસના ઉરનીઅગંન;
અંગનમટી સમજ્યા મર્મ, શ્રીમદ્ ભાગવતરચ્યુ છાંડીને કર્મ
ક્લેશ મટે કરે પ્રભુજન પ્રીત, દુભવેથી શાંતકરેસદ્દીતસેવો૬૦
યોગી રે કદા એકલો, હરીજન તારેછે સહુ સંગી;
સિદ્ધ ઉદ્ધારની રહેછેસદા, હોય સંત સુંદર રસ રંગી;
રંગે રસિક સેવેગુણગાય, પોતે પીયે સુધા સામાને પાય,
ભક્તસ્નેહીસહુનું સરેકામ, ધ્યાનીસાથે કોઇનેનહીકામ સેવો ૬૧
સર્વે પ્રાણી ઉપર દયા, આણવો નહી કોઇનો દોષ,
વશ કરવી ઇંદ્રીઓ સહુ, અદ્રષ્ટ ઇચ્છાએ લાભ સંતોષ
સંતોષ ધરી વદવી સત્ય વાણી, દૃઢઆશ્રયે પ્રભૂ દીનતાઆણી
દુષ્ટ સંગથી રહેવું દુર, વસવું હરિજનનીહજુર સેવો ૬૨
દુષ્ટ સંગ તેહને જાણીયે, જે ભુલાવે ભગવંત
સ્નેહ કરાવે શ્રી કૃષ્ણશું, તેને કહિયે સાચા સંત

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

સંત સાચા તેની સંગત કરીયે, અસમર્પિત અન્યાશ્રયેથી ડરીયે
હું હરિનો હરિ મ્હારા નાથ, એ નીસ્ચે કરવું મનની સાથ, સેવો ૬૩
અન્ય આશ્રય સમર્પીત, એ બે મ્હોટા દુસ્તર રોગ,
સર્વે વસ્તુ શ્રી નાથજીને અર્પી, ઉચીષ્ટ કરવો ભોગ;
ભોગ કરવો હરિ ભક્તની સંગે, એક જ શ્રીકૃષ્ણ સેવના રંગે
૬૮ આશ્રય ગુરૂદેવનો ધરવો, તો વશ પદવતભવ દધિ તરવો સેવો ૬૪
ગુણની ઉપર ગુણ કરે, એતો રીત જકતમાં પ્રકાશ,
પણ અવગુણ સામો ગુણ કરે, તે મ્હોટા હરીના દાશ;
દાસ દોષ સહુના સંતાડે, હોય અલ્પ તે અધિક દેખાડે,
સાગર લક્ષ્ન ત્રિખ શીવ પીધું, સસીધર પ્રગટ લલાટે લીધું. સેવો ૬૫
વિશ્વંભર વશ તેહને, જેહનું ચિત્ત સદા પ્રભુ પાસ,
હિત ઇચ્છે સહુ જંતનું, નવ ધરે કોઇની આશ;
આશ ધરે એક શ્રી ગોપાળ, વીતિત કરે હરિ સેવામાં કાળ
એવા ગુરૂનો લઇયે ઉપદેશ, ધરિયે સાચો વૈષ્ણવનો વેશ સેવો ૬૬
ધ્યાન મૂળ રૂપ શ્રીગુરૂ પૂજન, પુજનનું મૂળ ગુરૂ પાએ,
મંત્ર મૂળ ગુરૂ વાક્ય છે, મૂળ મોક્ષ ગુરૂ કૃપાએ;
ગુરૂ કૃપા વાંછીત ફળ થાય, હરી રૂઠે તો ગુરૂ કરે સ્હાય,
ગુરૂ કોપે કહિં નહીં ઠેકાણું, અધિક આશ્ચર્ય થાકો ન જાણું સેવો ૬૭

એમ લક્ષણા ભક્તિ સાર

ક્રોધી ગુરૂ તો નૃસિંહજી, કામી હોય તો કૃષ્ણને કહિયે.
લોભ રાખે તો વામનજી, પણ હરિ સાચા એમ લહિયે;
લહિએ એ પારખુ દાખેજે હુકત, તો પણ માનીયે લેથકીગત્ય
જેણે આંચી આપ્યાજુગંહીશ, તેનોકૃણીસત્રછે શીશ. સેવો ૬૮
ભોજન વ્યસનની ચિંતા કરી, વૈષ્ણવે નાથાવું ઉદાસ.
વિશ્વંભરપુરે વિશ્વને, તે કયેમ ભુલે નીજ દાસ;
દાસ આશ પૂરે સહુ વણ માગે,વણ કહ્યે સાહ્ય કરે અનુરાગે
હરિભજનેકાંઇ નવરહેખાંમી,નથી અજાણ્યાઅંતરજામીસેવો ૬૯
અજગર ગુહા-ટ્કેરી જળ વસે, પંક્ષણી રટે મુખ હરિનામ,
ખાનપાન માટે નવ કરે, છુટે મુખથી સુંદર શ્યામ;
શ્યામે વિચારી કર્યું તેહનેસૂખ,ચરણીચરવા કર્યાં મોરનામુખ
પુંછેવદનકર્યું ઊટની ગ્રીવા,શ્રીહરીયુકિતકરી જળપીવાસેવો.૭૦
અજગરને અનાયાસ હરિ આપે, આહાર આનન મિળાવી,
ચકોર ખોરને આકરે, સાગર ખેટમાં છે મીળાવી;
મિળવે ચાતકને જળ સ્વાતી,ગિરિસરિ વૃક્ષ પોખે કોયભાતી,
શ્રીસ્તનેપય કર્યું પોખવા બાળ, તેતુ નેનહિભુલેભજગોપાળ
સેવો ૭૧
જુઠલ મનોરથ સર્વ પુરે પ્રભુ, કઠીણ સરળ ગુરૂનાહાના,
પુર્યા તેહેનું તેહેનું નામ કહું હુ પુછેશ કહાંનાં કહાંનાં;

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

ક્યાં ન ગયા કુબજાના પતિ થાવા, પારથ પત્નિ ભયા જળપાવાં
પુરીપુત્ર થઇ અદીતિની આસ, પાંડવકાર્ય કર્યાં થઈદાસ. સેવો૭૨
છડીદાર ઊગ્ર સેનના થયા, દ્વારપાળ બળી ભુપ,
નરસૈના બાપનું શ્રાધ સાર્યું, સેના માટે નાપીક રૂપ;
રૂપ માહાર દામાજી સારૂં, નામાનું છાપરૂં છાયુ ચારૂ,
વારી વહ્યું ત્રીલોચન ઘેર, મીરાંબાઇનું પીધું ઝેર. સેવો૭૩
ઇચ્છે રૂડુ પ્રભુ જગતનું, કયેમ કરે કુડું નિજદાસ,
જે કરશે હરિ તે ભલુ ત્હારૂં, તું ધર મન દ્રઢ વિશ્વાસ
વિશ્વાસ રાખ્ય કલ્પના મુક, સેવા સ્મરણમાં નવ ચુક,
નહિંમળેફરીઅવસરઆવો, હરિભજીલ્યોમનુષ્યાદેહલાવોસેવો૭૪
દુઃખ થાયે હરિ સેવતાં, તે સુધા સમુ પ્રમણો;
વિષય ભોગનું સુખ છે, તે વીષ સરખુ સહુ જાણો;
જાણો જ્યમ ખસ ઘસતાંમીઠી ક્ષણુ પછી આગ ઉઠે અગીઠી
ઓસડ પીતાં કટુક તર્ત લાગે, રોગ ગયા પછી આનંદ જાગે.
સેવો. ૭૫
શ્રી ગિરિવર ધર સેવતાં, ભય રાખવો ભુપતિ માન,
બાળક સમ વાત્સલ્યતા, ધરવો સ્નેહ તે જાર સમાન;
જાર સમાંન પ્રિય પ્રભુ લાગે, તો દુઃખ જન્મો જનમે ભાગે.
પ્રેમ પીયુષ પીધું તે જાણે, નવીસ્વાદકોઇ એહમમાણેસેવો૭૬

પ્રેમ લક્ષણા ભકિત સાર

જે પ્રતિકુળ પ્રભુને સેવતાં, તેને તજીયે નહિ વળગે અર્થી,
જનુનિ જનપતિ પુત્ર ભ્રાત, ગુરૂ છોડ્યા જદપી સમર્થી;
સમર્થતાને તજ્યો પ્રલ્હાદ,ભરતે માત મુકી હરિ સ્વાદે,
પતિરૂપી પત્નીબીભીષણુ ભ્રાત, ગુરૂન ગણ્યા બળિએ સાક્ષાત
સેવો. ૭૭

હેત પીત્રીને મનુષ્યરણુ, ત્યાં લગી માંણુસને કહેવાય,
જ્યાંહાં લગી સર્વાત્મા, એવા શ્રીકૃષ્ણુ શણું ન જાય;
શણું ગયે સર્વે રણુ છુટે, ચીત્ર ગુપ્તનું લેખું તુટે
કાળ કર્મનોભયન હતેહને,શાશધણી સમર્થ હરિજેહેનેસેવો ૭૮

કર્તુ અકર્તુ અન્યથાકૃત, સમર્થ શ્રી હરિરાય,
ના થવાનો તે કરે પદાર્થ, થાનારો મટી જાય;
મટી ગયું જો વસિષ્ટે વિચાર્યુ, તે સમે રાજ્ય ધાર્યું,
બ્રહ્માનાસુતએ ત્રિકાળના જ્ઞાની,ઇચ્છાયે વચને તેનુ પણુહાની.
સેવો. ૭૯

સહસ્ત્ર ભુજાપતિ રાખસે, તેહને હણશે શું ભુજાવાળો,
તેજ પુરૂષ જ્યારે મારશે, ત્યારે કોઇ નથી રાખનારો;
રેખવાળો રીપુ છે નહીં કોઇ,સઘળી વસ્તુ શ્રીકૃષ્ણુથી હોઇ,
કર્તા હર્તા એકશ્રીવૃજરાય,એનાકર્યાવિના કાં ન થાય.સેવો ૮૦

કર્યું આપ શ્રીકૃષ્ણનું કોઇથી ઘટે નહીં લેશ,

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

તેજ પ્રમાંણે માંનો સુખ, લાભા લાભનો શંસે રેશ;
રેશ રહે નહીં તે સમે સુખ,જેવુ હોનાર હોયતેમિ થાયસુખ
થનાર તેતો રહેજે પણથાય,તું કરતો નમીશીદપસ્તાયસેવો ૮૧
હરિ જંત્રી તું જંત્ર છે, જેમ વાજુ વગાડે તેમ,
કાષ્ટ પૂતળી નૃત્ય કરે, સુત્રધાર નચાવે તેમ;
તેમ વિધિ નિષેધ સહુ હરિ હાથે,તું મુરખ તાણીલેશીદમાથે
વિચારઓજીવનુકર્યુ હોય,તો દુઃખીજગતમાં આરનકોય;સેવો૮૨
જેહની રચના જોઇને, ઘણો મોહ ઉપજે છે મંન,
તે કર્તામાંકમિશી હશે, તુંજોની વિચારી મંન;
મંન થશે પુર્ણ મનોરથ ત્હારો,ધાટેશુમોહયો તું એ જડનાંથે
તેને મળ્યેપુર્ણાનંદ થશે,ભવ વૈભવતૃષ્ણા તર્તજશે સેવો૮૩
કરવા પ્રસંન ત્હાંય કૃષ્ણને તો, અંગનું અભીમાન નાખ્ય,
શીઘ્ર દયા કેશવ તણી, ઇચ્છે તે. દિનતા રાખ્ય;
રાખ્ય દિનતા એકજ કરીને, કરવા કૃપા મન થશે હરીને,
ક્રાંતિરલક્ષ કોટીયે નાસર્યુ કામ. દિનતાયેએક બંધાયાશ્યામ.
સેવો ૮૪
હોંશી બુદ્ધ છે શાગીગરાંમમાં, હરિ સ્વરૂપતે સાંધુ પ્રમાંણે
મનુષ્ય લહે ગુરૂ દેવને, ભક્તિ ભાવ વૈષ્ણવમાં આણે;

પ્રેમ લક્ષણા ભકિત સાર

આવ્યો મહાપ્રસાદ પ્રતિ અન, હરિ ચર્ણોદક પીયે જન,
અન્ય વર્ણાશ્રમકહે હરિનામ,ઇત્યાદિકનાં નર્કમાંઠામ. સેવો. ૮૫
નિગમ ચાર ખટ શાસ્ત્ર, અષ્ટા દશ પુરાણ ચાૈદ વિદ્યાય,
વ્યાકર્ણ નવ બત્રીશે લક્ષગ, ભણીને ચોસેટ કળાય;
કળા રાગ છત્રીસે ગાય, વિશદકીર્તિ ચક્ર વૃતીરાય,
પણ નથી ભકિતજો નંદકુમાર, તોસહુ ધુળ મળ્યુને ધીઃકાર
સેવો. ૮૬
એમ કરી સહુ વિદ્યા ભણ્યો, મહાપંડિત કહાવ્યો જગત,
પણ ત્હેનો સાર સમજ્યો નહીં,ન થયો ભગવાનનો ભકત;
ભકિત વિના શ્રમ એફળ સાર, જેમ રાસભવ્હે ચંદનભાર
જેમઅહીમણી દુતીમેળવે આહાર, ત્યેમ તે ઉદરભરેધીઃકાર
સેવો. ૮૭
સ્પર્શ મણીના પુર વિષે, રચ્યુ ચિંતા મણિમય ધામ,
કલ્પ વૃક્ષની વાડે ગાય, ઘેર કામ દુગા જેનું નામ;
કામ દુર્ગા અણેપાત્ર અતુલ્ય,નવનિધિઅષ્ટમા સિધિ અનુકુળ
પણ નથી વલ્લભ જો વૃજનાથ, તો એટલુમળ્યે ઘસવા હાથ.
સેવો. ૮૮
કૃષ્ણ કિર્તન નહિ કર્ણમાં, તે શ્રવણ રાફડો કહિયે
નિરખ્યા ના જેણે નેત્ર ભરી,કદી પીશ ચંદલો તે લહિયે

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

સહિયે સહજભાવે હરિનામ બોલે, કરે તે સેવા રહિત શઠતોલે;
પ્રભુ જીવન સ્વાસ ધમણ સમાન, શ્રમ શુકર સમ છે ખાનપાન સેવો ૮૯
રાજ દરપણ જોનાર તું, સ્હામુ દેખે જેવું તુજ પાસ,
દુષ્ટને દુષ્ટ સાધુ સાધ્ય. ભવ આ દ્રષ્ટિમાં ભાસે;
ભાસે તે પ્રભુ નિજમાંહે જાણો, દોષ રહિત દુનિયાં પરમાણો.
એમ વિવેકે જેર હેવાય, રાગદ્વેશ નહિ કોઇ થકીથાય સેવો ૯૦
જીવ સર્વ હરિ અંશ છે, તેના વિચીત્ર ભાતી સ્વભાવ,
સર્વથી હળિમળિ ચાલિયે. એતો છે સંજોગ નદી નાવ;
નાવ તરંગ નદીએમ જાણો, ક્યાંથી બગાડે ગૃહિવસનો પરૂણો
સહુને સદા એક સ્થળ નથારહેવું, કહું વચન મારે કોઇને ન કહેવું.
સેવો. ૯૧
કંઇ પ્રભૂ પાસે ન માગીયે, માગે પસ્તાવો થાય,
ઊદાશી આવે નાથને, ખ્યાલી રસ સરીખું જણાય;
દેખાય એવું માગ્ રખે જાચો, સેવો શ્રીકૃષ્ણ ધરી સ્નેહ સાચો,
વણુ માગે એ આપે સહુ સ્વામી, નથી અજાણ્યા અંતર્યામી સેવો ૯૨
દાસીના સૂતમા સહુ, પિતા રાંણી સુતનો એક રાય,
ભક્તિ અંશ શ્રીકૃષ્ણ સેવે, નમાઇક સર્વને ધાય;
ધાય તોયે કર સાહે ન કોય, કામ પડે ત્યારે અંતે રોય,
આવાગમનમાં સદા અથડાય, કોઇ કાળે હરિવિના ગતિ ન થાય. સેવો.

પ્રેમ લક્ષણા ભકિત સાર

ન્હાનો પદાર્થ મ્હોટો દેખાડે, ન પાકયો ન દિસે કાચો,
[illegible] હોય ત્હેને અણુ બનાવે, ને જુદો મનાવે સાચો;
સાચો દેખે એજ માયાનું રૂપ,એણે કીધા વશ્ય રંકને ભુપ
જેહનેજીત્યાનોછે એક ઉપાય,સાચુશર્ણ લ્યો શ્રીવૃજરાયસેવો૯૪

માયા છે ઘંટી ખિલોહરિ, ત્હેમાં જીવ ચરાચર અંન,
જે પડયું તે પીસાય છે, તું જોની પ્રગટ લોચન;
લોચન જો ચોક વચ્ચે છે તેહ, બીજા સમિપ રહે છે જેહ,
જેઅણું ત્યાંથીખશ્યો કણ આઘો, તે તત્કાળ દળાવવા લાગ્યો.
સેવો ૯૫

પરવારી સઉ કામથી, કોઇ મ્રત્યુ ન પામે જંન;
આ કીધું આ કરવનું છે, એમ કર્તાં આવશે અંત;
અંત આવ્યોહરિ કયારે ગાઇશ,ચેતચેત નહિ તો પસ્તાઇશ,
મર્ણ નહિ આવે કાંનમાં કહિને, જશે ઓચિંતુ અંધારૂથઇને
સેવો ૯૬

ઉત્તર વચન તેમાં નવું, પૂર્વનું નહિ પ્રમાંણ,
છેલ્લું રચ્યું શ્રીમદ ભગવત, સઉ પહેલાં રચ્યાં છે પુરાણ;
પુરાણ અથક પ્રથકકયાં વ્યાસે,તોય રહ્યું ઉર ભરીયું ઉદાસે
મર્મ બતાવ્યોનારદમીત્ર,સુખથશે રચો ભકિત ચરિત્ર.સેવો૯૭

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

પુષ્ટી પંથ પ્રભુ શ્રી વલ્લભ કુળ, જઇયે ત્હેમને શરણું,
નામ નિવેદન મર્યાદા ધરી, સેવિયે શ્રી ગિરિ ધરણું;
શ્રી ગિરિધર ગુરૂ વૈષ્ણવ પ્યાર, ધરી ગતિકર્મ માર્ગ અનુસાર
મનુષ્ય જન્મનો એ છે સાર, જે માંનેતે પામે પાર. સેવો. ૯૮

મ્હામંદ મતિ જીવ કળીના, સર્વ શાસ્ત્ર ક્યાં ખોળયે,
માટે સકળ સિદ્ધાંત સાર, સોધિ કીધો છે ટોળયે;
ટોળયે કરાવ્યો પ્રભુયે મતિ દિધી, નિજ જંન જાણીને કૃપા કીધી
ભક્તિ પોષણ ધર્યું ગ્રંથનું નામ, કથે સુણે સરે સર્વનું કામ સેવો. ૯૯

એકસોને એક ચંદ્રાવલા, આ ગ્રંથ તણા છે સાર,
પ્રતિ પદ શુભ સિદ્ધાંત ભર્યું છે, વાંચીને કરજો વિચાર;
વિચારતા વલ્લભ હરિ થશે, સર્વ ક્લેશ સમૂળગા જશે,
આચરણ કરતાં આનંદની હેલી, ભક્તિ શ્રીકૃષ્ણની કરજો વ્હેલી.
સેવો. ૧૦૦

મહા નદિ શ્રી નર્મદાજી, તટ ચંડી પૂરી ધામ,
જ્ઞાતી નાગર સાઠોદરા, ભટ દયા શંકર નામ;
નામ વલ્લભ વૈષ્નવદાસ, ગુરૂ પ્રતાપે ગ્રંથ કર્યો પ્રકાશ,
શીખે સાંભળે જે જન ગાય, તેમને મન વાંચ્છીત ફળ થાય.
સેવો. ૧૦૧

પ્રેમ લક્ષણા ભકિત સાર

પદ. ૧૫

નંદ કુવરજી નિજજન જાંણીરે ક્રિપા કરો,
બીર્દ પોતાનું ઉરમાં આંણીરે, ક્રિપા કરો. ટેક
છો શ્રીજી શર્ણાગત વચ્છલ, પતિત પાવન સ્વામી,
દિનદયાળ દયાનિધી, અધમ ઓધારણ અંતર્યામી;
અનાથ બંધુકરૂણા સિંધુ,પુરણ કશીન ખામીરે ક્રિપા કરો ૧
આર્તવાનને બળી બળ અતુલીત, વિશ્વંભર વનમાળી,
ઉદાર અરધી સ્હેજ ક્રિપા કરી, સેવા સાધન ટાળી;
આપસમોમળમાસકર્યો, કેવળશર્ણાગતન્હાળીરે ક્રિપા કરો ૨
અજામેલ સૂત નામ સમરતાં, કીધો વૈકુંઠ વાસી,
શુક ભણાવતાં ગુણકા તારી, કેવળ પાતીક રાસી
દુઃખપારધીસ્વદેહસ્વર્ગે, મોકલીઓ અવીનાસીરે ક્રિપા કરો ૩
સ્હાપદ મિથ્યા વાસુદેવને, આપ્યુ આપે વિચારી,
માતની ગતિ પામિ પૂતના, પાપણી શીશુહત્યાસી;
એઅદલયતાતમવિનાકંઇ, દીકીનસુણીગિરિધારીરે ક્રિપા કરો ૪
આદ્ય કવિ વાલ્મીકે અવળું, રામ નામે અલાપે,
નિજ બળગતિ આપી ગિધને, જે તન ભર્યું છે પાપે;
ચેધૃકસઆદિકઅતિબળપ્રભુ, તાર્યાપ્રબળપ્રતાપેરે ક્રિપા કરો ૫

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

ભક્તઆધિન ભક્તવચ્છલ છો, વેદ પુરાણે ગાયા,
જ્યાંહાં જ્યાંહાં સંકટ સંતપડયું ત્યાં, અતિ આતુર થઇ ધાયા
દુઃખસહ્યુંપણ જનસુખકીધુ, શું વર્ણવું વ્રજરાયરે ક્રિપા કરો ૬
જન અવગુણ મન વસે ન વિઠ્ઠલ, અંતરમાં અતિ પ્રીતિ,
જેમ સુતના અપાધ નભાસે, અગળાને એ રીતિ;
દ્રોપતણાગુણસમજોસાંમા, વિદુરત્રિયાનીનિતિરે ક્રિપા કરો ૭
સ્વલ્પ માત્ર જો સંભારે, સંકટ વેળા પણ કોઈ પ્રાણી,
તદપિ સાહ્ય કરો સાંમળિયા, અનુકંપા ઉર આણી;
ગુસતથીએપ્રગટવાતછે, નિગમ્યગમ્ય વખાણીરે ક્રિપા કરો ૮
કપોત બાળક ત્રણ્ય રીપુથી, રાખ્યાં કુંજ બિહારી,
વળિ ખગ ઇંડાં ઉગાર્યાં, ગજ ઘંટા ઢાંકિ ગિરિધારી;
અપક્વરાખ્યુ એકભાંણુ, સીસુજીવાડયાંમંઝારીરે ક્રિપા કરો ૯
નિરકડામાં મેડકી બાળક, જળ રેડતાં આવ્યુંરે,
તેની માતા દુઃખી થઇ હરિ સમર્યાં, તપ્યુન નિરતપાવ્યુંરે;
અર્ભક ઉગાર્યુંમાતા મેળવ્યું,સાચુંગર્દકહાવ્યુંરે. ક્રિપા કરો ૧૦
શ્વાન પારધી અનલ જાળ, ચોદિશાયે ઘેરી હરણીરે,
શ્રી હરિ સમરતાં વારિદ વાયુ, પ્રેર્યાં સીંચી ધરણીરે,
યુદ્ધચોકદબેમુઆ પરસ્પર કથાપુરાણેવર્ણવીરે ક્રિપા કરો ૧૧

પ્રેમ લક્ષણા ભકિત સાર

કુંવરબાનું મામેરું મુકાવ્યું જેમ ત્યેમ, નિજજનનેસુખ આપ્યુંરે,
શ્રાદ્ધ કરવાની કૃતિ પણ કીધિ, એવું હેત હૃદેમાં વ્યાપ્યુંરે;
કાંચનકહીકાષ્ટનું નામ લીધે, મ્હેતાજીને અળાપ્યું રે ક્રિપાકરો. ૧૨
સુનાર રૂપ ધરી દામાજીનું, દુઃખ કાપ્યું હાર લાધારે,
જશુંદા થઈ સુવાવડ કીધી, આકળણા મ્હેતા ત્રિયાનીરે;
સેનાસારૂં નાપીતથઈનૃપ, મુકનધણી ગુણીરે. ક્રિપા કરો ૧૩
માધવદાસ તણાં મળમુત્ર, પખાળ્યાં થઈ પ્રભુ માતારે,
માંસ તોળવા કર્યું ત્રાટકું, સદન કસાઈ ખ્યાતારે;
ધર્મવસ્ત્રેઃહરિદાસતણેઘેર, રહેયાકળધરભ્રાતારે ક્રિપા કરો ૧૪
જનનીનાં છાંણાં વિણ્યાં, દળણું દળ્યું હેત મોરારીરે,
ભાંડ પાત્ર ગોર કુંભારના, ઘડિયાં ગિરિવરધારીરે;
નામદેવનું છાયું છાંપરૂં, ત્રયુત્રિલોચનચારીરે ક્રિપાકરો ૧૫
દ્વારપાળ બળિ ચોપદાર, ઉગ્રસેન સારંગપાંણીરે,
પાંડવનાં દાસત્વ કર્યાં, બહુ વેદે વાત વખાણીરે;
કુબ્જાકાંતપત્નીપારથની, થઈપ્રભુપાયું પાંણીરે. ક્રિપાકરો ૧૬
પંચાળીનાં પટકુળ પુર્યાં, જનનું સંકટ કાપ્યું રે,
ધ્રુવજી બાળક દુઃખિયો લહી, દાંમોદર દર્શન આપ્યું રે;
ચંદ્રહાસ્યનેવિષકરીવિષયા, રાજ્યઅચિંતવ્યુંથાપ્યું રે ક્રિપાકરો
પ્રહ્લાદનું વચન પ્રતિ પાળ્યું, ભિષ્મ પ્રતિજ્ઞા રાખીરે,

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

અંબરીષનુ મ્હાત્મ વધાર્યું, દ્વિજ નીચા નાખીરે;
હારહુંડીમાં ગાળાહિર, નરસહુનાજગજાણીરે. ક્રિપા કરો ૧૯
ગોપી જનોયે નાચ નચાવ્યા, નાચ્યા ગિરવરધારીરે;
ઠરમાણીનાડે વિદુરજીનાભાજી, કુબીજા બ્હાલ વિચારીરે;
જુઠાંફળ સબરીનાઆરોગ્યા, શ્રુતદેવનુંઆરોગ્યાવારીરે. ક્રિપા કરો
એવાં અનેક કારજભક્તના કીધાં, પાવન થાવાનેમેં ગાયારે,
હું નથી ભક્તિવંત પણ પતિત પાવન કર્યા ઘણા,
હવે ધ્યોની મુજ પર ચિત્તરે. ક્રિપા કરો ૨૦
ઉત્તમ અધમ અધમને ઉત્તમ, આપ કરો તો શીવારરે,
જેવો તેવો સદા તમારો, હું છું નંદકુમારરે;
રૂઠો તુઠો કરો ચાહિતે, અવર નથી આધારરે. ક્રિપા કરો ૨૧
અખીલ દોષ તણો દરીયો છું હું, શુભકૃતિ સ્વલ્પન મ્હારીરે,
કોટી કલ્પે ગતિ ઘટે નહિં, જોતાં ન્યાય વિચારીરે;
જોતરાયતોમેં કેવળપ્રેમઇ, બળતમ્હારૂગિરિધારીરે ક્રિપાકરો ૨૨
શિવવિધિશેષસરીખા બેહું, ન જાણેજેને વેદ સમસ્તરે;
કોણ માત્રત્યાં અલ્પજીવહું, મ્હાજન માંથી વસ્તરે,
શ્રીગુરૂવલ્લભસાંખ્યાકહિાંના, વિચારીઆલોહસ્તરે. ક્રિપાકરો ૨૩
નથી માગતો ચક્રવતિ પદ, સ્વર્ગ સિદ્ધિ યો મુક્તિરે,
પ્રપંચ વિસ્મૃતિ પુર્વક શ્રીજી, આપો નિજ આસક્તિરે;
સુસંગ સંતતસુદ્દઢ, પ્રેમલક્ષણાઅહૈતુકીભક્તિરે. ક્રિપાકરો ૨૪

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

પદ ૧૬ પ્રભુને કર્વાની વિનંતી પ્રભુના ભક્તજનોના દાખલા સાથે ભક્ત વેલ.

પ્રથમ પ્રણામ કરૂં હું ગુરૂ નાથને,
મન કર્મ વચન કરી જોડી જુગ હાથને. ૧
સુણો શ્રી ગિરિવર ધારી તમો મ્હારા એ વિનતિ,
મેં એળે અવતાર ખોયો પ્રભુ હવે મ્હારી શી ગતિ. ૨
રખડયો ચારે ખાંણુયોમાં અખીલ બ્રહ્માંડમાં,
તેમાં માંઘો મનુષ્યદેહ આવ્યો ભર્તખંડમાં. ૩
જેહેને વેદશ્રરીખા ઇચ્છે તેહેને પણ ના મળે,
તહેવો તેમને મળ્યો પ્રભુ તમારી કૃપા વડે. ૪
તેવો સમો આવ્યો તોયે શ્રીહરિ ભજવા ન શીખ્યો,
રંકનેજયમ પારસમળ્યો પણ કોટેબાંધીને ભીખ્યો. ૫
બાળપણું બાપણે મે ખોયુ છે મ્હારા અજ્ઞાનમાં,
મ્હારી યુવાવસ્થા વિતી વિષયના ધ્યાનમાં. ૬
વૃદ્ધ પણુ આવી ગયું તોયે તૃષ્ણાં ન તુટી,
હાંકે સહુ હળવો પાડે મરૂં તોયે માથું કુટી. ૭
ઘણા ભવ કલેશ પામ્યોં તોયે મમતા ન ભાગી,
મ્હારે હૈયે વૈરાગ્ય નઆવ્યો પ્રભુ તમારી નલ્હેલાગી. ૮

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

રત્નાકરમાં એમ મૂક્યું આવ્યું સંગી કોઇ ત્યાં નથયું,
આમળ જે નિપજ્યું તેતો મુખે ન જાય કહ્યું. ૯
એવા આંક ફેરા હું આવ્યો ને ગયો પણ,
તમને ભજ્યા વિના મ્હારો છુટકો કંઇ ન થયો. ૧૦
હું માયાના પાશ તોડી સેવું તમને શ્રીહરિ,
હેવું બળ હુંમાં નથી કહું છું હું કરગરી. ૧૧
જાણી દિન કૃપા કરો વ્હાલા પોતાનું બિર્દ જોઇ,
તો કામ થાય મ્હારૂં નહીતો મરીશ હું રોઇ. ૧૨
મ્હારાં કુકૃત્ય સહુ હોય તે જાણી જોઇને માફ કરો,
વ્હાલા પોતાનો દાસ જાણી મ્હારા સર્વે તાપ હરો. ૧૩
હો પતિતપાવન પ્રભુ અધમ ઓધારણકારી,
છો દયાળુ દિનબંધુ શરણાગત વત્સલ હરિ. ૧૪
હે ગોપીજન વલ્લભ વ્હાલા તમો કૃપાના સાગર કહાવો
ઘણાને તમે કૃપા કરી માટે કરૂં છું દાવો. ૧૫
સ્થંભથી પ્રગટ્યા પ્રભુ પ્રલ્હાદની પીડા કાપી,
ધ્રુવજીના તાપ ટાળ્યો અવિચળ પદવી આપી. ૧૬
વળી ચંદ્રહાસને ઉગાર્યો દેઇ વિષ વિષયા કરી,
સંકટમાં દ્રૌપદી રાખી પૂર્યા બહુ ચીર હરી. ૧૭

પ્રેમ લક્ષણા ભકિત સાર

તેલ કઢાથી બળતાં સુધનવાને રાખોયો,
બળતાં બગબાળક ઊગાર્યાં ગજઘંટને નાખીયો ૧૮
ગ્રહે ગ્રહેલો હસ્તી મુકાવ્યો તમે કષ્ટથી,
શિવજીની સ્હાય કીધી તમે વૃકાસુર દુષ્ટથી. ૧૯
રાખ્યુંપણ તમે ભીષ્મ કેરૂં પાંડવનાં લાડ પાળ્યાં,
સુદામાનુ દરીદ્ર હેડયું અજામેલ પાપ બાળ્યાં ૨૦
અહલ્યાનો શ્રાપ ટાળ્યો વિદુરનુ ગમતું કીધું,
જયદેવની સ્ત્રી જીવાડી તમે મીરાંનુ ઝેર પીધુ. ૨૧
નામાનું તમે છાપરૂ છાયું ત્રીલોચનનુ નિરભર્યું,
દાસ દામાજી માટે તમે મ્હારનુ રૂપ ધર્યું. ૨૨
નરસીમ્હેતાને હારઆપ્યો પુર્યા બહુતહેના કોડજી,
મુકયું મંદીર બોડાણા માટે તમે શ્રા રણછોડજી. ૨૩
સેના સારૂ તમે નાપીક થયા તે જણાવું જગતને,
મધ્યરાતે બનાત ઓરાડી માધવદાસ ભક્તને ૨૪
તુલશીદાસના ટેક માટે થયા કૃષ્ણના રાંમજી,
ધનાનુક્ષેત્ર નિપજાવ્યુ બિજ વિના તમે શ્યાંમજી ૨૫
કુંતાજીની ભક્તિ દેખી તમે થયા આધીન હરિ,
માસુ જવા ઉતરાના રાખ્યા પરિક્ષતની સ્હાય કરી ૨૬

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

સાંદિપન ગુરૂની પત્ની દેવકીને તમે માત કહાવી
એગનેનેતમે પુત્રઆપ્યા મૃત્યુપામેલા લાવી. ૨૭
ઉદ્ધવઅને અને અર્જુન બંનેને જ્ઞાનઉપદેશ કર્યો હરી,
પાર્થને તમે પાણી પાયું સુભદ્રાનુ રૂપ ધરી. ૨૮
રાજ્યાસન ઉગ્રસેનને આપ્યું પ્રભુતમે છડીદાર થયા,
બળીરાજાના મંદીરઆગળ દ્વારપાળ થઇને રહ્યા. ૨૯
વ્યાસમુનિનો પરિતાપ ટાળ્યો નારદજીને મેળવી,
હિરણ્યાક્ષદૃષ્ટને મારીને તમે મુકાવી પૃથ્વી. ૩૦
કુબજાની કામના પુરી રંગે રમવાને ગયા,
બ્રાહ્મણને કન્યાઅપાવી સાક્ષી તમે ગોવાળ થયા ૩૧
રજસ્વળાનું અસુચીપણું પ્રેમે થયું ભંગજી,
સુણકાનો મુગટ લીધો માગીને તમે શ્રીરંગજી. ૩૨
રૂષી પત્નીનુ ભોજન જાચ્યું તમે જદુવીરજી,
પીધુ શ્રુત દેવકેરૂ નારાયણ નામે નિરજી. ૩૩
કરમા બાઇનો ખીચડો ખાધો વળી સબરીના બોરજી
ઉચીષ્ટ અંન્ન આહીરનુ ખાધું તમે શ્રીનંદકીશોરજી ૩૪
રમાથી ઘણું અધિકું આપ્યું તમે સુખ ગોપીઓને,
સૈમણુ ગમતે કૃત્યકીધાં મર્જાદાઓ લોપીને. ૩૫

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

અંગદે ગળ્યાં ગોપ ઉગાર્યાં સર્પે ગળ્યા નંદજી,
ગિરિધારી વ્રજઉગાર્યું વ્યાપ્યો બહુ આનંદજી. ૩૬

જટાયુની દહનક્રીયા કરી તમે શ્રીરઘુરામજી,
બિભીષણ અને સુગ્રીવ બંનેને અપાવ્યું રાજજી. ૩૭

અંબરીષરાજાનો ભાર ઉતાર્યો આપે અવતાર ધરી,
ભીલથી ભ્રતજી ઉગાર્યો દેવીને પ્રેર્યા કરી. ૩૮

વામન રૂપ થઇ ભીક્ષા માગી ઇંદ્રનું ગમતું કીધું,
અમરને અમૃત પાયું તમે મોહની રૂપ લીધું. ૩૯

પુંડરીકના વચનમાટે ઇંટે આસન કર્યુંજી,
વાલ્મીક રૂષીને મ્હોટો પતિતપાવન કીધોજી. ૪૦

આપની છાયામાં સુતો પવન કુમારજી,
એ તપમાં તમે ઉભારહ્યા ઘડી બે ચારજી. ૪૧

કપટે પયપાન કરાવ્યું બકીને ગોપાળજી,
તેને ગતિ માતાની આપી એહવા દિનદયાળજી. ૪૨

પાપી અહીસિચાણું માથે ગાંડુ ત્ર... ગો...,
સ્મરણ કરતાંમાં હરિપક્ષી લીધાં ઉગારી ૪૩

તુકારામ તમને વ્હાલો સ્વાંહે સ્વધામ લીધો,
પીપાને દ્વારિકાં દેખાડી મુદ્રા દેઇ સાચો કીધો. ૪૪

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

જયમલની લજ્જા રાખી રઇ દાસનુ શ્રીફળ લીધું,
રાખ્યું પણ કબીરકેરૂં આપે સદા વ્રત દીધું. ૪૫
જ્ઞાન સોપાનની વૃત્તીયે મુકતા બાઇ ભકત ભાવી,
દાસની કીર્તિ કરવા માટીની ભીંત ચલાવી. ૪૬
રત્નપચ મોકુનાની ખાંધે ચઢયા પ્રભુ પ્રીતિને જાણી,
ગદાધર દાસ કેરૂ પાંચ સોગે પીધું પાંણી ૪૭
ત્રિપુરદાસ ભકત કેરી છીંટેથી સીત સમી,
ભકતના કુકુલના ભારે શ્રી મસ્તક રહ્યું નમી. ૪૮
સુરદાસનો નિમ નિભાવ્યો કિર્તન પુરાં કર્યાં,
કૃષ્ણદાસના કોડ પુર્યાં પદ ત્રણ્ય આપે ધર્યાં. ૪૯
દાસ આશકરણને માટે યુદ્ધ કરવાને ગયા,
જન મધુ નાભ સારૂ ખેતરીઆ આપજ થયા. ૫૦
એવાં જનોના દુઃખ હર્યાં ઘણાં તમે શ્રીનાથજી,
તેમાં એક અધિક દયો જાણો પ્રઢો હાથજી. ૫૧
જે શાખને સાંભળે મન ભાવે કરી ભકત વેણજી,
તેને પ્રભુ પ્રસંન્ન થઇ કરે સુખની રેણજી,

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

પદ. ૧૭ પ્રભુની અકળકળા. ગરબો.

હરિ ત્હારી અકળ કળા ન કળાયરે,
મ્હોટા સમર્થો જેમાં ઠગાયા,
હરિ ત્હારી અકળકળા ન કળાયરે. ટેક
ભુલ્યા કુળ ઘર તાંગી ગજુનારે,
દેખી લીલા તેના બને ભજુનારે,
વસ્મુ દીસે છે ઝાઝુ છણુતાં. હરિ ૧
ભુલ્યાં લક્ષ્મી આપ અર્ધાંગરે,
છળ્યાં રૂપ દેખી નરસિંહરે,
કળે કાંણુ નવા નિત્ય રંગ. હરિ ત્હારી ૨
છળ્યા શંકર મોહની રૂપે ટંકરે,
ન રહ્યું નામ વિરજને વિવેકરે,
ગમા મે માયાથી બચ્યા નહીં એક. હરિ ત્હારી ૩
મુસ્યાં દુનિયા રાંમ લીલા જોઇરે,
જંમમાં ભામની સોધે ન કોઇ,
ચિંતા રૂપ મરી પત ખોઇ. હરિ ત્હારી ૪
જ્યારે સુર મારી સિંધુ વલોવ્યો
ત્યારે ગણેશ મહાચંળ ખોદેરે.
દીઠા ક્યાં મત્સ્ય કચ્છ રૂપે વેદ્ગ્યો હરિ ૫

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

પ્રગટ્યા છે પ્રાર્થના કરીનેરે,
વળી ગર્ભ સ્તુતી કરી ફરીનેરે,
તે બ્રહ્મા થયા વાછરૂ હરીને, હરિ ૬

ભુલ્યા નારદ નૈષ્ટીક બ્રહ્મચારી,
હરી રૂપે વરવા માગ્યું નારી,
જ્ઞાન પાંમ્યા ત્યાં આપ્યાથી મોરારી હરિ ૭

ભુલ્યા ગરૂડજી નાગ પાસને બાળીરે,
ભુષંડજીયે ભ્રમણા ટાળીરે,
કહ્યો મોહન પોતાનો વાલી. હરિ ૮

ભુલ્યા જનક વશિષ્ટ મહાજ્ઞાનીરે,
ગુરુ થાપી પરસ્પર ધ્યાનીરે,
જુઓ દ્વૈત ઠર્યું ક્યાં હાની. હરિ ૯

શિક્ષા પામ્યો છે દમદ ઘન વર્ષાવિરે,
માગ્યું પારીજાત ના આપ્યું લાવીરે,
અંતે પામ્યો ત્યારે સુદ્ધી આવી. હરિ ૧૦

ભુલ્યા શુક્રાચાર્ય થઇને શાણારે,
હરિ જાણ્યાં ભુલ્યા ગત ઠેકાણારે,
ધર્મ વિરોધ કર થયા કાંણા. હરિ ૧૧

. પ્રેમ લક્ષણા ભક્તિ સાર

અજામેલ વેળા કહી દિન વાણીરે,
ગુરૂ સુત માગ્યો તે આપ્યો આંણીરે,
જમન જુડયા ત્યારે જોડયા પાણી. હરિ ૧૨
રાંમાનુજ ભુલ્યા ઇશ વખાણીરે,
અટકયા સ્વામીથી હઠયા વેદ વાણીરે,
નાખ્યાં દુર કર્મ ઝટ જાણી. હરિ ૧૩
જાગુ છતાં તો નિંદ્રા ભાસેરે,
અન્યા ભ્રાંતને અવળું ભાસેરે,
સુધુ સમજતાં સંદેહ નાસે. હરિ ૧૪

પદ. ૧૮

હરિહું શકરૂરે, મ્હારો માયા નમુકે કેડો; ટેક
કોટી કલ્પ સુધી એણે ભમાવ્યો, હજુયે ભમુનહિ છેડો;
મુજથીનછુટેપ્રભૂનઆપછોડાવો,મ્હારોકીયેકાંળનિવેડોહરીહું-૧
સેવા સ્મરણ કામકરૂપણ, મ્હારો ક્ષણુયે નછાંડે કેડો;
શુગજુમ્હારૂ એઅવિદ્યાજીતી, કરૂચરન કમળે નેડો; હરિહું-૨
આપવિના એના સહુસેલા, કહોને કહુંદુઃખ કેડો;
દાસી તમારો જાયપ્રેરોત્યાં, પાછીફરે જ્યારે તેડો. હરિહું-૩
કસ્આરિકહુક કૃષ્ણક્રિપાનિધી, ચરન પડયો નખશેડો;
માયાકાળઅજ્ઞાથી બચેદયો, કૃષ્ણ ક્રિપાજળ રેડો. હરિહું-૪

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

પદ. ૧૯ રાગ કાલિંગડો.

મ્હારે કંગઅડા હો કેશવરાયરે, માયાદળથી મૂકાવો,
કર્ણાંતતત્ત્વચ્છલતણુ રે, ગર્ઝ પાળો મ્હારો દાવો, માયાદળથી મુકાવે
હૈયાની હોળી કોને કહું રે, કહું તોય કાંમ શું થાય,
આપતોઅંતર્યામીછો હરિમારાસમર્થ સુખદાય, માયાદળર્થ મુકાવે.
કહેતાં કંઇ બનતું નથીરે, ઘણી ઘુંચવણીને દુઃખ,
જેનેઆપ્યોતહેનેકયાંનથીકર, ઝ.લોતોસઘળુંસુખ, માયાદળથી.
કષ્ટ પામીને કાયર થયોરે, નથી મ્હારે એકે ઉપાય,
કાંનધરોતોકહુંછુ ભુલુનહિતો, મ્હારૂંછેસઘળવૃત્તરાય, માયા.
કરવા યોગ્ય હું નહીરે, જેહવો તેવો તમારો દાસ,
અકળાયોછુઅવિદ્યા દુઃખે, માથેકાળનોછે મ્હોટોત્રાસ, માયા.
પ્રસન્ન થાઓ તમો હવે, કાંઇ નથી મારી પાસે વસ્ત,
નિજબળથીનિજનોકરોતો તો, અખિલ કષ્ટ હોય અસ્ત; માયા.
કરગરૂ છુ કામ આવ્યું કશુરે, ઉત્તર ન આપને મન,
પણવિચારોનેહું કહોનેકહું, તમવિનામ્હારેકોઇછેઅન્ય; માયા.
આના પ્રોતમ હિના નાથજી મ્હારી, સાંમુ જુઓ એકવાર,
મન નિજાનંદનો કરો પાયો, પ્રેમરસ પ્રાણ આધાર; માયા.

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

પદ. ૨૦

માયા કાળ કર્મ ભય ભારી શ્રીજી સ્હાય કરો,
બાંહ્ય ગ્રહ્યાની લાજ વિચારી શ્રીજી સ્હાય કરો. ૧

મુજને સંગી મળ્યા બહુ બાધક શ્રીજી,
આપ કૃપા વિના નહિ કોઈ સાધક શ્રીજી, ૨
વિષય વિષે ચિત જાય નિરંતર શ્રીજી,
કૃપા વિના મિથ્યા કોટી શ્રીજી સ્હાય કરો. ૩
કદી તંન્દુ ખાંડ્યું પણ મન નથી ખાતુ શ્રીજી,
રહે છે હૃદય અહનિશ બાતું સ્હાય કરો. ૪
શ્રી હરિ વંદુ તદપિ ઊર ગંદુ શ્રીજી,
આપ વખણું પુરને નંદું શ્રીજી સ્હાય કરો. ૫
દોષ મુર્ખતાદિક સહુને ટાળો શ્રીજી,
મ્હારૂ મન તમ ચર્ણે, વાળો શ્રીજી સ્હાય કરો. ૬
દુરમતી દુષ્ટ સ્વભાવ નિવારો શ્રીજી,
અયોગ્ય છું તદપિ ભવ તારો શ્રીજી સ્હાય કરો. ૭
શ્રી વલ્લભની કેહેણુ વિચારી શ્રીજી,
દાંન નિજાનંદ દ્યો કર ધારી શ્રીજી સ્હાય કરો. ૮

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

મ્હારી વિનંતી હૃદયમાં ધરીને શ્રીજી,
જનની જઠરમા ન દેવા ફરીને શ્રીજી સ્હાય કરો. ૯
સહુ મુજ તાપ પાપ ભય ફેડો શ્રીજી,
કરૂણા બળ નિજ નિકટે તેડો શ્રીજી સ્હાય કરો ૧૦
દ્રગ શ્રુતિ હૃદય તપે નિજ મળવા શ્રીજી,
હવે ન ઘો દયાને બળવા શ્રીજી સ્હાય કરો.

પદ ૨૧

હે હરી હું હવે હાર્યો જે ગમે તે કરો,
અતિશે અકળાંમણનો માર્યો જે ગમે તે કરો. ૧
હરિ હું સહુ શુભ કૃતીથી હીણો,
અતિશે અદ્રષ્ટનો પણ ઝીણો જે ગમે તે કરો. ૨
પડી અવિદ્યા મ્હારી પૂઠે,
સુધર્યાંમાં નાંખે છે સુઠે જે ગમે તે કરો. ૩
ભ્રષ્ટ હૃદે માને નહીં શિક્ષા,
જગમાં લજવી વૈષ્ણવની દિક્ષા જે ગમે તે કરો. ૪
ભવ ઉદ્વેગ અતીશે પીડે,
સુકર્યાં ઊચિત કર્મ સહુ સીડે જે ગમે તે કરો. ૫
શરણાગત જોઉ કૂતી મતિ માઠી,
શ્રદ્ધા કાંઇ હતી તે નાઠી જે ગમે તે કરો. ૬

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

લાગી મન મળવા અવિનાશી,
સઉને સુણતાં આવે હાંશી જે ગમે તે કરો. ૭
બહુ દુઃખ નીશદીન જે કૃતી કરીને,
જાય મન ત્યાંનુ ત્યાં ફરી ફરીને જે ગમે તે કરો. ૮
તન જ્યમ વૃદ્ધ થયું મન થાય બાળક,
ઉપર ઉજવળ અંતર કાળક જે ગમે તે કરો ૯
અંતકાળ દુઃખથી કાંપું છું,
સત્ય વચન સ્મરી જપું છું જે ગમે તે કરો. ૧૦
પ્રભુ જ્યેમ રાખો છો ત્યેમ રહું છું,
જે શિર પાડો છો તે સહુ છું જે ગમે તે કરો. ૧૧
જાણું છું કરશો સર્વે સારૂં,
પણ વગર સમજે ભટકે મન મ્હારૂં જેગમેતે કરો. ૧૨
જીવ થકી નિજ બળ કશું નથી થાવું,
સનેપાતમાં ગાંડુ ગાવું જે ગમે તે કરો. ૧૩
જેવો તેવો હું શર્ણ પડયો છું,
મ્હાપ્રભુજીયે સાંચ્યોઅટળઅડયોછું જેગમેતે કરો. ૧૪
મનનું સહુથી વ્હાલન હાલે,
ગગન પવન શઠ ભરાઇ નચાવે જે ગમે તે કરો. ૧૫

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

વિનંતી દયાનીએ ફરી ફરીને,
પ્રગટ મળ્યું સેવું હરીને જે ગમે તે કરો. ૧૧

પદ. ૨૨ રાગ ખમાચ.

હો મનવા! શ્રીહરિ શરણે રહેજે, અવરઉપાય નથી કંઇબીજો,
શ્રી કૃષ્ણ કૃષ્ણ મુખ કહેજે- હો મનવા ટેક.
અકળ અવિદ્યાની જાળમાંરે, પડીયા પંડીત શુર,
જ્ઞાનીવેરાગી જોગી જતીરે, ચાવી કર્યા ચકચુર. હો મનવા-૧
સ્ત્રી એજ મ્હોટી મોહનીરે, બીજુ સહુ હેના હેઠ,
પોહોચેલાનેપણપાડે પલકમાં, છેલિસિડીલગી ઠેઠ. હો મનવા-૨
જ્ઞાન વૈરાગ્ય ગોઠે નહીરે, ન ઉપજે હરિ શું હેત,
જાયવિવેક વિકળ રહેરે, જ્યારે ચતુરી ચોરેચીત હો મનવા-૩
ઇંદ્ર ચંદ્ર પારાસર મુનીરે, એકલ સંગી મુન્ય,
શિવબ્રહ્માદિક ભુલીયારે, એથી મ્હોટા કાંણ અન્ય હો મનવા-૪
મનતો ભ્રષ્ટ બની દિશ્યનુરે, નવ રહેવું સ્ત્રીની પાસ,
ધીરાને ચંચળકરેરે, ઘાલે સત્યાનાસ. હો મનવા- ૫
ચતુરાઇ સહુની ચુલે પડોરે, કોઇનુ ન ચાલે જોર,
દયા જગતમાં તે બચે, જેનો મ્હરથી નંદકીશોર. હો મનવા-૬

પ્રેમ લક્ષણા ભકિત સાર

પદ. ૨૩ પ્રભુયે લીધેલું મોહની સ્વરૂપ.

ગરબો

અકળકળા શ્રી અવિનાસનીરે, હેનો પાર ન પામે કોઈ;
શિવસરખા જેમાંભુલાપડ્યારે, તેણીકાંણુ મહિમાટોઅન્ય. અકળ-ટેક
એક સમે સુણો મ્હાદેવજીરે, આવ્યા વૈકુંઠ વિષ્ણુની પાસ;
દર્શણુકરી હરિહરણોત્રીયારે, એક ચરિત્ર જોવા ચિત્તમાં આશ.
અકળકળા- ૧

વાતમિસેમિસેકહાડીમ્હારૂંહજીયેરે, પ્રભુસમુદ્રમંથનકર્યોજેવાર;
ત્યાંતમે મોહ્યનીરૂપ કહોકયમ ધર્યુંરે, સુર અસુરછળ્યા સ્યપ્રકાર.
અકળકળા-- ૨

એજ ઇચ્છાછે મ્હારે બહુદીનનીરે, મને દેખાડોને તેજ સ્વરૂપ;
એવાંવચન શિવજીનાં સાંભળીરે, વળતીબોલ્યા ત્રિભુવંન ભુપ.
અકળકળા- ૩

સાંભળો શંકર વાત વિવેકનીરે, તેછે મોહનીની માયાનુ અંગ;
તેનિરખ્યાની ઇચ્છારખે રાખતારે, તેતો ધ્યાન ધીરજ કરેભંગ.
અકળકળા- ૪

ત્યારે મ્હાદેવે વિષ્ણુને કહ્યુંરે, નાના હું નહીં ચળું લગાર;
જાણુંછું માટેકદાપી નહીં ભુલુંરે, દેખાડો મને હાંસ અપાર.
અકળકળા- ૫

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

એવું કહ્યું શિવજીયે ત્યારે હસ્યા શ્રીહરિરે, ભલે દેખાડીશું કોઈકદીન;
એમપરસ્પર હરીહર બોલતાંરે, ત્રીજું રૂપધર્યું મોહન.

અકળકળા- ૬

એક અનુપમ પુષ્પની વાટિકારે, ત્હેની મધ્યે દીઠી એક નાર;
સુંદર સોળવર્ષની સુંદરીરે, સ્યામા સ્વરૂપ તણો ભંડાર.

અકળકળા- ૭

ચંપક વર્ણ તન અને ચપળ ઘણુંરે, સામુદ્રિક લક્ષણ પૂર્ણ;
ગુણ ગંભીર ગોરી ગર્વભરીરે, હરે મ્હામુનિનાં મન ચુર્ણ.

અકળકળા- ૮

જરકશી કોરનો સુંદર સાલુરોરે, જેમાં ઝીણો કસુંબી રંગ;
અનુપમરીતે ઓઢયો અલબેલિયેરે, જેમાં ભાસે ગોરૂં સઉઅંગ

અકળકળા- ૯

વેણીલાંબી શિખ શેષ સર્ખીરે, ફેણુ મણી જાણેછે સીસફુલ્ય;
સેંથો સિંદુરે પુર્યોછે સોહામણોરે, ઉપર દામણી દીપે અમૂલ્ય.

અકળકળા- ૧૦

મોતીજડિત મનોહર મ્હોટણુરે, મૃગમદની ટીલી ચિત ચોર;
સુંદર ભાલ વિશાળ બિરાજતુરે, મદ માતીનું જોબન જોર.

અકળકળા- ૧૧

પ્રેમ લક્ષણા ભકિત સાર

ભ્રકુટી કમાન સમાન છબીલડાંરે, રાતાંલોચન ચળકે રસકુપ;
દીર્ઘ અણીયાળી ચપળતાયે મનહર્યુંરે, છે કટાક્ષ કટારીનુંરૂપ.
અકળકળા- ૧૨

નાસિકાવાળીઝુમચ્યુંઝુમેઝુમખેરે, વેસરમુકતીછેલંણુસીસુંઢાળ;
અરૂણઅધરની ઉપરસુંદર ચળકતુંરે, જોતાં જોગીચળે તત્કાળ.
અકળકળા- ૧૩

મંદ મધુરૂં મધુરૂં હાસ્ય કરેરે, ઝળકે દાડમ બીજશા દંત;
કુદંનની રેખા બે દંતમાં દીસતીરે, ચળકારામાં ચોરે ચિત.
અકળકળા- ૧૪

ચારૂ ચિબુકમધ્યેછે હરૂંટપકલુંરે, બીજુ ગાત્ર ત્રીજું અદ્દભાલ
ત્રણ બિંદુની શોભાહું શી કહુંરે, ત્રાજૂડ ત્રિલોકી મનજાળ.
અકળકળા- ૧૫

ઝુઝુગરમણી જડિત કનકતણીરે, કર્ણફુલપાંદડીઓનો ઝુમ
ચોટલો ગોફણ ગોરીનો ધમકતોરે, ઘણો ઘુઘરીઓકેરો ધચુમ.
અકળકળા- ૧૬

કોટી સુરજસરખા વદને ઓવારીયેરે, સુંદરમુખડું રૂપનિધાન;
અલકની લટ ઝુકી રહી કેડઉપરરે, મધુરૂં મધુરૂં કરતી ગાન.
અકળકળા- ૧૭

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

રંગતંબોળરચોટયો મૂખચોલશેરે, મૃગાનયણીનો વાંકો મોડ;
અરકસી બુટાનીછે કાળી કંચુકીરે, કસીકસોને પહેરી કરી કોડ.
અકુળકળા-- ૧૮

સુશીતનમનીયાં હિમની હાંસડીરે, માદ્દળિયાં અરિસોચિનમાળ
ચંપકળી ચંદનહાર ચોસેરનોરે, મૂક્તાફળની માળાછે વિશાળ.
અકળકળા-૧૯

કંકણુસહીત કનક કરચૂડલેરે, મનગડજરને બેજોડાંની રાખ;
વાંક વાંટી બાજુબંધ બેરખારે, છલ્લા આર્સીરહીછે હાથ.
અકળકળા-૨૦

સિંઘસમાંન કેડે કટીમેખલારે, પાયે નેપુરનો ઝણકાર;
સાંકળાંકલ્લાંકાંબીઅણુવટવિંછુવારે, નહિનખશીખશોભાનોપાર.
અકળકળા-૨૧

અશ્રબેહીયેઆંખઅંજીરઅનુપમણનીરે, પુષ્પહારકંઠેગજરાપાણ્ય;
બાહ્મુલાલ બેંદામ્હાવર પાનીયેરે, મેંદી હથેળીમાંછે જાણ્ય;
અકળકળા-૨૨

ક્રીડાકંદ્રપ કરકુંસૂમની કામનીરે, ગૃહીલીલા કરેનેની સંગ;
ઝાલે ઉછાળે પૂઠેફરે પ્રેમદારે, તેહને મિષેનચાવેછે અંગ.
અકળકળા-૨૩

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

મંદસુગંધ સમીર સિતનહેરે શશીઉદિયોરવી પાંમ્યોઅસ્ત;
તેસમેશિવજીયે દીઠીએસુંદરીરે, ચાલ્યા હરીથી છોડાવીને હસ્ત.

અકળકળા—૨૪

મોહયનીજોત મોહ્યામ્હાદેવજીરે, પૂછયૂં નહિં પ્રભુનેજેએકાંણુ;
ભુલીગયા સુધબુધ સરીરનીરે; લાગ્યો નેનકટાક્ષ મોહબાંણુ.

અકળકળા—૨૫

સમજ્યાનહીજેએછે મોહયનીરે, એવો વ્યાપોછે અંગઅનંગ;
પુષ્પનાબાગમાં પેઠીગળેકરીરે, લજ્જામુકી દોડયા કરવાસંગ.

અકળકળા—૨૬

એવામાં વાયુવાઓ ત્યાંવેગેકરીરે, ઊડયુવસ્ત્રહીતું સઉસરીર;
ત્યારેતો આતુર અત્તીમળવા થયારે, રૂપજોતાં રહીનહીં ધીર.

અકળકળા—૨૭

દોડતાં અંબર ગયું ખશીરે, નથી તોપણ સરીરનુ ભાન;
એમવિકળવેહવિહ્વળથઈગયારે, લાગ્યુમોહયનીમળવાનુતાન.

અકળકળા—૨૮

જોરકરેતોયપણજુવતીઝલાયનહીરે,દેડયાશિવજીતોયઆવેનહાથ;
પાસેદેખે પણ સ્પર્શ થતોનથીરે, બહુશ્રમીત થયાસ્ત્રી સાથ:

અકળકળા—૨૯

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

એવામાં આવી ગઇધરા વૃક્ષનીરે, તેવામાં આવ્યો વગોપવન;
વનિતાનાં વસ્ત્ર ગયાં સઉનીકળીરે, અતિલજ્જા પામી સ્ત્રીજન.

અકળકળા—૩૦

વ્યામી ત્યારેવૃક્ષઓથેઉભીરહીરે, શંકરસમીપેભરવાઆવ્યાનાથ;
ભાવસું ભેટતાં પ્રભુયેરૂપપ્રગટ કર્યુંરે, મુખજોયું તાવૈકુંઠનાથ.

અકળકળા—૩૧

વિષ્ણુ જાણિ ઉમાપતિલાજ્યારે, હરિબોલ્યા હરશીને વચન;
મોહ્યાનો રૂપ જોયું મ્હાદેવજીરે, સુણી શિવે કર્યું નીચુંવદન.

અકળકળા—૩૨

વગતીતોજ્ઞાનઆણીભોળાનાથે જોયુંરે, પ્રભુ માયાતમારીઅપાર;
અકળગતી તમારી તમો લ્હોરે, બીજો કોઇન પામે પાર.

અકળકળા—૩૩

ગરબો આગાથ શીખેને સાંભળેરે, તેને માયાનપીડા કોઇવાર;
વલ્લભી વૈષ્ણવ જન દયાશંકરે, ગાયા જગદીશ્વરના સાર.

અકળકળા—૩૪

પદ. ૨૪

મોરાં મન મોહન સુમાન્યુ, વરિયા વરિયા શ્રી ગિરધરલાલ,
જાણે જગ નથી કાંઇ છાંનુ. ટેક

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

જેમલ રાઠોડની દીકરીરે, રેહેતાં મીંડતા એનુ ધામ;
રૂપ ગુણ કોઈ સમોવડ નહી, રૂડું ધર્યું મીરાંબાઇ નામ.
મીરાં મન. ૧

જોશીયે વાંચી જનમોતરીરે, તેમાં લખ્યું નીકળ્યું એહ;
વરસે વિશ્વંભર નાથનેરે, કરશે નંદ કુવર સું સ્નેહ.
મીરાં મન. ૨

ઉધોતપુરનો રાણો રાજીઓરે, તેમની સાથે કરી છે સગાઇ;
પરણાવીને વળાવ્યાં સાસરે, કંઇ લૌકીક રીતે મીરાંબાઇ.
મીરાં મન. ૩

દેવીને દેવા વધામણાંરે, ચાલ્યાં વરકન્યા સઉ જંન;
રાણાયે પારવતીજી પુજીયાંરે, મીરાંનુ તો મોહનમાં છે મન.
મીરાં મન. ૪

સાસુ કહે સૌભાગ્ય વધેરે વહુ, નમો શક્તિજીને પાય,
મીરાં કહે મસ્તક મ્હારૂં નહીનમેરે, વિનાએકશ્રી ગિરિધરરાય
મીરાં મન. ૫

સાસુ કહે સાંમુ બોલીઆજથીરે, કેડાંનથી એ વહુનું કાંજ
પુત્રનેકહ્યું એવહુનેરાખો જુદીરે, એક ન્યરૂ રચાવો અનુંધામ
મીરાં મન.

પ્રેમ લક્ષણા ભકિત સાર

એવું સુણીને મીરાં મગ્ન થયાંરે, ભલુ થયુ તે ભાગી જંજાળ;
સાધુસંતસંઘે દિનરેન નિર્ગમીશુરે, સુખેશેવીશુંગાઇશું ગોપાળ.
મીરાં મન. ૭

નંદનાનંદનસાથેન્યારાંરહ્યાંરે, ત્યાંહરીજન.ઘણાઆવેમીરાંનેઘેર;
નિત્યભજન કિર્તન ઓચ્છવકરેરે, હરિને લાડલડાવી કરેછેલેહેર.
મીરાં મન. ૮

નણુદીઆવી મીરાંબાઇની પાસેરે, ભાભી આશોમાંડયો ઉતપાત
સાસરેરાણાજીનુ કુળલજાવ્યુંરે, વહુજીમહીયરલજાવ્યાંમાતતાત
મીરાં મન. ૯

અંબર આભ્રણ પેહેરો અનુપમગમ્યારે, સજોસુદરસોળશણગાર
મેહેલે પધારો રાણાજી તણેરે, રમીને રીઝાવી લ્યો ભરથાર.
મીરાં મન. ૧૦

છાપાંતીલક અરશી તુળશીની માળા, નાચોકુદો વેરાગીને વેશ,
સંગ મુકીદ્યો સાધુ સંતનોરે, રાણાજીતો સૂણીને કરેછે કલેશ.
મીરાં મન. ૧૧

મીરાં કહે બાઇ કલેશ ટાળવાનો એકજ છેરે ઉપાય;
કેહે રાણાજીને સાધુસંતનેપ્રેમેસેવેરે, નૃત્યકરીને હરીગુણગાય
મીર મન. ૧૨

પ્રેમ લક્ષણા ભક્તિસાર

સોનુંરૂપું પેહેરદેહનું શું શુધર્યુંરે, કાહાડી નાંખો એડાકરમાલ.
છાપાંતીલક કરી સાધુસંતમાં બેસે, આલ્યોપ્હેરો તુળશીનીમાળ
મીરાં મન: ૧૩

તમો પણ જાઓ શીદ સાસરેરે બાઈ, વૃથા વટાળો શાને દેહ:
મનગમતા મોહનવર સાથે તમો, સર્વ તજીને કરો પાકોસ્નેહ
મીરાં મન. ૧૪

વળી કેહજો તમારી માતાજીનેરે, વૃદ્ધ થયાંછે ગોવિંદગુણગાય;
હરીવીના કોટીદેવ સેવશો તોય, જન્મ મર્ણનો ફેરો નહિ જાય.
મીરાં મન. ૧૫

સુણી એમ છણકતીગાળા ખીજતીરે,આવીમ્હોચી બાંધવનીપાસ
ઓભાઈભાભીનેકહેકેથાઓવૈરગીસહુરે,મુકીંયોરાજ્યપાટસ્હત્રાસ
મીરાં મન. ૧૬

એવુ સુણીને આવ્યો રાણરાણાજીને, પ્રેર્યા સેવક મીરાંને સ્હવાસ
લાવે ખબર છેશા રંગમાંરે, કાંયુ કાંયુ બેઠું છે એની પાસ.
મીરાં. મન. ૧૭

અનુચરે આવી એમ કહ્યુ રે, નથી ત્રીજું માણુસ આવાર;
રાણીજી સાથે કોઇબીજો પુરૂષછેરે, ઘરમાં થઇરહ્યોછેવેઇવાર
મીરાં મન. ૧૮

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

સુંબુતરમાં રાંણોજીઆયારાતડારે, ખેંચીખડગ ધાયો તેણીવાર;
પેઠો મીરાંને મેહેલે એટલોરે, કોઈ આવેના ધાઇ દીધાં દ્વાર
મીરાં મન. ૧૯

આવી જોયું તો મીરાંએકલીરે, પ્રભુએએને ના દીધું દર્શન;
પુ છયું મીરાંને પેલોપુરૂષ કયાંછે, ત્હારેલાગ્યુંછે જેશુલગંન
મીરાં મન. ૨૦

કયાંછેપુછોછોશું રાંણા રોશમાંરે, તેતો સઘળે વસેછે ભરપુર;
ધ્યાનમાં જુવેજોગીને પ્રેમીપ્રત્યક્ષ દેખે, રહેછે દુષ્ટથકીણહુદૂર
મીરાં મન. ૨૧

કહાડીનાખોજીઆકલેશ કપટ સંગ, નિર્મળ કરો તમારૂમન;
પ્રેમ ભક્તિયે પરબ્રહ્મ ભજો તો, તમનેથાય તેમનાં દર્શન.
મીરાં મન. ૨૨

એવું સુણીનેઆગ લાગીઘણીરે, પણુકઇભાવન દયો ભુપ;
ક્રોધ કરીને રાસ વાપરેરે, એહેરે દીઠાં મીરાંનાં બે રૂપ.
મીરાં મન. ૨૩

તોય મુર્ખ સમજયો નહીરે, મન સાથે ના કર્યો વિચાર;
[illegible]ળું ખડગ એણે ખેંચીઉરે, ત્યારે હરીયેદેખાડીમીરાં ચાર.
મીરાં મન. ૨૪

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

ક્ષોભીશો પડયો રાણોપાછો ફર્યોરે, આવીપોહોચ્યોપોતાનેઘેર;
વિષનોપ્યાલો મીરાંનેમોકલ્યોરે, પીજોકહાવ્યુ રાણાયેઆંણીઝેર.
મીરાં મન. ૨૫

લીધો મીરાંયેમનમાંમગ્ન થઇરે, પ્રભુનેદેખાડી કર્યું વિશપાન;
અમ્રીત સરીખું થઇ ગયુંરે, એનેમાથેસમરથ ધણી ભગવાંન
મીરાં મન. ૨૬

ત્યાંથીમીરાંબાઇઆવ્યાંવંદ્રાવનમાંરે, પ્રેમેનીરખ્યા શ્રી વ્રજરાય,
શ્રી યમુનાજીનું પયપાંન કર્યુંરે, કરીજીવ ગોસાઇને સિક્ષાય.
મીરાં મન. ૨૭

હરીજંનજાણીમીરાંયેમળવાનુકહાવ્યું,તેણેકહાવ્યુંહુંનાજોઉસ્રીનુમુખ;
મીરાં કહે સારૂં થયું સવારૂં, મુજને પર પુરૂષજોયેથીદુઃખ.
મીરાં મન. ૨૮

આજ સુધીહુએમજાણતી હતીજે, વૃજમાં કૃષ્ણ પુરૂષછે એક;
વૃંદ્રાવનવસોહજી પુરૂષરહ્યા છો, તેમાં ધન્ય તમારો વિવેક.
મીરાં મન ૨૯

એહવુ સુણીને જ્ઞાન પામીઆરે, જીવગોસાઇમળ્યાસાંમાંસાઇ;
હળીમળીને હરીની વાત કરીને, આવ્યાં મેવાડ દેશમીરાંબાઇ
મીરાં મન. ૩૦

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

તેથી કરી ચાલ્યાં દ્વારકાં, પ્રેમે નિરખ્યાં શ્રી રણછોડ;
વાસ પુરીને પ્રભુની પાસે રહ્યાંસદા, પ્હોંચ્યા છે મનના કોડ.
મીરાં મન. ૩૧

પાછળથી પસ્તાવો રાંણાને થયોરે, ગયું ઊતરી મનનુ ઝેર;
મુખે માગે તે અપું તેહુને, જેકોઈ લાવે મનાવી મીરાંઘેર.
મીરાં મન. ૩૨

ઉપરા ઉપરી તેડાં મોકલ્યાંરે, આવીને લાગે સહુ પાય;
માજી પધારોને મેવાડ તેડેલાં, રાંણાજીતો અન્ન ન ખાય.
મીરાં મન. ૩૩

જ્યાંહાં લગી તમોરહેશો દ્વારકાંરે, ત્યાંસુધી કરશે અપવાસ;
આગ્રહ દેખી મીરાં રજા માગવાને, આવ્યાંશ્રીપ્રભુજીનીપાસ.
મીરાં મન. ૩૪

શ્રીહરીયે હકીકત સાંભળીરે, હસી ચાંપી હૃદયા સાથ
મીરાં શ્રીકૃષ્ણસ્વરૂપમાંસમાઈગયાંરે, જેજેબોલોશ્રીદ્વારીકાંનાથ
મીરાં મન. ૩૫

ચરીત્ર એ મીરાંબાઈનું જે કોઇ, શિખે સાંભળે ને ગાય;
પ્રેમ ભક્તિ તેને મળેરે, ત્રુઠે દયાનો પ્રીતમ વ્રજરાય.
મીરાં મન. ૩૬

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

પદ ૨૫

જે કોઇ પ્રેમી અંશ અવતરે, પ્રેમ રસ તેના ઉરમાં ઠરે;
સિંહણ કેરૂ દુધ હોય તે, સીંહના સુતને જરે;
કનક પાત્ર પાખે સહું ધાતુ, ફોડીને નીસરે, પ્રેમરસ. ૧
સોમવેલિ રસપાન શુદ્ધ જે, બ્રાહ્મણ હોય તે કરે,
વગર વંશિને વમન કરાવે, વેદ વાંચ્યા ઉચરે; પ્રેમરસ. ૨
સકર ખોરનુ સાકર જીવન, ખરના પ્રાંણજ હરે,
ખારા સિંધુનુ માછલડુ જેમ, મીઠા જળમાં મરે. પ્રેમરસ ૩
ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપી અર્થ ન સરે,
મત્સ્ય ભોગિ ગળેમુક્તાફળ, દેખિ ચુંચુના ભરે, પ્રમરસ. ૪
એમ કોટી સાધને પ્રેમ વિના, પુરૂષોત્તમ પુઠે ન ફરે,
દયા પ્રિતમ ગોવરધન ધણું, પ્રેમભક્તિયે ઠરે, પ્રેમરસ. ૫

પદ. ૨૬

શ્રીહરિ ભજતાં વીલંબના કરરે, હો લાડકડારે મનવા.
આરે સંસાર રૂપી ભવસાગરમાં, તુંતો રાંમ નૌકાથકિતરરે,
હોં લાડકડારે મનવા. ૧
લક્ષપતિ છત્રપતિ ભુપતિકહાવે, બેઠેસિંહાશનચમર ઢોળાવે;
પણ તું તો કાળચક્ર થકિ ડરરે, હો લાડકડારે મનવા. ૨

પ્રેમ લક્ષણા ભકિત સાર

આને ગુરૂ જ્ઞાન હૃદય વિચારી, તું તે પરનિંદા પરહરરે,
હો લાડકડા મનવા. ૩

આ સંસારકે કાંટાકેરી વાડી, તેમાં સમજી સમજી પાઊધરરે,
હો લાડકડા મનવા. ૪

દયાનો પ્રિતમપ્રભુશ્યામ સ્નેહી, તારા ચિત્તમાં ચિંતામણિધરરે,
હો લાડકડા મનવા. ૫

પદ. ૨૭

તું ભજ મન મેરે શ્રી ગોકુળચંદ્ર, ગોકુળચંદ્ર ગોપમચંદ્ર,
શ્રી વ્રજરાય કિશોરં; યશોમતિબાલં, મદન ગોપાળં,
ગોપીજન ચિતચોરં, તું ભજમન મેરે શ્રીગોકુળચંદ્રં ૧

વંદ્રાવનવાસી, રાસવિલાસી, નટવર નંદકુમારં, ગિરિવરધર્ણં,
ભક્ત્યાસણું મદનમ્હામદમારં, તું ભજમનમેરે શ્રીગોકુળચંદ્રં. ૨

મધુપુરી ભુપં, અકળ સ્વરૂપં, શર્ણાગત પ્રતિપાળં, રૂકમણિ
નાથં, શ્રુતિ ગુણગાતં, મ્હામતિ દિનદયાળં, તું ભજમનમેરે
શ્રી ગોકુળચંદ્ર. ૩

રાધારમણું, જગતસ્તવનં, સર્વેશ્વર શ્રુતિસારં, આત્મારામં, પુરણ
કામં, દયારામ ઉરહારં, તુ ભજ મનમેરે શ્રી ગોકુળચંદ્રં. ૪

પ્રેમ લક્ષણા ભકિત સાર

પદ. ૨૮ રાગ સોરઠ.

રટશ્રીરાધા, રાધાવર ગિરિધારી, શ્રીપુર્ણ પ્રેમધરી,
પ્રમાદદુરકરી, આસન્યકયાંથી ફરી, હેવું મનધારીધારી, રટ.
પાપચતુરવિધિપલકમાંપળાશે,ત્રિવિધીતાપતુર્તભસ્મીભુતથાશે
અક્ષય પર્માનંદ સિંધુ ઉરંભરાશે, તેવિનાજ્ઞાંન, ધ્યાનધર્મ,
દાંનકર્મ, તપને ધર્મ, તિર્થસર્મ, સ્થિતિકર્મ, અભીદવર્મ,
વસ્તુગમ,દહેમર્મ,ભક્તનર્મ,પ્રાપ્તિપર્મ,શ્રુતિપોકારીપોકારીરટ.
અતિચાટગે કૃતાર્થ પખાયે, ભુકાભાગ અંકઅટન પગુલુસાયે.
મંદવંદ્રાવનમાં તું પસંસાચે, માંટચેત, સ્વલ્પકાળ, ગાગોપાળ,
નંદબાળ;દિનદયાળ, પ્રણતપાળ. કંસકાળ, મ્હાકૃપાળ, રૂપરસાળ,
શ્રીરનમાળ, હર્ષભાલ, કષ્ટહારીહારી, રટશ્રીરાધા, ॥ ૨ ॥
શેષશંકરએજનાંમરટે,પળનભુલે.ઉમા પાર્વતિમનમનનકરીકુલે,
નારદાદિક મુનિ આનંદ ડોલ ઝુલે, વળિ ચતુર સનત કુમાર,
નિગમચાર. શ્રૃષ્ટિકાર, ગિરિધાર, સુકશુધ્યાર, ધીશ્રીગાર,
ધનગાર, ભુવંભાર વિદ્યાધર, સુરસર્દાર, શ્રીમુખકારાકારી, રટશ્રી
વણુ પ્રયાસ મન પ્રપંચ મોહ ત્યાગે, ધર્મ અર્થ કામ
મોક્ષ રૂક્ષ લાગે, એવી પ્રેમભકિતસ્હેજહુદયજાગે, તદ
ઉપરાંત નિત્યરાસ, જુગ વિલાસ, શ્રીઅવિનાસ, આનંદરાસ,

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

કેશીદાસ જ્યાંહાં પ્રકાશ, ત્યાંહાં નિવાસ, અન્યાચાસ, નિપટ પાસ, દયોલાસ, કરે વિહારી વિહારો, રઠશ્રી રાધા, ॥ ૪ ॥

પદ. ૨૯

સાચુ તે સગપણુરે, સમજ મન શ્યામ તણું,
બાકી સઉ જુઠુરે, કશુ નથી કામ તણું. ટેક

માત તાત ભ્રાતને ભગની, સગાં સહોદર સોય;
કુળ કુટુંબ સાખા ગોત્રને જ્ઞાતી, એમાં ત્હારૂં તો છેનહીકોય,
સગું એતો સર્વેરે, સુખને દામ તણું, સાચું ૧

જનુની જનકએવાં તેંકર્યાં કેટલાં, તે ત્હારી ધરીજેટલીદેહ,
લ્હેણા દેણાનો સબંધ તુટયો ત્યારે, ભુલી ગયાં સર્વે તેહ;
તેમાં કોઇયે ના બતાવ્યૂરે, ઠેકાણું વિસરાંમ તણું, સાચુ ૨

જોતું શ્રીહરીવિના હેતધરીને, કોણ આપેઆ મનુષ્યઅવતાર,
પશુ પક્ષીઓકેઉને આપ્યો, તનેશ્રીહરિનાભજનતણો અધિકાર
જે ભજે ત્હેને આપેરે, પદ નિજ ધામ તણું, સાચુ ૩

અણું આશકતી કંઇનરાખીશ, માયા મનથી છોડ, નિશ્ચિંતથઇસઉ શોક તજીને, પ્રીત પ્રભુજી શું જોડ,
દયા દિન રજનીરે, રટણકર શ્રી રામ તણું, સાચુ ૪

.પ્રેમ લક્ષણા ભક્તિ સાર

પદ. ૩૦

હ્રુદે આરૂપ રંગીલુ રાખો, શ્રીકૃષ્ણ નામ અતન મુખ ભાખો.
મોર મુગુટ ઢળકતોસિર સોભે, મકરાકૃત કુંડળ મન લોભે,
તિલકસુંકેસર,નાસિકાસુખેસ્વર, કોટિચંદ્રમર્દન,મંદચંદનવનિત,
સહન સુધા રૂપરસીક ચાખો હ્રુદે— ૧
પીતાંમ્બર રસના કટિ બિરાજે, ભુજ અંગદ કર કંકણ,
મુદ્રિકા નેપુર પદ તળ, સુલક્ષણ, ખટ દશશીત્ર શીમ,
સદા હ્રુદે જોવું દ્રષ્ણીઆંખો, હ્રુદે ૨
નટવર નાગરલલિત ત્રિભંગી, મદન મોહન રસિક રાગરંગી,
ગુંજેલઉછ પીછકૃતવસંતછેલ, અલબેલામંદસ્મિતકુટીલક્ષણા,
કમળ નયન મધુરી મોર્લી ગાન વિશ્વ શાખો, હ્રુદે ૩
સર્વેશ્વર સર્વાત્મક સ્વામી, આત્મારામ સ્વયંભૂ અંતર્યામી,
કોટિ બ્રહ્માંડ થકી અવતારી, તેદયા તુજપ્રીતમપ્રાંણ ધ્યાંન,
ભાગ્ય તંન મન ધંન વારી વારી નાંખો, હ્રુદે ૪

પદ. ૩૧ શ્રી યમુનાંજીનુ સ્તવન. સ્તોત્ર.

દુઃસ્વભાવથી જીતાડોને દુરમતિ ટાળો માંજી,
શ્રી ગોપી જન વલ્લભ અતિ વલ્લભમને કરો શ્રી યમુનાંજી,

પ્રેમ લક્ષણા ભકિત સાર.

અખંડ અણુપાયથી આપોમા, સુદૃઢ ભકિત પ્રેમ ભકિત;
પ્રપંચ વિસ્મૃતિ પુર્વક દોમા, શ્રી કૃષ્ણમાં આશકિત,
માનસી શેવામુખ્ય વ્યસંન દોમા, સણુગિતની સાચી,
શ્રી કૃષ્ણ કૃપાચે તમે દો દિનતા, નહિ કિંચિંતસર કાચી,
દૃઢ આશ્રય શ્રી વલ્લભ વરનો, અહનિશ ગુણ ગાઉ,
સતત રહે શ્રી કૃષ્ણ નામ મુખ દુઃખી ન થાઉ;
આપ સમાગમથી મા, સકળ સિદ્ધિ દો શ્રી ગંગાજી,
શ્રી ગોપીજન વલ્લભ, અતિવલ્લભ મને કરો શ્રી યમુનાંજી. ૧
કામ ક્રોધ મદ લોભ મોહ મત્સર કરો દુર,
જે શ્રીકૃષ્ણ મીલનમાં અંતરાય તેને કરો ચકચુર;
અસુર દુષ્ટ કળિકાળ કર્મ પ્રતિ બંધ ભય ટાળો,
કુતર્ક કુભાવ કુવાસના કુત્સિત કૃતિ ઝટ બાળો;
કુસંગ દોષ મને જળ પંકજ પ્રમાણ નવ લાગે;
બળી બીભીષન, પ્રલ્હાદની પેઠે ભય પામી ભાગે,
કરો કૃપા એવી મહારા પર બર્ડ બળે થઇ રાજી,
શ્રી ગોપીજન વલ્લભ, અતિ વલ્લભ મનેકરો શ્રીયમુનાંજી. ૨
મારી ચુર્ણ કરો સહુ ચિંતા જન્મ મરણનો ભય કાપી,
માયાને મોહ થકી મુકાવો નિજાનંદ આપી,

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

સાધન ધર્મનુ કીંચિંત છે અનુચિત કૃશિ તન મનની,
સેવાને સ્મરણ તમારૂં કરવા અસક્ય છું જનની,
હું જેવો તેવો દાસનો અપરાધ ક્ષમા કરો મા,
કુપુત્ર તો કદિ હોય પણ કુમાતા કદાપિ ન થાય,
શર્ણું પડયો સંતાપ હરોં વિનતિ કરૂ છું ઝાઝી,
શ્રી ગોપીજન વલ્લભ અતિવલ્લભ મને કરો શ્રી યમુનાંજી. ૩

તુર્ય પ્રિયા શ્રીકૃષ્ણ વલ્લભાય સુને જગમાતા,
નર્ક નિવાર્ણી યમભય હર્ણી, ભય તાર્ણિ ક્ષાતા.
સ્વભાવ દુર્જય વિજય કર્ણી, નિજ દાસ દુઃખ હર્ણી,
સકળ પાપ સંતાપ નિવાર્ણી, અતિ અદ્દભૂત કર્ણી;
શ્રીમદ્ વલ્લભ શર્ણાંગતાદ્રિડ મ્હારી પૂર્ણ કરોને તૃષ્ણા
જુગલ રૂપ મમ હ્રદે વસાવો કૃપા કરી શ્રીકૃષ્ણા,
દાસ દયાને કહો સૂત મ્હારો શ્રીમુખ સુકૃત ગાજી,
શ્રી ગોપીજન વલ્લભ અતિ વલ્લભ મને કરો શ્રીયમુનાંજી. ૪

પદ. ૩૨ મન પ્રબોધ કક્કો.

કક્કા કોટી કારજ છાંડીનેરે, ભજીલો શ્રી કૃષ્ણ કૃપાળ;
નહિતો પાછળ પસ્તાવોથશેરે, આવી જશેઅચાનક કાળ. ૧

પ્રેમ લક્ષણા ભકિતં સાર

ખખ્ખા ખોટું સહુ શ્રીહરીવિનારે,આદેમધ્યે અંતે દુઃખરૂપ;
અનુભવીવાતકહું છું હુણરીરે,માટેસમરણ કરોશ્રી શ્યામસ્વરૂપ ૨
ગગ્ગા ગુરૂ હરિ હરિજન એક છેરે, રખેનખો મનમાં ભ્રાંત;
સેવો સાચાસ્નેહેવિવેકશુંરે, સર્વે શાસ્ત્રોનું એજ સિદ્ધાંત. ૩
ઘઘ્ઘા ઘડી લાખેણી જાયછેરે, જોતું જાણી શકે તો જાણ;
શ્રીહરિ ભજવાનોઅવસરનહિમળેરે,ફરી થાશે મોટીહાંણ. ૪
નન્ના નિર્ભય પદ નંદલાલનુંરે, એ થકી સર્વે ઓછુ જાણ;
પક્ષ રાખીને વચન વદતોનથીરે, મનેમાતપિતાની આણ. ૫
ચચ્ચા ચતુર તુને ત્યારે કહુંરે,ચિત્તને ચર્ણે ચતુર્ભુજ રાખ;
નિત્યસેવા સ્મરણસંતસંગમાંરે, રહી શ્રીકૃષ્ણકૃષ્ણ તું ભાખ. ૬
છછ્છા છેલ છબીલા લાલશુંરે, શાને જોડે સાચી પ્રીત
કરવાનું કાંઇપછી ત્હારેનથી, ત્હારી સર્વે વાતે થશે જીત. ૭
જજ્જાજગજીવન જાણ્યાનથીરે, જાણ્યું સર્વે તોયે તું અજાણ;
પ્રેમેપુરૂષોત્તમપૂજ્યાવિનારે, થયોપંડીતપણ નહિ કલ્યાંણ. ૮
ઝઝ્ઝા ઝટપટકરીશ્રીહરિ ગુણગાઇલેરે, ફરીમળવાનો નથીઆદીન;
રંકને લંકાંમળીજયેમ લુટવારે, ત્યેમતને મળ્યુછેએધન્ય. ૯
ટટ્ટાટોપી તિલકમાળા ધરીરે, તોય તજ્યો નહી કપટ કુટેવ;
વૈષ્ણવવેશધરીવાહયોવિસ્વનેરે,પણક્ષણુંકરીનહિશ્રીહરિસેવ. ૧૦

પ્રેમ લક્ષણા ભકિત સાર

ઢઢ્ઢા ઢાલાં થોથાં સંસારનાંરે, કુટે કાંઇ નહી આવે પાર;
અમુલ્ય અવસર એળેજાયછેરે, વ્હેલોભજીલે શ્રીનંદકુમાર ૧૧
ડડ્ડા ડાહ્યો થઇ ઠગો સંસારમાંરે, તેણે શું સરૂ તારૂં કામ;
મારખાતાં મ્હાડું ભાગીજશેરે, માટેભજીલેશ્રીસુંદર શ્યામ. ૧૨
ઢઢ્ઢા શું ઢબકેછેશ્રીહરિગુણગાઇલેરે, કયાંલગીઢબકીશતું આઠોર;
ધાકયા જે ભકિતરતને ગુડતાંરે, તોયતું તોનથાકશો નઠોર. ૧૩
રેણા રાજ્યપાટ ઘણાં ભોગવ્યાંરે, ઘણાં ભોગવ્યાં નર્કનાં દુઃખ;
જાણુંતોબાકીકાંઇરહ્યાનથીરે, હવેતોશ્રીહરિભજીલેતનેથાયસુખ ૧૪
તત્તા તું તહારૂં ચેતાનહીરે, શીખ્યો સર્વે અવરને કાજ;
મુખથી જ્ઞાન બતાવે અન્યનેરે, તારામાંછેઅંધારૂંઘણુંઆજ ૧૫
થથ્થા સ્થાવર જંગમ સર્વમાંરે, જાણીલેતું શ્રીહરિનો અંસ;
મનક્રમ વચને બધ્યાસઉપરધરોરે, રખેકરતાકોઇનો ધ્વંસ. ૧૬
દદ્દા દોષરાખે નિજમાં દહોરે, જાણો રહામામાંછે સવશુદ્ધ;
અન્યનો અંતર ગુણુનાંગ્રહિયેરે, એછે ભગવંતની બુદ્ધ. ૧૭
ધધ્ધા ધિકધિક ધન્ય ઠગ જનજોરે, ધિક વિદ્યા ધિકસ્સાંધામ;
સરીરસુધ્ધતાધિકવૈભવસહુરે, ત્હારાંજોનભજયાશ્રીઘનશ્યામ ૧૮
પપ્પા પોથાંભણીપંડીત થયોરે, ઘણું પૂજાયોજગની માંહ્ય;
જગન્નાથપુજયનેતેં પૂજ્યાનહિંરે, ત્યારેતારૂંઠેકાણુંપડશેકયાંય. ૧૯

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

ફફફા ફેરો પડયો મનુષ્યઅવતારનો રે, જયારે તેં ગાયા નહીં ગોવિંદ;
ત્હારો ગયો જન્મ દુર્લભ દેહ મનુષ્યનો રે, ત્હારૂં ઉંધુ થયું કર્મ મતિમંદ. ૨૦

બબબા બાપ ત્હારો છે શ્રી ત્રિભુવનપતિ રે, જેહને ઘેર ત્રિલોકનું છે રાજ,
પૂત્રપણું જણાવિને જો સેવો પિતા રે, તો વિના શ્રમે સર્યાં રૂડું કાજ. ૨૧
ભભભા ભક્તિ કરે શ્રી ભગવાનની રે, તેનું ધન્યભાગ્ય થાય ભવમાંય;
ઇશ અનંત કોટી બ્રહ્માંડના રે, સદા રહે ભક્તિ જન હૈયાં ત્યાંય. ૨૨

મમ્મા મ્હોટામાં મ્હોટું જાણો રે, કળીમાં છે શ્રીકૃષ્ણનું નામ;
સાધન સર્વે તણું છે શીરોમણી રે, શ્રમ વિના મળે શ્રી ઘનશ્યામ. ૨૩

યયા યત્ને પ્રયત્ને નાશજો રે, તમે દુષ્ટ સંગથી દુર,
શ્રી હરીનો ભાવભક્તિ ભુલાવશે રે, ક્ષણમાં ચાવી કરશે ચકચુર. ૨૪
રરરા રસિક શિરોમણી શ્યામશું રે, તને લાગેજો સાચો રંગ,
રહે જે સર્વે સુખ આવી મળે રે, ત્હારૂં દુઃખ સર્વે થાયે ભંગ. ૨૫

લલલા લોક તથા પરલોકમાં રે, સુખ શ્રી હરિ સમરથી થાય;
શ્રીકૃષ્ણકૃપા વિના કાંઇ ન બને રે, બીજા કરિયે કોટી ઉપાય. ૨૬
વવવા વાત સિદ્ધાંતની સુણો કહું રે, જાણો સઉથી વડો વિશ્વાસ;
દ્રઢ વિશ્વાસ જેહનો શ્રી હરી ઉપર થયો રે, તેનો શિરોમણી શ્રી હરિદાસ ૨૭
સસસા સાર સર્વનો એજ છે રે, સર્વે સાચો સદા સતસંગ;
નીચ નાર અંતી નગરને ગલી તણું રે, જુઓ ગંગા મળેથી થાય ગંગ ૨૮

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

હહહા હાથ ધરીશપાછળથીરે, નિશ્ચે પળપળગ્રાસતાપ્રસ
પગેલાગીકહુ પાલવપાથરીરે, તમે ભજીલ્યો શ્રી અવિનાશ. ૨૯
અમ્મા તનેઅનેકવાતની એકજકહુરે, જેથી થાય અતી આનંદ;
કોઇપ્રાણીને કલ્પાવીશનહીરે, નિશદિન ગાજેતું ગોવીંદ. ૩૦
છે કકકો અલૌકિકમનપ્રએધનોરે, જેકોઇ સીખેપ્રાંમગેને ગાય;
કહેકેશ્ચોદાસશ્રીવલ્લભદેવનોરે, તેનાંસર્વકાર્યસિદ્ધ થાય. ૩૧

પદ. ૩૩ ગોપીઓના પ્રેમની પરીક્ષા

ઓધવજીછે અલગીરે, વાત એક પ્રેમ તણી;
કોઇ અનુભવી જાણેરે, કહેતાં તો ન આવે બણી. ॥ ૧ ॥
પ્રસુતીની પીડારે, વંઝા તે શુ જાણે;
જાણ્યુ કયમ આવેરે, માંણ્યા ના પ્રમાંણે. ॥ ૨ ॥
મુગે સાકર ખાધીરે, ગુગાને સ્વપ્ન થયું;
તે તો તેનુ મન જાણેરે, બીજાને ન જાય કહ્યું. ॥ ૩ ॥
ઘાયલના દુખનેરે, કાયર તે શું પ્રીછે;
અજ્ઞાની લ્હેનહીરે, રતીની ગતી શી છે. ॥ ૪ ॥
નીમ સર્વે નાસેરે, જ્યારે મંન પ્રેમ વ્યાપે;
નિદ્રા જેને આવીરે, તે ઉતર કયમ આપે. ॥ ૫ ॥

પ્રેમ લક્ષણા ભક્તિ સાર

આશક તો સુખમાંરે, રૂપ ગુણ શા દેખે;
જેવું ત્હેને ગમેરે, બીજા તેવું ન કરે. ॥ ૬ ॥
જેનું ચિત જ્યાં ચોટ્યુંરે, તેને તેથી સુખ થાય;
